CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૪ શુક્રવાર, તા.૧૨-૦૪-૨૦૨૪ અંક : ૨૫૪ વર્ષ : ૧૮ email :rajkot@aaspassindia.com કિંમત રૂ. ૨-૫૦ પાના - ૮

# માલદીવ ઘૂંટણિયે : પ્રવાસીઓને આકર્ષવા ભારતમાં કરશે રોડ શો

## માલદીવ એસો. ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે ચર્ચા કરી



નવીદિલ્હી,
માલદીવમાં ભારતીય પ્રવાસીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. માલદીવ એસોસિયેશન ઓફ ટ્રાવેલ એજન્ટ્સ એન્ડ ટુર ઓપરેટર્સે અહીં ભારતીય હાઈ કમિશનર મુનુ મહાવર સાથે બંને દેશો વચ્ચે પ્રવાસ અને પ્રવાસન સહયોગ વધારવા પર ચર્ચા કરી હતી.

૬ જાન્યુઆરીએ વડાપ્રધાન મોદીએ તેમના ઠ હેન્ડલ પર ભારતના પશ્ચિમ કિનારે આવેલા પ્રાચીન લક્ષદ્વીપ ટાપુઓની તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા હતા. જે બાદ માલદીવ તરફથી સોશિયલ મીડિયા પર ભારત અને વડાપ્રધાન મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ કરવામાં આવી હતી. વિવાદ બાદ દેશની અનેક પ્રખ્યાત હસ્તીઓ સહિત કરોડો ભારતીયોએ પોતાનું રિઝર્વેશન કેન્સલ કરીને માલદીવ જવાનો પ્લાન રદ કર્યો છે. પ્રવાસન ડેટા દર્શાવે છે કે, ટોચના પ્રવાસી દેશ હોવાના કારણે ભારતનું સ્થાન જાન્યુઆરીથી ઘટીને પાંચમા સ્થાને અને હવે છઠ્ઠા સ્થાને આવી ગયું છે.

માલદીવના પર્યટન મંત્રાલયના ડેટા અનુસાર આ વર્ષે ૧૦ એપ્રિલ સુધી, કુલ ૬,૬૩,૨૬૯ પ્રવાસીઓના આગમનમાંથી, ચીન ૭૧,૯૯૫ સાથે ટોચ પર છે, ત્યારબાદ યુનાઈટેડ કિંગડમ, રશિયા, ઈટાલી, જર્મની અને ભારત છે. મીડિયા અહેવાલો અનુસારભારતીય હાઈ કમિશનમાં આયોજિત મીટિંગમાં ચર્ચા કર્યા પછી MATATOએ એક નિવેદનમાં કહ્યું કે, તેઓએ પ્રવાસન પહેલને પ્રોત્સાહન આપવા માટે માલદીવમાં ભારતીય હાઈ કમિશન સાથે નજીકથી સહયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો છે.MATATOના નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે, મુખ્ય ભારતીય શહેરોમાં વ્યાપક રોડ શો શરૂ કરવા અને માલદીવમાં આગામી મહિનાઓમાં પ્રભાવશાળી અને મુસાફરીના અનુભવોની સુવિધા આપવા માટેની યોજનાઓ ચાલી રહી છે.

## ૬૦ ફૂટ ઊંડા દરિયામાં મતદાન પ્રક્રિયાનું નિદર્શન




ભારતીય ચૂંટણી પંચ ચૂંટણીમાં મતદારોને જાગૃત કરવા માટે સતત ઝુંબેશ ચલાવી રહ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પ્રથમ તબક્કાનું મતદાન ૧૯ એપ્રિલે થવાનું છે તેથી મતદારોને જાગૃત કરવા તેમણે અનોખી પહેલ કરી છે. ચેન્નાઈમાં સ્કુબા ડાઈવર્સે દરિયામાં ૬૦ ફૂટની ઊંડાઈમાં જઈને પાણીમાં મતદાન પ્રક્રિયા હાથ ધરી હતી. 'હું ભારત છું, ભારત મારામાં છે' વિડિયોમાં જાગૃતિ ગીત પણ વાગે છે. આ વીડિયોને સોશિયલ મીડિયા પર ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.

# પહેલી ચૂંટણી જ્યાંથી લડ્યા ત્યાંથી પીએમ મોદી ગુજરાતમાં પ્રચારના કરશે શ્રીગણેશ?

## રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન મોદીની પ્રચારસભા



અમદાવાદ,
રાજ્યમાં લોકસભા ચૂંટણી માટે નેતાઓ અને કાર્યકરો સજ્જ થઈ રહ્યા છે ત્યારે લોકસભા ચૂંટણીમાં ગુજરાતને ગજવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઝંઝાવાતી પ્રચારની પણ પુરજોશમાં તૈયારીઓ થઈ રહી છે. રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સભા યોજવાની તૈયારીઓ ભાજપ દ્વારા શરુ કરી દેવાઈ છે.

આગામી લોકસભા ચૂંટણીમાં ગુજરાતમાં વડાપ્રધાન મોદી ઝંઝાવાતી પ્રચાર કરશે. રાજ્યના ચારેય ઝોનમાં વડાપ્રધાન મોદીની પ્રચારસભા યોજવા માટેની ભાજપ દ્વારા તૈયારીઓ કરી લેવાઈ છે.

# AAP સાંસદ સંજય સિંહને જામીન મળ્યા જ ને...

## રાજનાથ સિંહે એજન્સીઓનો દુરુપયોગ કરવાના વિપક્ષના આરોપનો જવાબ આપ્યો




નવીદિલ્હી,
રક્ષા મંત્રી રાજનાથ સિંહે એજન્સીઓનો દુરુપયોગ કરવાના વિપક્ષના આરોપનો જવાબ આપ્યો છે. તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે અદાલતે AAPના બધા જ નેતાઓને રાહત કેમ ના આપી. વિપક્ષ સતત કેન્દ્રની ભાજપ સરકાર પર દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની ધરપકડ કરવા એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યો છે.

એક ઈન્ટરવ્યુમાં રાજનાથ સિંહે વિપક્ષ પર દેશની જનતાને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું, "જો એ સ્વીકારી લેવામાં આવે કે અમારી સરકારના કારણે અરવિંદ કેજરીવાલ જેલમાં ગયા, પરંતુ તેમને રાહત કેમ નથી મળી રહી? શું અમે કોર્ટ પર પણ નિયંત્રણ મેળવી લીધું છે? આ લોકો શું કહેવાનો પ્રયાસ કરી રહ્યા છે?"

રાજનાથ સિંહે કહ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઈ અને ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટ પોતાનું કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે જો વિપક્ષને લાગે છે કે તેમના નેતાઓને પાયાવિહોણા આરોપોમાં જેલમાં મોકલવામાં આવી રહ્યા છે, તો તેમને કોર્ટમાંથી રક્ષણ મળી શકે છે. રાજનાથ સિંહે કહ્યું કે જો AAP નેતા સંજય સિંહને જામીન મળી શકે છે તો અન્ય નેતાઓને કેમ નહીં?

# રાજ્યની ૨૬ લોકસભા અને ૫ વિધાનસભાની બેઠક માટે આજથી નામાંકનની પ્રકિયા શરૂ

## ૭ મેના રોજ મતદાન યોજાશે, પરિણામો ૪ જૂને

ગાંધીનગર,
ગુજરાતમાં લોકસભા ચૂંટણીનું જાહેરનામુ ૧૨મી એપ્રિલે બહાર પડશે અને આજથી ઉમેદવારીપત્રો ભરવાની પ્રક્રિયા શરૂ થશે, ઉમેદવારીપત્રાની ચકાસણીથી લઈ પરત ખેંચવા સહિતની પ્રક્રિયા ૨૨મી એપ્રિલ સુધી ચાલશે.રાજ્યમાં ૨૬ લોકસભા બેઠક અને ૫ વિધાનસભાની બેઠક માટે ઉમેદવારી પત્રક ભરાશે. ઉમેદવારી પત્રકો ભરવાનો અંતિમ દિવસ ૧૯ એપ્રિલ રહેશે.

ઉમેદવારી ફોર્મ ભરતી વખતે ચૂંટણી અધિકારીની ચેમ્બરમાં ઉમેદવાર ઉપરાંત વધુમાં વધુ ચાર વ્યક્તિઓ હાજર રહી શકશે. જેમાં તેમના ટેકેદાર અને પ્રસ્તાવકર્તાઓનો પણ સમાવેશ થાય છે. જો કંકાસનો મુદ્દો ઉપસ્થિત થાય તો ઉમેદવાર સાથે ઉમેદવારીપત્ર ભરવા આવતા વાહનોનો ખર્ચ પણ ઉમેદવારના ખર્ચમાં ગણવામાં આવશે. ૧૯મી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. તે પછી ઉમેદવારીપત્રોની ચકાસણી અને ઉમેદવારી પાછી ખેંચવાની પ્રક્રિયા રહેશે. દેશભરમાં લોકસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. આ સાથે જ ગુજરાતની ૨૬ લોકસભા સીટ અને પાંચ વિધાનસભા બેઠકની ચૂંટણીની જાહેરાત પણ કરવામાં આવી છે.

# દોઢ મહિનામાં વડાપ્રધાન મોદી જમ્મુ-કાશ્મીરની ત્રીજી વખત મુલાકાતે

## પ્રથમ તબક્કામાં ઉધમપુર લોકસભા ક્ષેત્રમાં ૧૯ એપ્રિલે મતદાન

ઉધમપુર,
લોકસભા ચૂંટણીમાં ભવ્ય વિજય મેળવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે જમ્મુ-કાશ્મીરના ઉધમપુરમાં ચૂંટણી પ્રચાર કરશે. ઉધમપુરમાં વડાપ્રધાન રેલી યોજશે આ અનુસંધાને તેમની સુરક્ષા માટે ચુસ્ત બંદોબસ્ત, ડ્રોન ઉડાવવા પર પ્રતિબંધ સહિત કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહ માટે પ્રચાર પ્રસાર કરશે. જીતેન્દ્ર સિંહ પ્રથમ તબક્કાની ચૂંટણીમાં જમ્મુ-કાશ્મીરની ઉધમપુર લોકસભા બેઠકથી સતત ત્રીજી વખત ફરી ચૂંટણી લડી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે દોઢ મહિનામાં વડાપ્રધાન મોદી જમ્મુ-કાશ્મીરની ત્રીજી વખત મુલાકાતે છે. તેમણે ૨૦ ફેબ્રુઆરી અને ૭ માર્ચે જમ્મુ અને શ્રીનગર શહેરોમાં વિશાળ રેલીઓને સંબોધિત કરી હતી જયારે અનેક વિકાસ પ્રોજેક્ટોનું ઉદ્ઘાટન કર્યું હતું. લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ઉધમપુર લોકસભા ક્ષેત્રમાં ૧૯ એપ્રિલે મતદાન થશે.

# લાલુની પુત્રી મીસાએ કહ્યું, અમારી સરકાર આવશે તો મોદી જેલમાં હશે

## ચૂંટણી રેલી દરમિયાન બીજી વખત આ વાત કહી

પટણા,
આરજેડી સુપ્રીમો લાલુ યાદવની પુત્રી મીસા ભારતીએ કહ્યું - જો અમને જનતાના આશીર્વાદ મળશે અને અમારી સરકાર આવશે, તો પીએમ મોદી સહિત ભાજપના ઘણા નેતાઓ જેલમાં હશે. તેના પર ડેપ્યુટી સીએમ વિજય સિન્હાએ કહ્યું- કોણ જેલમાં છે, કોણ જામીન પર છે અને કોણ જેલમાં જશે, દરેકનો હિસાબ ચૂંટણી પછી થશે.

મીસા ભારતી પાટલીપુત્ર લોકસભા સીટથી આરજેડીની ટિકિટ પર ચૂંટણી લડી રહી છે. પીએમ મોદીના જેલ જવા અંગે તેઓ બે વખત નિવેદન આપી ચૂક્યા છે. એક ન્યૂઝ ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં તેમણે પહેલીવાર આ નિવેદન આપ્યું હતું. આ સાથે જ તેમણે ચૂંટણી રેલી દરમિયાન બીજી વખત આ વાત કહી.

# કેજરીવાલના PA બિભવ કુમાર બરતરફ

## ૨૦૦૭ના કેસમાં દિલ્હી વિજિલન્સની કાર્યવાહી



નવીદિલ્હી,
દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલના અંગત સચિવ બિભવ કુમારને દિલ્હી વિજિલન્સ ડિરેક્ટોરેટ દ્વારા બરતરફ કરવામાં આવ્યા છે. સ્પેશિયલ સેક્રેટરી, વિજિલન્સ વાયવીવીજે રાજશેખરે ૧૦ એપ્રિલના રોજ પસાર કરેલા આદેશમાં બિભવ કુમાર વિરુદ્ધ ૨૦૦૭ના પેન્ડિંગ કેસને ટાંક્યો હતો, જેમાં તેમના પર સરકારી કામમાં અવરોધ લાવવાનો આરોપ હતો. આદેશમાં બિભવ કુમારની નિમણૂક તાત્કાલિક અસરથી સમાપ્ત કરવામાં આવી છે. જો કે, આમ આદમી પાર્ટીની લિગલ ટીમ બિભવની બરતરફી સામે સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની યોજના બનાવી રહી છે. લિગલ ટીમ આ આદેશને કયા કારણોસર પડકારી શકે છે તેના પર વિચાર કરી રહી છે.

# કે. કવિતાને કોર્ટમાં આજે રજુ કરશે સીબીઆઈ

## રિમાન્ડ માટેની કરવામાં આવશે માંગણી

નવીદિલ્હી,
દિલ્હી લિકર પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં CBIએ ગુરુવારે BRS નેતા કે. કવિતાની તિહારમાં ધરપકડ કરી છે. કવિતા ૨૬ માર્ચથી તિહારમાં બંધ છે. ઝ્રમ્ૈં કવિતાને શુક્રવારે રિમાન્ડ મેળવવા માટે કોર્ટમાં રજૂ કરશે.

રિમાન્ડ મળવા પર કવિતાને સીબીઆઈ હેડક્વાર્ટર લઈ જવામાં આવશે, જ્યાં એન્ટી કરપ્શન બ્રાન્ચની ટીમ તેની પૂછપરછ કરશે. અગાઉ સીબીઆઈએ દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટની પરવાનગી લઈને ૬ એપ્રિલે તિહાર જઈને કવિતાની પૂછપરછ કરી હતી. કે કવિતાને સહ-આરોપી બૂચી બાબુના ફોનમાંથી મળી આવેલી વોટ્સએપ ચેટ્સ અને જમીનના સોદા સંબંધિત દસ્તાવેજો વિશે પૂછપરછ કરવામાં આવી હતી. આરોપ છે કે જમીનના સોદા બાદ આમ આદમી પાર્ટીને ૧૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા હતા.

# હોસ્પિટલો સબસીડી પર જમીન લે છે પરંતુ ગરીબો માટે પથારીઓ રાખતી નથી : સુપ્રીમ

**૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, કહે છે - પરંતુ આવું થતું નથી**



નવીદિલ્હી,
સરકાર પાસેથી સબસિડી પર જમીન સંપાદન કરીને બનાવવામાં આવતી ખાનગી હોસ્પિટલો પર સુપ્રીમ કોર્ટે તીખી ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે આ હોસ્પિટલો સબસિડી પર જમીન લે છે અને ઈમારતો બનાવે છે, પરંતુ પછી ગરીબો માટે બેડ અનામત રાખવાનું વચન પૂરું કરતી નથી. જસ્ટિસ સુધાંશુ ધુલિયા અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલે આંખના રોગોની સારવાર માટે દેશભરમાં એકસમાન દરો નક્કી કરવાને પડકારતી અરજી પર આ વાત કહી હતી.

કોર્ટે કહ્યું, 'જયારે આ તમામ ખાનગી હોસ્પિટલોને સબસિડી પર જમીન લેવાની હોય છે, ત્યારે તેઓ કહે છે કે તેઓ ઓછામાં ઓછા ૨૫ ટકા બેડ ગરીબો માટે અનામત રાખશે, પરંતુ આવું ક્યારેય થતું નથી. અમે આ ઘણી વખત જોયું છે.' હકીકતમાં, સરકારે સમગ્ર દેશમાં આંખના રોગોની સારવાર માટે એક સમાન દર નક્કી કરવાનો નિર્ણય કર્યો છે. ઓલ ઈન્ડિયા ઓપ્થેલ્મોલોજિકલ સોસાયટી વતી કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે નિષ્ણાતોના દર એક સરખા ન હોઈ શકે. સોસાયટીએ કહ્યું કે મેટ્રો શહેરો અને દૂરના ગામડાઓમાં સમાન દર હોઈ શકે નહીં. વરિષ્ઠ એડવોકેટ મુકુલ રોહતગી અને એડવોકેટ બી. સમાજનું પ્રતિનિધિત્વ કરતા વિજયલક્ષ્મીએ કહ્યું કે સરકારનો આ નિર્ણય યોગ્ય નથી. દરેક જગ્યાએ ફીમાં એકરૂપતા નથી.કોર્ટે આ મામલે કેન્દ્ર સરકારનો અભિપ્રાય લેવા માટે નોટિસ જારી કરી છે અને આગામી સુનાવણી માટે ૧૭ એપ્રિલની તારીખ નક્કી કરી છે. કોર્ટે કહ્યું કે આ કેસની વ્યાપક અસર થશે. જસ્ટિસ ધુલિયાએ કહ્યું, 'આખરે તમે આ નીતિને કેવી રીતે પડકારી શકો?

CMYK CMYK

# અમદાવાદમાં પાર્ટીના ફંડના નામે ત્રાહિત વ્યક્તિએ કરી કરોડો રૂપિયાની ઉઘરાણી

**સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરતા સામે આવ્યું કે, NCPના નામે સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલીને ફંડ ઉઘરાવવામાં આવતુ**

અમદાવાદ,
શહેરના NCP ના ખજાનજી હેમાંગ શાહે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તેઓએ ફરિયાદમાં જણાવ્યું કે, પાર્ટીના ફંડના નામે કોઈ ત્રાહિત વ્યક્તિ કરોડો રૂપિયાની ઉઘરાણી કરી રહ્યો છે. તેમજ પાર્ટી ફંડમાં ૧૦૦ ટકા રિબેટ આપવાની લાલચે ગેરકાયદેસર ઉઘરાણી કરવામાં આવી રહી છે. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ કરતાં સામે આવ્યું કે NCP ના નામે સોશિયલ મીડિયા પર એકાઉન્ટ ખોલીને ફંડ ઉઘરાવવામાં આવતુ હતું. તપાસમાં સામે આવ્યું




કે અલગ-અલગ ૮૬ જેટલા લોકો પાસેથી નવેમ્બર ૨૦૨૩થી અત્યાર સુધીમાં ફંડ ઉઘરાવવામાં આવ્યુ હતું. એટલું જ નહીં સાયબર ક્રાઈમની તપાસમાં એવુ પણ સામે આવ્યું કે, અત્યાર સુધીમાં ૨.૮૦ કરોડ જેટલી પાર્ટી ફંડના નામે બેંક એકાઉન્ટમાં ફંડ મેળવીને છેતરપિંડી આચરવામાં આવી છે. જે અંગે સાયબર ક્રાઈમની ટીમે બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવીને તમામ માહિતી મેળવીને આરોપી સુધી પહોંચી હતી. આ કેસમાં સાયબર ક્રાઈમે બેંક એકાઉન્ટ ફ્રિઝ કરાવી અલગ-અલગ માહિતી એકત્ર કરી આરોપી આમિર શેખની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપી આમિર શેખ દ્વારા એનસીપીના નામનું એકોનીયનનો ઉપયોગ કરતો અને પોતે જ NCPના નામે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકી પાર્ટી ફંડના નામે ઉઘરાણી કરતો હતો.

# ભરઉનાળે ચોમાસા જેવો માહોલ

## દાહોદ સહિત ૩ જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો



અમદાવાદ,
એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે. બીજી તરફ હવામાન વિભાગે ૧૩થી ૧૫ એપ્રિલ દરમિયાન માવઠાની પણ આગાહી કરી છે. ત્યારે આ સ્થિતિ વચ્ચે ગુરૂવારે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં એકાએક વાતાવરણમાં પલટો જોવા મળ્યો છે. વીજળીના કડાકા-ભડાકા તો ક્યાંક ધીમે ધારે વરસાદ વરસ્યો છે.

છોટાઉદેપુર જિલ્લાના કવાંટ નગર સહિત તાલુકામાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જેમાં કવાંટ, નાની ટોકરી, મોટી ટોકરી, મોટાઘોડા પંથકમાં વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદી પાણી માર્ગો પર ફરી વળ્યા હતા પરિણામે ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જામ્યો હતો. દાહોદ જિલ્લામાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. જેમાં લીમડી, મિરાખેડી સહીતના વિસ્તારમાં માવઠું થયું હતું. મિરાખેડીમાં કરા પણ પડ્યા હતા. કમોસમી વરસાદના પગલે વાતાવરણમા ઠંડક પ્રસરી છે. બનાસકાંઠા જિલ્લાના દાંતામાં બપોર બાદ કમોસમી વરસાદ પડયો હતો. દાંતા તાલુકાના ભાણપુર, હડાદ અને આજુબાજુના વિસ્તારોમાં ભારે વાવાઝોડા બાદ વરસાદ વરસ્યો હતો.

## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન ગુજરાતની પ્રથમ ISO: ૨૦૧૫ પ્રમાણિત સંસ્થા

**વિશ્વના સૌથી ઊંચા મંદિરનું થઈ રહ્યુ છે નિર્માણ**

અમદાવાદ
મા ઉમિયાની આસ્થાને વિશ્વભરમાં ઉજાગર કરવાના સંકલ્પ સાથે વિશ્વ ઉમિયાધામ – જાસપુર, અમદાવાદ મુકામે ૧૦૦ વીઘા જમીનમાં એક હજાર કરોડના સામાજિક નીધિ સહયોગથી વિશ્વના ઊંચામાં ઊંચા મંદિરનું નિર્માણ કાર્ય થઈ રહેલ છે. વિશ્વ ઉમિયાધામ મંદિર નિર્માણ ઉપરાંત શિક્ષણ, રોજગાર, આરોગ્ય, છાત્રાલય, સ્પોર્ટ્સ & કલ્ચરલ, બિઝનેસ ડેવલપમેન્ટ જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે આસ્થા – એકતા અને ઊર્જાના ધામ તરીકે કાર્યરત છે. ત્યારે આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્રચેતના અભિયાનમાં સનાતન ધર્મની વિચારધારાને ઉજાગર કરવામાં યસકલગી રૂપે સંસ્થાને ISO ૨૦૧૫ની માન્યતા પ્રાપ્ત થઈ છે. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનએ ગુજરાતની પ્રથમ ISO ૨૦૧૫ પ્રમાણિત સંસ્થા બની છે.

# અમદાવાદના ઈતિહાસમાં પ્રથમવાર ૩૫ જૈન દીક્ષાનો વિક્રમસર્જક વીરવ્રતોત્સવ

## મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલના કરવામાં આવશે

અમદાવાદ,
જૈનધર્મના અંતિમ તીર્થંકર મહાવીર સ્વામીના નિર્વાણનાં ૨,૫૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ૩૫ મુમુક્ષુઓ તા. ૨૨ એપ્રિલનાસંસારનો ત્યાગ કરીને પ્રભુ મહાવીરના પંથે વિજય પ્રસ્થાન કરવાના છે. અમદાવાદ શહેરના ઈતિહાસમાં ક્યારેય ન બની હોય તેવી ઘટના ૨૨ એપ્રિલના રોજ બનવા જઈ રહી છે.

ચૈત્ર સુદ ૧૪ના રિવરફ્રન્ટ ઉપર નિર્માણ કરવામાં આવેલી અધ્યાત્મ નગરીમાં આચાર્યદેવ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજાના હસ્તે ૧૧ વર્ષની ઉંમરનાં બાળકથી લઈને ૫૬ વર્ષના પ્રૌઢ સુધીના ૩૫ મુમુક્ષુઓ સંસારનો પરિત્યાગ કરીને પ્રભુ વીરના પંથે પ્રયાણ કરવાના છે. આ મુમુક્ષુઓના મહાભિનિષ્ક્રમણ નિમિત્તે પાંચ દિવસના ભવ્ય મહોત્સવનો પ્રારંભ તા.૧૮ એપ્રિલના રોજ કરવામાં આવશે, જેમાં આશરે એક લાખ શ્રદ્ધાળુ જૈનો હાજર રહેવાની ગણતરી છે.

પૂજ્ય ગુરુ ભગવંતો સહિત ૪૦૦ શ્રમણ-શ્રમણી ભગવંતોના ભવ્ય નગર પ્રવેશની સ્વાગત યાત્રા તા. ૧૮ના સવારે ધામધૂમથી યોજવામાં આવી છે. દીક્ષા લેનારા ૩૫ મુમુક્ષુઓના વરસીદાનનો ભવ્ય વરઘોડો તા. ૨૧ એપ્રિલના સવારે કાઢવામાં આવશે, જેની લંબાઈ આશરે ૧ કિલોમીટર જેટલી હશે.અમદાવાદમાં જે ૩૫ મુમુક્ષુઓ દીક્ષા ગ્રહણ કરવાના છે, તેમાં પાંચ પરિવારો એવા છે કે તેમની દીક્ષા સાથે તેમનાં ઘરોને તાળાં લાગી જશે અને સમગ્ર પરિવાર પ્રભુ વીરના પંથે વિચરશે.

અધ્યાત્મ નગરીમાં પરમાત્માની ભક્તિ માટે રાજસ્થાનના રાજમહેલની થીમ પર ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## એસટીના ડ્રાઈવરે યુવતીને ફસાવી દુષ્કર્મ આચર્યુ

સુરત,
સુરતમાં એસટીના ડ્રાઈવરે લગ્નની લાલચ આપી યુવતીને ફસાવી દુષ્કર્મ આચર્યું. યુવતી પોલિટેકનિકમાં કોમ્પ્યુટર એન્જિનિયરિંગ કરતી હતી. દરમ્યાન કોલેજ જતા-આવતા એસટીના બસ ડ્રાઈવર સાથે દોસ્તી થઈ. એન્જિનિયરિંગમાં અભ્યાસ કરતી યુવતી બસ ડ્રાઈવરની વાતમાં આવી ગઈ અને તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો. દરમ્યાન યુવતીને ગર્ભ રહી જતા એસટી ડ્રાઈવરને લગ્ન કરવા દબાણ કર્યું. લગ્ન કરવાની એસટી બસ ડ્રાઈવરે ના પાડી દેતા યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. અઠવા પોલીસે દુષ્કર્મની ફરિયાદ પર એસટી ડ્રાઈવરની ધરપકડ કરી

રાજયમાં બળત્કારના ગુનાઓ વધી ગયા છે. દરરોજ કોઈને કોઈ જગ્યાએથી બળત્કારનો બનાવ સામે આવતો હોય છે. દુઃખદ વાત એ છે કે નાની બાળકીઓ પર પણ દુષ્કર્મની ઘટનાઓ વધી છે. યુવતીઓ મોટાભાગે યુવાનોની વાતોની જાળમાં ફસાઈ જાય છે. આથી જ કહેવાય છે કે પ્રેમ આંધળો હોય છે.

# રૂપાલા સામે લડાઈથી હિન્દુત્વને પહોંચશે નુકશાન સમાધાનની તરફેણમાં આવ્યા અવિચલદાસજી

**બન્ને પક્ષો ભેગા થઈ સુખદ સમાધાન શોધે, સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા અપીલ**

અમદાવાદ
પરશોત્તમ રૂપાલાનાં નિવેદન મામલે હવે સંતોએ મેદાનમાં ઝંપલાવ્યું છે. સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ દ્વારા સમગ્ર મામલે બંને પક્ષો ભેગા થઈ સમગ્ર મામલે સુખદ સમાધાન શોધે તેવી અપીલ કરવામાં આવી છે.

પરશોત્તમ રૂપાલાનાં નિવેદન મામલો થયેલ હોબાળાને શાંત કરવા માટે હવે સંતોએ મેદાનમાં ઝંપલાવ્યું છે. આ સમગ્ર બાબતે સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અવિચલસાદ મહારાજે સમગ્ર મામલે પ્રતિક્રિયા આપી હતી. જેમાં બંને પક્ષો ભેગા તઈ સમગ્ર મામલે સુખદ સમાધાન શોધે. આ લડાઈથી માત્ર હિન્દુત્વને નુકશાન પહોંચશે. ભૂલ થાય નિદનીય છે પણ એનું સમાધાન બંને પક્ષો ભેગા મળી કરે. અવિચલ દાસ મહારાજની વિવાદને શાંત કરવા બંને પક્ષોને અપીલ કરી છે.

## ચેકીંગ દરમિયાન બનાસકાંઠામાં ચૂંટણી અધિકારીઓએ એક કરોડ રોકડા ઝડપ્યા

પાલનપુર,
બનાસકાંઠામાં ચૂંટણી અધિકારીઓએ પોલીસની સાથે ચેકિંગ ઘનિષ્ઠ કરતાં એક કરોડ રૂપિયાની રોકડ પકડી પાડી છે. પાલનપુર એલસીબી પોલીસે આ રોકડ પકડી પાડી છે. ચેકિંગ દરમિયાન એરોમા નજીકની કારમાંથી રોકડ ઝડપાઈ. ચેકિંગ દરમિયાન કારમાંથી રોકડા મળ્યા હતા.

ગુજરાતમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ પૂર્વે રાજકીય પક્ષોનો ધમધમાટ શરૂ થઈ ગયો છે તો તેની સાથે-સાથે રોકડિયા રાજા પણ ખણખણવા લાગ્યા છે. ચૂંટણી પૂર્વે રોકડાની લ્હાણી રાજકીય પક્ષો માટે સામાન્ય બાબત છે. હવે બે હજાર રૂપિયાની નોટ તો રહી નથી, પણ પાંચસો-પાંચસોની નોટોની પણ બોલબાલા છે.

પોલીસે રોકડ કોની હતી તેની તલાશ તો આદરી છે તેની સાથે કાર કોની માલિકની હતી તે તલાશ પણ આદરી છે. પોલીસને આ મોરચે ટૂંક સમયમાં જ સગડ મળશે તેવી આશા છે. આમ આગામી થોડા સમયમાં આ મોરચે નવો વિવાદ ઊભો થઈ શકે છે.

# સુરેન્દ્રનગરના સોમાભાઈ પટેલે કોંગ્રેસને કર્યા રામ રામ

**ટિકિટ ના મળતા સોમાભાઈ પાર્ટીથી નારાજ હતા**

સુરેન્દ્રનગર
લોકસભા ચૂંટણી અગાઉ એક પછી એક નેતાઓ કોંગ્રેસને રામ રામ કરી રહ્યા છે. ત્યારે વધુ એક દિગ્ગજ નેતાએ કોંગ્રેસનો હાથ છોડ્યો છે. સુરેન્દ્રનગરના દિગ્ગજ નેતા સોમાભાઈ પટેલે કોંગ્રેસ પક્ષના સભ્ય પદેથી રાજીનામું આપી દીધું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલને લેખિતમાં રાજીનામું આપ્યું છે.

સુરેન્દ્રનગર લોકસભા બેઠક પરથી સોમાભાઈ પટેલે ચૂંટણી લડવાની તૈયારી દેખાડી હતી. જોકે, કોંગ્રેસે આ બેઠક પરથી ઋત્વિક મકવાણાને મેદાનમાં ઉતાર્યા છે. પરિણામે લોકોમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, ટિકિટ ના મળતા સોમાભાઈ પાર્ટીથી નારાજ હતા. ત્યારે આજે કોંગ્રેસ સાથે છેડો ફાડી દીધો છે.

સોમાભાઈ પટેલે રાજીનામામાં લખ્યું કે, ‘હું કોળી સોમાભાઈ પટેલ પૂર્વ સાંસદ સુરેન્દ્રનગર અને પૂર્વ ધારાસભ્ય લીબડી. મારા અંગત કારણોસર કોંગ્રેસ પક્ષના પ્રાથમિક સભ્ય પદેથી હું રાજીનામું આપું છું. જે સ્વીકારવા વિનંતી છે.

# કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રોહન ગુપ્તા ભાજપમાં જોડાયા

અમદાવાદ,
થોડા દિવસ પહેલા જ કોંગ્રેસમાંથી રાજીનામું આપનાર રોહન ગુપ્તાએ કેસરિયા કરી લીધા છે. કોંગ્રેસે તેમને અમદાવાદ પૂર્વ બેઠક પરથી લોકસભાની ટિકિટ પણ આપી હતી. જો કે પહેલા ચૂંટણી લડવાનો ઈનકાર કર્યા બાદ ૨૧ માર્ચે રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધુ હતુ.

લોકસભા ચૂંટણીની ઘોષણા થઈ ગયા બાદ કોંગ્રેસે અમદાવાદ પૂર્વ બેઠક પર ઉમેદવાર તરીકે રોહન ગુપ્તાનું નામ જાહેર કર્યુ હતુ. જો કે બાદમાં રોહન ગુપ્તાએ ચૂંટણી લડવાથી સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. પોતાના પિતાની નાદુરસ્ત તબિયતના કારણે ચૂંટણીનું મેદાન છોડ્યું હોવાનું કારણ આગળ ધર્યુ હતુ. બાદમાં કોંગ્રેસ પર અનેક આક્ષેપ લગાવીને રોહન ગુપ્તાએ કોંગ્રેસમાંથી તમામ પદો પરથી રાજીનામુ આપી દીધુ હતુ. હવે આજે તેમણે દિલ્હીમાં ભાજપની એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપનો ખેસ પહેર્યો હતો. આ સાથે જ રોહન ગુપ્તાએ કોંગ્રેસ પર અનેક આક્ષેપ લગાવ્યા હતા. રોહન ગુપ્તાએ જણાવ્યુ કે, હું દેશ માટે કઈક કરવાની ભાવના સાથે ભાજપમાં જોડાયો છુ.વર્ષોથી જે પાર્ટીમાં રહ્યા હોય તે પાર્ટી કોઈ નેતા લાલચથી ન છોડે.તેમણે જણાવ્યુ કે કોંગ્રેસ રાષ્ટ્રવાદ અને સનાતન ધર્મથી વિમુખ થઈ ગઈ છે.

# સુરતના VR મોલને બૉમ્બથી ઉડાવી દેવા મુદ્દે મોટો ખુલાસો




સુરત,
બે દિવસ પહેલા સુરતના ડુમસમાં આવેલા વી આર મોલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી ભર્યો ઈમેઈલ મળ્યો હતો. આ કેસમાં મોટો ખુલાસો થયો છે. ધમકીભર્યા ઈ-મેઈલની તપાસમાં વિદેશના IP એડ્રેસથી આ મેઈલ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યુ છે.

સુરતના VR મોલને બૉમ્બથી ઉડાવી દેવા મુદ્દે મોટો ખુલાસો થયો છે. ધમકીભર્યા ઈ-મેઈલની તપાસમાં યુરોપના ફિનલેન્ડનું આઈપી એડ્રેસ સામે આવ્યું છે. ઈ-મેઈલ મોકલવા વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્કનો ઉપયોગ કરાયો હોવાની પોલીસને શંકા છે. VPN નેટવર્કનો ઉપયોગ ભારતના જ કોઈ રાજ્યમાંથી થયો હોવાની શક્યતા છે. કોઈ ટીખળખોરે ડરાવવા માટે VPN વડે એન્ડ ટુ એન્ડ પ્લેટફોર્મ પરથી ઈ-મેઈલ કર્યા હોઈ શકે છે. સમગ્ર મામલ IP એડ્રેસ, સર્વર, ઈ-મેઈલ રજિસ્ટ્રેશન સહિતની વિગતો મેળવવા માટે તજવીજ શરૂ કરવામાં આવી છે. સાયબર ક્રાઈમની ટીમ ગુપ્તરાહે તપાસ કરવા રવાના થઈ છે.

# ઈદની ઉજવણી માતમાં, ૨ સગાભાઈ સહિત ત્રણ યુવાનોનું ડૂબી જતા મોત

## ત્રણેય યુવાનો પંચમહાલના પાનમ ડેમ ફરવા ગયા હતા

પંચમહાલ
પંચમહાલના પાનમડેમ વિસ્તારમાં પાનમ કેનાલમાં ત્રણ યુવાનોના ડૂબ્યા. રમજાન ઈદનો તહેવાર હોવાથી કોઠંબાના ત્રણ યુવાનો પાનમ ડેમ ફરવા ગયા હતા. ત્રણેય યુવાનોના મૃતદેહ પાનમ કેનાલમાંથી મળી આવ્યા છે. ત્રણે યુવાનો મહીસાગરના કોઠંબાના હોવાનુ જાણવા મળ્યું છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના કોઠંબા જેવા નાનકડા ગામમાં રહેતા મુસ્લિમ સમાજના ત્રણ યુવાનો નામે મો.બુરહાન હાજી સઈદ નગીના, નિહાલ રફીક શેખ અને ફરહાદ શૈખ ગુરુવારની સવારમાં મિત્ર વર્તુળ સાથે ઈદના તહેવાર હોવાથી આનંદપૂર્વક ઈદની ઉજવણી કર્યા બાદ શહેરા તાલુકાના પાનમ ડેમ ખાતે ફરવા માટે ગયા હતા. ત્રણેય યુવાનો પોતાની સાથે નાસ્તો લાવ્યા હતા જ્યાં નાસ્તો પત્યા બાદ એક યુવાન બાજુમાં આવેલી પાનમ સિંચાઈની કેનાલમાં પીવાના પાણીની બોટલમાં પાણી ભરવા જતા તેનો પગ લપસતા પાણીમાં ડૂબવા લાગ્યો હતો.


આ સમયે ડૂબતા યુવાનને બચાવવા અન્ય યુવાન પડતા તે પણ ડૂબવા લાગતા ત્રીજો બંને ડૂબતા યુવાનોને બચાવવા પડતા ત્રણેય યુવાનો કેનાલના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા.

# રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ : ઝાડા ઉલટીના કેસમાં વધારો

અમદાવાદ,
રાજ્યમાં કાળઝાળ ગરમીનો પ્રકોપ શરૂ થયો છે. જેમાં ૫ શહેરમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર થયુ છે. તેમાં રાજકોટમાં સૌથી વધુ ૪૧.૭ ડિગ્રી તાપમાન છે. કચ્છમાં હીટવેવની આગાહી કરાઈ છે. તેમજ અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી, ગાંધીનગરમાં ૪૧ ડિગ્રી, ભુજમાં ૪૧.૫, સુરેન્દ્રનગરમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન રહ્યું છે.

કંડલામાં ૪૦ ડિગ્રી, ડીસામાં ૩૯.૪ ડિગ્રી તાપમાન સાથે વડોદરામાં ૩૯.૬, કેશોદમાં ૩૯ ડિગ્રી તાપમાન છે. તેમજ મહુવામાં ૩૮.૬,ભાવનગરમાં ૩૭.૫ ડિગ્રી તાપમાન છે. ગુજરાતમાં કાળઝાળ ગરમીની અસરના કારણે છેલ્લા નવ દિવસમાં ૧,૫૪૯ લોકો ચક્કર ખાઈને બેભાન થયા છે, આવા દર્દીને સારવાર માટે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફત હોસ્પિટલે મોકલવામાં આવ્યા છે. પેટમાં દુઃખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવું, માથાનો દુઃખાવો સહિતની વિવિધ ગરમીને લગતી બીમારીના ગુજરાતમાં છેલ્લા નવ દિવસમાં ૭,૩૪૨ કોલ્સ ૧૦૮ ઈમરજન્સી સર્વિસને મળ્યા છે. પહેલી માર્ચથી ૯મી માર્ચ સુધીમાં ગરમીને લગતી બીમારીના ગુજરાતમાં ૩૨,૯૮૪ કોલ્સ આવ્યા છે, જેમાંથી ૭,૦૩૪ કોલ્સ બેભાન થવાના છે.

ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધતાં ઝાડા ઉલટીને લગતા કેસમાં ૩૨ ટકા અને માથાના દુખાવાની તકલીફમાં એકંદરે ૨૭ ટકા જેટલો ઉછાળો નોંધાયો છે. ગત વર્ષના પહેલીથી નવમી એપ્રિલ સુધીના સમય ગાળાની સરખામણીએ એકંદરે વિવિધ બીમારીના ૧૦ ટકા જેટલા કેસ વધ્યા છે. પેટમાં દુખાવાને લગતા નવ દિવસમાં ૨૫૮૬ કોલ્સ આવ્યા છે, જે ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમય ગાળામાં ૨૨૬૪ કોલ્સ આવ્યા હતા. ગરમીના કારણે બેભાન થવાના કે પડી જવાના ૧૫૪૯ કેસ છે, માથાના દુખાવાની ફરિયાદના ૧૫૮ કોલ્સ આવ્યા છે જ્યારે હિટ સ્ટ્રોકના ૩ કિસ્સામાં જે તે વ્યક્તિને હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. રાજ્યમાં છેલ્લા ૯ દિવસમાં હાઈ ફિવરના ૧,૨૬૨ કેસ આવ્યા છે. ઝાડા ઉલટીના ૧૭૮૪ કોલ્સ મળ્યા છે, ગત વર્ષે આ જ સમય ગાળામાં ૧૩૪૮ કોલ્સ આવ્યા હતા.



## ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ બીમારીના કોલ મળ્યાં

ગુજરાતમાં ઉનાળો દિવસે દિવસે આકરો થતો જઈ રહ્યો છે. ગુજરાતમાં સતત ત્રીજા દિવસે તાપમાન ૪૦ ડિગ્રીને પાર ગયુ છે. તાપમાનમાં વધારો થવાની સાથે ગુજરાતમાં રોગચાળો પણ વકરી રહ્યો છે.કાળઝાળ ગરમીના પગલે રાજ્યમાં બીમારીના કેસ વધ્યાં છે.ગુજરાતમાં કાળઝાળ ગરમીના પગલે છેલ્લા ૯ દિવસમાં ૧૫૦૦થી વધુ લોકો બેભાન થયા હોવાના કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ પેટમાં દુઃખાવો, ઝાડા ઉલટી, બેભાન કે અર્ધબેભાન થવાના કેસ વધ્યાં છે. ગરમીની બીમારીને કારણે ૧૦૮ ઈમરજન્સી સર્વિસને ૭ હજારથી વધુ કોલ મળ્યાં હોવાનું સામે આવ્યુ છે.ગુજરાતમાં ગઈકાલે અનેક શહેરમાં ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયુ છે. રાજકોટમાં સૌથી વધુ મહત્તમ ૪૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદમાં મહત્તમ ૪૧.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. પાંચ શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. તો આગામી બે દિવસ સૌરાષ્ટ્ર-કચ્છમાં હીટવેવની આગાહી કરવામાં આવી છે.

# વેસ્ટ ઝોન કરતા મોરબી રોડ, કોઠારીયા રોડના પૂર્વ ઝોનમાં દોઢ ગણા પ્લાન મૂકાયા,નવા બિલ્ડીંગ પ્લાનમાં ઈસ્ટ ઝોન આગળ

## એક વર્ષમાં પૂર્વ ઝોનમાં ૩૦૫૨, પશ્ર્ચિમમાં ૨૧૪૮ અને સેન્ટ્રલમાં ૧૩૦૬ પ્લાન મંજૂર

રાજકોટ: રાજકોટ મહાનગરમાં કોરોના કાળ વખતે ઠંડુ પડી ગયેલું રીઅલ એસ્ટેટ માર્કેટ બે વર્ષથી ફરી ગરમ થવા લાગ્યું છે. તેમાં ચાલુ ૨૦૨૪ના વર્ષમાં પણ ધીમે ધીમે નાનાથી માંડી લકઝરીયસ અને મુંબઇ જેવા પ્લાન મૂકવાનું શરૂ થયું છે ત્યારે પુરા થયેલા ૨૦૨૩ના વર્ષમાં રાજકોટમાં સાડા છ હજારથી વધુ બિલ્ડીંગ પ્લાન મનપાએ સત્તાવાર રીતે મંજૂર કર્યા છે. તેમાં આટલા વર્ષોમાં પ્રથમ વખત વેસ્ટ ઝોનના બદલે ઈસ્ટ ઝોન એટલે કે ઉપલો કાંઠો આગળ નીકળી ગયો છે. પશ્ચિમ રાજકોટ કરતા પૂર્વ રાજકોટમાં ૫૦ ટકા વધુ પ્લાન મંજૂર થયા છે તો સેન્ટ્રલ ઝોન કરતા અઢી ગણા વધુ બિલ્ડીંગના કામ પૂર્વમાં ચાલી રહ્યા છે. વર્ષો પહેલા સામાકાંઠે એપાર્ટમેન્ટનો બહુ ટ્રેન્ડ ન હતો, પરંતુ હવે ઈસ્ટ ઝોનમાં પણ મોરબી રોડ, કોઠારીયા રોડ સહિતના ભાગોમાં ફલેટ બનવા લાગ્યા છે. વાજબી બજેટના કારણે આ ઝોન સ્માર્ટ સીટી સહિતના વેસ્ટ ઝોનને મોટી ટકકર આપી રહ્યો છે. આટલા વર્ષોમાં પહેલી વખત એવું બન્યું છે કે વેસ્ટના બદલે ઈસ્ટ ઝોન બિલ્ડીંગ પ્લાનની બાબતમાં આગળ નીકળી ગયો છે. મહાપાલિકાએ મંજૂર કરેલા પ્લાનના આંકડા પર નજર કરીએ તો તા.૧-૧-૨૩થી તા.૩૧-૧૨-૨૩ સુધીમાં શહેરમાં કુલ ૬૫૦૬ પ્લાનની મંજૂરી આપવામાં આવી હતી. ટીપી શાખાએ ઓનલાઈન પ્લાન સેન્ટ્રલ ઝોનમાં ૧૨૦૧, ઈસ્ટ ઝોનમાં ૩૦૦૫ અને વેસ્ટ ઝોનમાં ૧૯૦૭ મંજૂર કર્યા છે. તો ઓફલાઈન પ્લાનનો આંકડો અનુક્રમે ઝોનવાઈઝ ૧૦૫, ૪૭ અને ૨૪૧ છે. એટલે કે કુલ ૬૧૧૩ પ્લાન ઓનલાઈન અને ૩૯૩ પ્લાન ઓફલાઈન મંજૂર થયા છે. મધ્ય રાજકોટ એટલે કે સૌથી જુના વિસ્તારની વાત



કરીએ તો ૨૦૨૩માં ૧૨૦૧ બિલ્ડીગ પ્લાન મંજુર થયા હતા. જુના રાજકોટમાં સૌથી વધુ કામ જુના બાંધકામની જગ્યાએ નવા બાંધકામનું ચાલે છે. મધ્ય રાજકોટમાં નવી જગ્યા નથી. આથી જે જુના મકાનો છે તે પાડીને નવા બનાવવામાં આવી રહ્યા છે. જુના રાજકોટનો ક્રેઝ હજુ ઓછો થયો નથી.ખાસ કરીને પેલેસ રોડ, સોની બજાર, યાજ્ઞિક રોડ, જુના રાજકોટના વેપારી વિસ્તારો, ઢેબર રોડ પર વેપાર- ધંધા યથાવત છે. મોટો રહેણાંક વિસ્તાર પણ જુના રાજકોટમાં આવેલો છે. આ ઘણા વિસ્તારોમાં જમીનના ભાવ હજુ કાલાવડ રોડથી વધુ છે. પશ્ચિમ રાજકોટની વાત કરીએ તો ગૌરવપથ સહિતના વેસ્ટ ઝોનમાં છેલ્લા વર્ષોમાં ભવ્ય અને લકઝરીયસ ડેવલપમેન્ટ થયા છે. મોટા રસ્તાની ઉપલબ્ધિના કારણે ગગનચુંબી ઈમારતો બની છે અને બની રહી છે. હવે નજીકના ભવિષ્યમાં ૪૦-૪૦ માળના બિલ્ડીંગ પ્રોજેકટ પણ મુકાવાના છે.મુંબઈ જેવા બિલ્ડીંગ પ્લાન રાજકોટ માટે તૈયાર કરાયા છે. તો તાજેતરમાં જ ખુલ્લા મુકવામાં આવેલા સ્માર્ટ સીટીનો વિસ્તાર અમદાવાદ અને મુંબઈના પણ ઘણા વિસ્તારને ટકકર મારે તેવો છે. આ વિસ્તાર આસપાસ ભવિષ્યમાં મોટુ ડેવલપમેન્ટ થાય તેમ છે. મહાપાલિકાની હદમાં ભળ્યા પહેલા જ મોટા મવા, મુંજકા, માધાપર સહિતના વિસ્તાર તો ડેવલપ થયેલા જ છે. હવે કરોડોના ખર્ચે પ્રાથમિક સુવિધાઓ પહોંચી રહી છે. આથી કિંમતની દ્રષ્ટિએ આ ઝોનમાં મિલ્કતના ભાવ વધુ દેખાઇ રહ્યા છે.હવે બીજી તરફ પાંચેક વર્ષથી પૂર્વ ઝોનના જુદા જુદા વિસ્તારોમાં ડેવલપમેન્ટ વધ્યું છે. પશ્ર્ચિમ રાજકોટની સરખામણીએ પૂર્વ રાજકોટનો વિકાસ ધીમો હોવાની છાપ વચ્ચે સરકાર અને મહાપાલિકાએ કરોડોના કામો મૂકયા છે અને ચાલી પણ રહ્યા છે. ગ્રીનલેન્ડ ચોકડી, મોરબી રોડ, સંતકબીર રોડ, પેડક રોડ, માંડા ડુંગર, કોઠારીયા રોડ, આજી ડેમ આજુબાજુના વિસ્તારોમાં બાંધકામ ઉદ્યોગ ધમધમી રહ્યો છે.ટેનામેન્ટ બાદ હવે કુવાડવા રોડ, રણછોડનગર, મોરબી રોડ સહિતના ઘણા રહેણાંક વિસ્તાર અને સોસાયટીમાં એપાર્ટમેન્ટ પણ બનવા લાગ્યા છે. તે પ્રગતિ હવે આંકડામાં પણ દેખાઇ રહી છે. ઈસ્ટ ઝોનમાં કુલ ૩૦૫૨ બિલ્ડીંગ પ્લાન મંજૂર થયા છે.પૂર્વ ઝોનમાં આજી ડેમ, પ્રદ્યુમન પાર્ક બાદ રામવન બાદ હવે નજીકના ભવિષ્યમાં સફારી પાર્ક પણ આવશે. ઈમીટેશન ઝોન બનવાનો છે. પૂર્વ ઝોનમાં કુવાડવા રોડ, સંત કબીર રોડ, પેડક રોડ સહિતના વિસ્તારમાં નાના મોટા મોલ બન્યા છે. અનેક સુપર માર્કેટ ડેવલપ થઈ છે. બ્રાન્ડેડ કંપનીઓ આ રોડ પર આવી છે. પશ્ર્ચિમ રાજકોટ કરતા હજુ પ્રમાણમાં વાજબી ભાવે ઘર પણ મળે છે. આ તમામ સંજોગોમાં પૂર્વ ઝોન હાલ તો પશ્ચિમ ઝોન કરતા પણ આગળ નીકળી ગયો છે.

# જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્રાવધાનનો વિશિષ્ટ કાર્યક્રમ

રાજકોટ:જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્રાવધાનનો એક વિશિષ્ટ કાર્યક્રમ ૧-૫-૨૦૨૪, બુધવારના જાહેર રજાના દિવસે એન.એસ.સી.યુ.આઈ વર્લી ખાતે સવારે નવ કલાકે સેંકડો મહાત્માઓની નિશ્રામાં અને હજારો ભાઈ-બહેનોની હાજરીમાં આ એક અવિસ્મરણીય, અલૌકિક અને અનુપમ કાર્યક્રમ યોજાશે જેના પર સમગ્ર વિશ્વના બૌદ્ધિકો, ચિંતકો અને ન્યુરોલોજિસ્ટો મીટ માંડીને બેઠા છે.૬૩૦ વર્ષ પછી જૈન સંઘના ઈતિહાસમાં રચાશે નવો સુવર્ણ ઈતિહાસ.જૈન મુનિ અજિતચંદ્રસાગરજી મહારાજ સાહેબ દ્વારા સહસ્રાવધાન

જૈન સંઘના ઈતિહાસમાં ૬૩૦ વર્ષ પછી સહસ્રાવધાનનો એક વિશિષ્ટ કાર્યક્રમ ૧-૫-૨૦૨૪, બુધવારના જાહેર રજાના દિવસે એન.એસ.સી.યુ.આઈ વર્લી ખાતે સવારે ૯.૦૦ કલાકે સેંકડો મહાત્માઓની નિશ્રામાં અને હજારો ભાઈ-બહેનોની હાજરીમાં આ એક અવિસ્મરણીય, અલૌકિક અને અનુપમ કાર્યક્રમ યોજાશે જેના પર સમગ્ર વિશ્વના બૌદ્ધિકો, ચિંતકો અને ન્યુરોલોજિસ્ટો મીટ માંડીને બેઠા છે.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી નયનચંદ્રસાગરજી મહારાજાના ગણિવર્ય શ્રી અજિતચંદ્રસાગરજી મહારાજા દ્વારા સહસ્રાવધાનનો કાર્યક્રમ યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમ સંતિકરં સ્તોત્રના રચયિતા ગણિ મુનિસુંદરજી મહારાજા દ્વારા રાજાના દરબારમાં ૧,૦૦૦ અવધાનનો કાર્યક્રમ ૬૩૦ વર્ષ પહેલા યોજાયો હતો ત્યારબાદ હજુ સુધી કોઈએ આવો કાર્યક્રમ કર્યો નથી.

શતાવધાનમાં ૧૦૦ વસ્તુ, ચિત્રો, ઈતિહાસના પાત્રો એમ અલગ અલગ વિષયના અલગ અલગ શ્રોતાઓ દ્વારા કહેવામાં આવે છે જયારે સહસ્રાવધાનમાં એક સાથે ૧,૦૦૦ વસ્તુઓ શ્રોતા દ્વારા કહેવામાં આવે છે. અને એ બધાં જ પૂજ્ય મહાત્મા એક પણ નોટ, પેન, લેપટોપ કે કોમ્પ્યુટરની મદદ વગર ક્રમબદ્ધ એક સાથે લાઈનમાં તેમ જ આડાઅવળા ગમે તે નંબરની વસ્તુ, ચિત્રો કે પાત્રો જૈન મુનિ સડસડાટ કહી આપે છે.

અગાઉ આ જ મહાત્મા દ્વારા અમદાવાદમાં શતાવધાન ષન્મુખાનંદ હોલ - મુંબઈમાં દ્વિશતાવધાન તેમ જ ૫૦૦ અવધાનના કાર્યક્રમ આ જ મેદાનમાં યોજાઈ ચૂક્યા છે. સામાન્ય વ્યક્તિ પોતાની મગજની શક્તિનો વધુમાં વધુ ૫થી ૭ ટકા ઉપયોગમાં લઈ શક્યા છે. પણ જો કોઈ વ્યક્તિ ૭થી ૮ ટકાથી પણ વધારે બ્રેઈન પાવરનો ઉપયોગ કરે તો તે સુપરહ્યુમન બીઈંગિ તરીકે બહાર આવે છે. કોઈ એક વ્યક્તિ પાંચ કે ૧૦ વસ્તુઓ એકસાથે કદાચ યાદ રાખી શકે છે પરંતુ એકસાથે ૧,૦૦૦ વસ્તુઓને ક્રમબદ્ધ રીતે અને તેને ફરીવાર રજૂ કરવી તે વિશ્વના બૌદ્ધિકો અને પ્રબુદ્ધ લોકો માટે આશ્ચર્યકારી ઘટના છે.જૈન મુનિ અજિતચંદ્રસાગરજી મહારાજને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ સ્થાન મળી ચૂક્યું છે અને વિશ્વની વિખ્યાત યુનિવર્સિટી દ્વારા તેઓને ડોક્ટરેટની પદવી આપવામાં આવી છે.

આ પ્રસંગને નિહાળવા અનેક યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર, સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના જજો અને આઈ.એ.એસ, આઈપીએસ અને આઈએસના અધિકારીઓ તેમ જ અનેક બજારોના મુખ્ય પદાધિકારીઓ તેમ જ મોટીવેશનલ સ્પીકરો, પ્રોફેસરો, કોચિંગ ક્લાસના લેક્ચરરો જેવા અનેક વિદ્વાનો અને ખ્યાતનામ પત્રકારો આ કાર્યક્રમને નિહાળવા હાજરી આપવાના છે તેના પાસ ઓનલાઈન મળે છે. જેનું રજિસ્ટ્રેશન ખુલતા હજારો લોકોએ પોતાનું નામ નોંધાવી દીધું છે.

સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેનના માધ્યમે આ આચાર્ય ભગવંતીશ્રીએ તેમ જ ગુરુભગવંતે અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ બાળકોને સરસ્વતી માતાની સાધના કરાવેલી છે અને મનમાં શક્તિ છે પરંતુ આત્માની લબ્ધિને બાળકોમાં પણ પ્રગટ કરાવવાનો તેઓએ ભગીરથ પ્રયાસ કર્યો છે.આ બાબતમાં વિશેષ જાણકારી અને પાસ માટેની ઈક્વાયરી મો. નં. ૬૨૬૨૬૭૬૭૫૦ સરસ્વતી સાધના રિસર્ચ ફાઉન્ડેશનના નંબર પર મળી શકશે.

# રીસામણે આવેલી પત્નીને તેડવા આવેલા યુવકનો ફાંસો ખાઇ આપઘાત

રાજકોટ:ઠકકરબાપા નગરમાં રીસામણે આવેલી પત્નીને તેડવા આવેલા સાયલા પંથકના યુવકે પત્ની સાથે ઝઘડો થતા ફાંસો ખાઇ આપઘાત કરી લેતા ૭ પુત્રીઓએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઇ ગઇ હતી.પ્રાપ્ત વિગતો મુજબ મુળ સાયલાના મોટા કેરાળા ગામના વતની વિનુભાઇ કાનાભાઇ બારૈયા (ઉ.વ.૩૦)ની પત્ની રાજકોટમાં ઠકકરબાપા નગર, હરીજનવાસમાં માવતરે રીસામણે હોય જેમને ૧૫ દિવસ પહેલા તેડવા માટે તે સાસરીયે આવ્યો હતો. દરમ્યાન આજે સવારે તેમના સસરાના ઘરે પંખાના હુકમાં ચુંદડી બાંધી ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પરિવારને જાણ થતા તાત્કાલીક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા ફરજ પરના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યો હતો.બનાવ અંગે જાણ થતા પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતકના આઠેક વર્ષ પહેલા ઠકકરબાપા નગરમાં રહેતી રિધ્ધિબેન સાથે લગ્ન થયા હતા. તેઓને સંતાનમાં ૭ પુત્રી છે. મૃતક બેરોજગાર હોય, કોઇ કામધંધો કરતો ન હોય જેથી તેમની પત્ની રીસામણે ચાલી આવતા તેને તેડવા માટે અહીં આવ્યો હતો. બાદમાં તે દારૂ પીવાની કુટેવ ધરાવતો હોય જેથી તેની પત્ની સાથે ઝઘડો થતા અંતિમ પગલુ ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું. બનાવથી પરિવારમાં કાળો કલ્પાંત છવાયો હતો.

# રાજકોટ આવકવેરા વિભાગની તિજોરી છલકાઇ

## ૩૭૭૧ કરોડનું કલેકશન કર્યુ,૩૫૪૨ કરોડના લક્ષ્યાંક કરતા ૬.૪૯% વધુ વસુલાત

રાજકોટ:ભારતીય અર્થતંત્ર ધમધમી રહ્યું છે અને તેનો પ્રભાવ ટેકસ કલેકશન પર પડી રહ્યો છે ત્યારે રાજકોટમાં પણ આવકવેરા વસુલાત ટાર્ગેટ કરતા પણ વધુ થઇ હોવાનું જાહેર થયું છે. રાજકોટ રેન્જ ઈક્રમટેકસને ગત નાણાકીય વર્ષમાં ૩૫૪૨ કરોડનો વસુલાત લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો તેની સામે ૩૭૭૧.૯૩ કરોડ અર્થાત ૧૦૬.૪૯ ટકાની વસુલાત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.રાજકોટ આવકવેરા વિભાગના સુત્રોએ જણાવ્યું છે કે રાજકોટને ઈક્રમટેકસ કલેકશનનો ૩૧૪૫ કરોડનો ટાર્ગેટ હતો તેની સામે ૩૩૪૯.૩૧ કરોડની વસુલાત કરવામાં આવી છે. જયારે જામનગરના ૩૯૭ કરોડની વસુલાતનો ટાર્ગેટ હતો તેની સામે ૪૨૨.૬૨ કરોડનું કલેકશન કરવામાં આવ્યું છે. સુત્રોએ જણાવ્યું હતું કે કોર્પોરેટ ટેકસ પેટે ગ્રોથ કલેકશન




૧૮૫૧.૩૮ કરોડ થયું છે અને તે સામે ૩૯૦.૧૭ કરોડનું રીફંડ ચુકવવામાં આવ્યું છે. આમ ૧૪૬૧.૨૧ કરોડનું નેટ કલેકશન થયું છે જે ટાર્ગેટ કરતા ૧૧૬.૮૦ ટકા થવા જાય છે. વ્યકિતગત કરદાતા પાસેથી ૪૪૧૦.૭૧ કરોડનું ટેકસ કલેકશન કરવામાં આવ્યું છે અને તેમાં ૨૦૯૯.૯૯ કરોડનું રીફંડ આપવામાં આવ્યું છે તેમાં ૨૩૧૦.૭૨ કરોડની વસુલાત થઇ છે. જે ટાર્ગેટ કરતા ૧૦૦.૮૬ ટકા થવા જાય છે. કોર્પોરેટ તથા વ્યકિતગત સંયુકત ટેકસ કલેકશન ગ્રોસ ૬૨૬૨.૦૯ કરોડ થયું છે. જેમાંથી ૨૪૯૦.૧૬ કરોડ રીફંડ પેટે ચુકવવામાં આવતા નેટ કલેકશન ૩૭૭૮.૯૩ કરોડ થવા જાય છે. ૩૫૪૨ કરોડના ટાર્ગેટ સામે ૬.૪૯ ટકા વધુ થયું છે.કોરોના કાળ બાદ દેશભરનું અર્થતંત્ર ધમધમી રહ્યું છે તેમાં રાજકોટ કે સૌરાષ્ટ્ર પણ બાકાત નથી. રાજકોટ ઈક્રમટેકસના ચીફ કમિશ્નર જયંતકુમાર ઉપરાંત પ્રિન્સીપલ કમિશ્નર ઓફ ઈક્રમટેકસ આલોકસિંહ સહિતની ટીમ દ્વારા આવકવેરાની મહતમ વસુલાત માટે પ્રયત્નો કરવામાં આવ્યા હતા અને તેના ભાગરૂપે ટાર્ગેટ સિધ્ધ થઇ ગયો હતો. સૌરાષ્ટ્રના મોટા ભાગના ક્ષેત્રો રાજકોટ ઈક્રમટેકસ હેઠળ આવી જાય છે. સિરામીક ટાઈલ્સ, જવેલરી, મશીનરી, ઓટો કોમ્પોનેટ, બ્રાસ પાર્ટ જેવા ક્ષેત્રોમાંથી મોટી વસુલાત થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે.

# શાકભાજીના ધંધાર્થીનો એસીડ પી આપઘાત

## ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી

રાજકોટ:આરટીઓ કચેરી પાછળ રહેતા ૪૫ વર્ષીય શાકભાજીના ધંધાર્થીએ જિંદગીથી કંટાળી એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યા બાદ સારવારમાં



દમ તોડતા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. પ્રાપ્ત વિગત મુજબ આરટીઓ કચેરીની પાછળ રહેતા મુળ જેતપુરના શરદભાઇ ધીરૂભાઇ સોલંકી (ઉ.વ.૪૫)એ ગત તા. ૪ના પોતાના ઘરે એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેમને પ્રથમ સિવિલમાં સારવારમાં ખસેડાયા બાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.પરંતુ સારવાર કારગત ન નીવડતા તેમનું મોત નિપજયું હતું. બનાવ અંગે જાણ કરતા બી ડીવીઝન પોલીસ દોડી ગઇ હતી અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. વધુમાં મળેલ વિગત મુજબ મૃતક શાકભાજીનો ધંધો કરતા અને લાંબા સમયથી પોતે જિંદગીથી કંટાળી ગયા હોવાનું રટણ કર્યે રાખતા હતા.જેથી કંટાળીને અંતિમ પગલુ ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું છે. મૃતકને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. જેમને પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઇ ગઇ હતી.

# બા નું ઘર નિરાધાર વૃદ્ધાશ્રમ: વ્યષન મુક્તિ, મહિલાઓને પિક્ક રીક્ષા સહિત થાય છે અગણિત સેવા કાર્યો

રાજકોટ: અલગ અલગ રાજ્યના, અલગ અલગ ભાષા વાળા, અલગ અલગ ધર્મ વાળા, ગાંડા ને ડાયા, બહેરા ને મૂંગા, નાના ને મોટા, ભણેલા અને અભણ, નિરાધાર અને પરિવાર વાળા, અલગ અલગ તકલીફ વાળા, સમજણા અને અણસમજુ, આધાર કાર્ડ કે રાસન કાર્ડ વિનાના, એસ.ટી, એસ.સી, ઓબીસી, બક્ષિપંચ, માઈનોરીટી,જેવા તમામ સમાજના એક છત નીચે એક સાથે રહે એક ટેબલ પર જમે, સાથે રમે ને પોતાનું દુખ ભૂલીને આનંદથી જીવે છે, અહીં તમામ તકલીફ વાળનો એક જ પરિવાર એટલે "બા"નું પર વૃદ્ધાશ્રમ. જે સર્વજ્ઞાતિ માટે ચાલતો નિરાધાર આથમ છે,

બાં નું ઘર વૃદ્ધાશ્રમ, એડ્રેસ : રૂડા ૨ સોસાયટી, બાપા સિતા-રામ ના ઓટલા સામેની શેરી, પ્લોટ નંબર ૧, યુનિ. રોડ, રાજકોટ-૫, ' અહીં સ્વેચ્છા દાન, વડીલોની તીથીએ, જન્મ દિવસે, એનીવર્સરીએ ભોજન આપી, આજીવન તીથીના દાતા બની, કે સંસ્થાના બિલ્ડિંગમાં રૂમ લખાવી, ઓનલાઈન કે રોકળ દાન આપી મદદ કરી શકો છો.

આ સંસ્થામાં માનવતાના ધોરણે પ્રવેશ અપાશે, નિરાધારોને પગભર કરવા તાલીમ કેન્દ્ર દ્વારા પગભર કરશે, અભ્યાસ, તબીબી સારવાર, આસરા માટે લોકોને હેરાન થતા જોઈને રાજકોટના સજ્જનો, દાતાઓ, સાથે તમામ સમાજના આગેવાનો આગળ આવ્યા છે અને તેઓ 'બા નું ઘર વૃદ્ધાથમ' નું નવ નિર્માણ કરશે. - જેમાં આશરો, અભ્યાસ, મનોરંજનથી. લઈને સારવારની સુવિધા મળશે, માનવતા જ પ્રવેશ માટેનો આધાર બનશે. તેમજ કોઈ પણ જરૂરિયાતમંદ હોય તેને પ્રવેશ આપવામાં આવશે.

બાનું ઘર વૃધ્ધાશ્રમમાં ટ્રસ્ટી તરીકે જોડાયેલ છે અંતઃકરણથી અભિવાદન, બા નું ઘર વૃધ્ધાશ્રમ નિરાધારોને શોધી શોધીને એક સાથે બા ના પરમાં રાખી નવજીવન આપવાના ઉમદા હેતુ સાથે રાજકોટમાં બા નું ઘર વૃધ્ધાશ્રમના નવનિર્માણ માટે રચાયેલ માનવ કલ્યાણ મંડળ ટ્રસ્ટના ચેરમેન મુકેશભાઈ મેરજા અને પ્રમુખ ગીતાબેન પટેલ તથા સમગ્ર ટીમના અનુરોધને ગ્રાહ્ય રાખી રાજીવકુમાર કિશોરભાઈ દોશી (સીએ, રાજકોટ) અને નીરજભાઈ કિશોરભાઈ દોશી (ઉદ્યોગપતિ રાજકોટ), નીશધભાઈ વૈશનાની,(ઉદ્યોગપતિ રાજકોટ), મનસુખભાઈ રાદડિયા,( રીજીોનાલ મેનેજર - સલ્ફર ઈન્ડિયા) સાંતિભાઈ જાળવડિયા, આ માનવ મંદિર બા નું ઘર વૃધ્ધાશ્રમના નવનિર્માણના આ પાવન યજ્ઞમાં પુષ્પ અર્પિત કરી ટ્રસ્ટના સલાહકાર ટ્રસ્ટી તરીકે જોડાય છે. સમગ્ર બા નું ઘર વૃધ્ધાશ્રમ રાજકોટ ટીમ તેમનું તથા તેમના પરિવારનું અંતઃકરણથી અભિવાદન કરે છે.

# ગાય આધારિત એટલે કે પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે

ગાય આધારિત એટલે કે પશુ આધારિત પ્રાકૃતિક ખેતી કરવાથી વરસાદી પાણી જમીનમાં ખૂબ જ ઊંડે સુધી ઉતરે છે અને દરેક જીવોનાં આરોગ્યને ખૂબ ફાયદો થાય છે. એક જમાનો હતો કે લોકોની ભૂખની જરૂરિયાત સંતોષવા માટે કે જમવા માટે શરીર નિરોગી હતા ત્યારે લોકોને જમવા મુશ્કેલીથી મળતું હતું આજે દિવસે આધુનિક સંશોધન થયું તેમાં આપણે ખરેખર આપણા પોતાના શરીર અને સૃષ્ટિ પરના સર્વે જીવોનું વિચાર્યા વિના બસ આધુનિકતા તરફ આગળ જ વધતા રહ્યા છીએ. આજે માણસની ખરીદ ક્ષમતા ઘણી બધી વધી ગઈ છે પણ ઝેરી દવા અને કેમિકલ ખેતીમાં ઉપયોગ થવાથી સૌથી પહેલા તો ધરતી નિર્ગુણી એટલે કે વાંઝણી બની ગઈ હોય તેવી હાલત બની ગઈ છે, કારણ કે જે જમીનની ફળદ્રુપતા હોવી જોઈએ તેના બદલે આજે એક થી દોઢ ઈંચ વરસાદ પડે તો પણ ખેતરમાંથી ઝાઝા ભાગનું પાણી બહાર નીકળી જતું હોય છે જ્યારે પ્રાકૃતિક ખેતી કરવામાં આવે એટલે કે પશુ આધારિત ખેતી કરવાથી જમીનની અંદર પોષણ તત્વો જળવાઈ રહે છે. અનેક જીવો જમીનની અંદર હોય તે ખેતીને પોચી રૂ જેવી રાખે છે તેનાથી વરસાદ પાંચથી સાત ઈંચ પડે તો પણ બધું પાણી જમીનમાં ઉતરી જાય છે તેનાથી જમીનના તળમાં પાણીનું ભેજ જળવાઈ રહે છે અને ઊંડે સુધી પાણી જમીનમાં સંગ્રહ થાય છે વરસાદી મીઠા પાણીથી ખેતીના ઉત્પાદનો દવા અને ખાતર વિના ઝેર મુક્ત બને છે. સૌથી ઉત્તમ જો કામ હોય તો સૌથી પહેલા વરસાદી પાણીની સંગ્રહ શક્તિ વધે તે છે અને ખેત ઉત્પાદનમાં ઝેર ન હોવાથી સૃષ્ટિ પરના સર્વે જીવો નીરોગી રહે છે.

આજે લોકો પાસે ખાવા માટે રૂપિયા છે પણ ખાવા લાયક વસ્તુ નથી મળતી અને જ્યારે ખાવા લાયક વસ્તુ મળે ત્યારે માનવ શરીર ખાવા લાયક નથી રહેતું. આ જ સોલ્યુશન માટે રાજકોટમાં તારીખ ૧૨, ૧૩ અને ૧૪ શુક્ર, શનિ અને રવિવારના રોજ કાલાવડ રોડ આત્મીય કોલેજ ખાતે 'ઓર્ગેનિક ખેડૂત હાટ'નું આયોજન થયેલું છે તેમાં શહેરમાં વસતા લોકોએ ફેમિલી ડોક્ટર નહીં પણ ફેમિલી ખેડૂત રાખવા માટેનો સરસ એક રસ્તો છે જેનાથી આપણા પરિવારને સંપૂર્ણ નિરોગી રાખવા માટે દરેક પ્રકારના અનાજ, કઠોળ, શાકભાજી, ફ્રુટ તેમજ અન્ય ખેત ઉત્પાદનો મળી રહે તેવી સુંદર વ્યવસ્થા કરેલ છે તો વધુમાં વધુ લોકો આ ઉત્પાદન ખરીદી કરી પોતાનો પરિવાર નિરોગી રાખે એ સાથે સૃષ્ટિ પરના સર્વે જીવોની રક્ષા થાય. ખેડૂતો આર્થિક રીતે સદ્ધર થાય અને પ્રાકૃતિક ખેતી તરફ વળે તો વરસાદનું શુદ્ધ પાણી વધુમાં વધુ જમીનમાં ઉતરે અને સંપૂર્ણ પ્રકૃતિની રક્ષા થાય .

# કુવાડવા રોડ પોલીસ સ્ટેશમાં આગ ભભૂકી, આશરે ૪૫૦૦૦નું નુકશાન

રાજકોટ:કુવાડવા રોડ પોલીસ સ્ટેશમાં આગ ભભૂકી ઉઠતા રાજકોટ મનપાની ફાયરબ્રિગેડની ટીમ દોડી ગઈ હતી. પોલીસ સ્ટાફે સતર્કતા દાખવી, આગવી સૂઝબૂઝથી ફાયર એક્સટીનગ્યુઝરની મદદથી આગ બુજાવી હતી. એ.સી.માં શોટ સર્કિટથી આગ લાગયાનું તારણ છે. કોન્ફરન્સ રૂમનો આ બનાવ હોય અહીં પડેલ ખુરશીઓ અને પ્રોજેકટરને નુકસાન પહોંચ્યું છે. પીઆઈ વી.આર. રાઠોડ પણ દોડી ગયા હતા.ફાયર વિભાગે આપેલી વિગત મુજબ, સવારે ૧૦.૪૦ વાગ્યા આસપાસ આગ લાગ્યાની જાણ થઈ હતી. જેથી બેડીપરા ફાયર સ્ટેશનેથી ટીમો દોડવાઈ હતી. જોકે સ્થળ પર આગ લાગ્યાની જાણ થતાં હાજર પોલીસ સ્ટાફે ડીસીપી ફાયર એક્સટીનગ્યુઝરની મદદથી આગ પર ફાયર એક્સટીનગ્યુઝરનો ફુવારો છોડી આગવી સૂઝબૂઝથી આગ બુઝાવી હતી. જેથી મોટું નુકસાન અટક્યું હતું. કોન્ફરન્સ રૂમમાં લાગેલા એસીમાં આગ લાગી હતી.આગ લાગી ત્યારે આ રૂમ બંધ હતો. રૂમમાં કોઈ વ્યક્તિ નહોતું જેથી કોઈ જાનહાની થઈ નથી. એસીમાં શોટસર્કિટથી તણખા ઝરતા કોન્ફરન્સ રૂમમાં પડેલ ખુરશીઓ અને ત્યાં રાખવામાં આવેલ પ્રોજેક્ટર મશીનને નુકસાન થયાનું જાણવા મળે છે. બનાવ વખતે પીઆઈ વી.આર. રાઠોડ દોડી આવેલા. સાથે પીએસઓ એલ.એસ. મહારાજ પણ હાજર હતા.પોલીસ સ્ટાફ દ્વારા બનાવની નોંધ કરી ઉપરી પોલીસ અધિકારીઓને રિપોર્ટ કરવા તજવીજ હાથ ધરવામાં આવી હતી.જે નોંધ કરાઈ છે. તેમાં આશરે ૪૫૦૦૦નું નુકશાન થયું હોવાનું જણાવાયું છે. આગ લાગ્યાના બનાવની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ એ.પી.નિમાવતને સોંપવામાં આવી છે.

# સજાના વોરંટમાં બે વર્ષથી ફરાર જયદીપ ઝડપાયો

રાજકોટ:સજાના વોરંટમાં બે વર્ષથી ફરાર કુંભારવાડાના જયદીપ મચ્છોયાને એ ડીવીઝન પોલીસે બસપોર્ટ પાછળથી દબોચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાપ્ત વિગત મુજબ એ ડીવીઝન પોલીસ મથકના પીઆઇ આર.જી.બારોટની રાહબરીમાં એએસઆઇ એમ.વી.લુવા, હેડ કોન્સ્ટેબલ કલ્પેશ બોરીચા, રઘુવીર ઈસરાણી સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે એસ.ટી. બસપોર્ટના પાછળના ભાગે જય અંબે ચા પાસેથી છેલ્લા બે વર્ષથી સજાના વોરંટમાં નાસતા ફરતા જયદીપ વિનોદ મચ્છોયા (રહે. કુંભારવાડા શેરી નં.૧૨, કેનાલ રોડ)ને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મહિલા પર દિયર, દેરાણી અને ભત્રીજાનો હુમલો

રાજકોટ:મોટા મવામાં ૪૫ વર્ષીય મંજુબેન માંગરોળીયા પર તેના દિયર પ્રવિણ, દેરાણી, ભત્રીજાએ ઇંટથી હુમલો કરતા સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ મોટા મવામાં રૂચી સોસાયટીની બાજુમાં મફતીયાપરામાં રહેતા મંજુબેન વિનોદભાઇ માંગરોળીયા (ઉ.વ.૪૫) આજે બપોરે પોતાના ઘરે હતા ત્યારે ધસી આવેલા તેમના દિયર પ્રવિણ, દેરાણી દિવાળીબેન અને ભત્રીજો આશિષે ઝડઘો કરી ઇંટથી હુમલો કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. તેઓને સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી.વધુમાં મળેલી વિગત મુજબ મહિલાના દિયર પ્રવિણ અવારનવાર દારૂના નશામાં તેણીના ઘરે ધસી આવી માથાકૂટ કરતો હોય, જેથી તેમને ઘરે આવવાની ના પાડતા તેનો ખાર રાખી દિયર અને તેના પરિવારે મહિલા પર હુમલો કર્યો હતો. બનાવ અંગે પોલીસે ઈજાગ્રસ્ત મહિલાનું નિવેદન નોંધવા તજવીજ હાથ ધરી હતી.

# ઈલે. બાઈકમાં અચાનક આગ લાગી, આખું સ્કૂટર બળીને ખાખ!

રાજકોટ: ૧૫૦ ફૂટ રિંગ રોડ પર બિગબજાર સામે બીઆરટીએસ બસ સ્ટોપ પાસે અચાનક એક ઈલેક્ટ્રીક બાઈક સળગી ઉઠ્યું હતું. ફાયર બ્રિગેડને જાણ થતા મુખ્ય ફાયર સ્ટેશન કનક રોડ ખાતેથી કિરણભાઈ ડી., અજય મિશ્રા, નિલેશભાઈ, કિરણભાઈ મારુ વગેરે ફાયર સ્ટાફ દોડી ગયા હતા.પાણીનો મારો ચલાવી આગ બુઝાવી હતી. બનાવમાં આખું સ્કૂટર બળીને ખાખ થઈ ગયું હતું.



સ્થળ પર સ્કૂટર ચાલક વિપુલભાઈ હાજર હતા. સ્કુટરમાં ધુમાડા નીકળતું તેઓ રોડ પર સ્કૂટર મૂકી દૂર ચાલ્યા ગયા હતા જેથી કોઈ જાનહાની થઈ નહોતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## કર્ણાટકમાંમાં કોંગ્રેસની અગ્નિપરીક્ષા

આગામી લોકસભાની ચૂંટણીમાં ચારે બાજુ ભાજપનો જય જય કાર થશે પરંતુ ઈન્ડીક ગઠબંધન ના વળતા પાણી થશે. ગુજરાતમાં વાદવિવાદ ચાલી રહ્યા છે બીજું કર્ણાટકમાં કોંગ્રેસની અગ્નિ પરીક્ષા થવાની છે મૈસૂર રાજ્ય પ્રગતિશીલ રાજ્યોની પ્રથમ હરોળમાં આવ્યું હતું. ભારતીય કોંગ્રેસના બેલગામ અધિવેશનમાં (૧૯૨૪) કર્ણાટકના એકીકરણ માટે વિચારણા થઈ હતી. આઝાદી બાદ ૧૯૫૬ સુધી ભારત સાથે જોડાણ સ્વીકારીને મૈસૂર 'બી' વર્ગનું રાજ્ય બન્યું. તેનો વિસ્તાર ૮૬,૨૭૩ ચોકિમી. અને વસ્તી ૯૮,૪૮,૬૪૮ હતાં. મુંબઈ રાજ્યનો ૫૪,૪૬૪ ચોકિમી. અને ૫૧,૩૫,૭૪૬ વસ્તીવાળો, હૈદરાબાદ રાજ્યનો ૩૫,૬૮૭ ચોકિમી. અને ૨૭,૧૮,૨૯૬ વસ્તીવાળો, તમિલનાડુનો ૧૧,૨૨૩ ચોકિમી. અને ૧૪,૬૯,૮૨૫ વસ્તીવાળો અને કૂર્ગનો ૪૧૧૦ ચોકિમી. અને ૨,૨૯,૪૦૫ વસ્તીવાળો પ્રદેશ મૈસૂરમાં ૧૯૫૬માં ભળ્યો હતો. નવેમ્બર, ૧૯૭૩થી આ પ્રદેશને હાલનું કર્ણાટક નામ મળ્યું છે. આવા કર્ણાટકમાં આગામી કર્ણાટક ચૂંટણીનું પરિદૃશ્ય સમજવા જેવું છે

આઝાદી બાદ ભારતસંઘમાં જોડાયા પછી મૈસૂરમાં જે ઘટનાઓ બની તેમાં ૧૯૫૨માં કે. હનુમંતૈયા મૈસૂર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા તે છે. ગાંધીવાદી અને બિનમજહબી વિચારસરણીને વરેલા હોવાથી તેમણે કોમવાદને જાકારો દીધો અને જ્ઞાતિવાદ ઉપર આધારિત રાજકીય જૂથોને ટેકો આપવા ઇનકાર કર્યો. આ કારણે તેમની જ્ઞાતિ તેમનાથી વિમુખ બની. વધુમાં લિંગાયતપ્રેરિત હૈદરાબાદ, તમિલનાડુ અને જૂના મુંબઈ રાજ્યના કન્નડભાષી પ્રદેશોને મૈસૂર સાથે જોડવાની હિલચાલને તેમણે ટેકો આપ્યો. આ કારણે રાજકારણમાં વોક્કલિંગા જાતિના વર્ચસ્ને આંચ આવે તેમ હતું. કારણ કે જૂના મૈસૂર રાજ્યમાં લિંગાયતો લઘુમતીમાં હતા. આમ વોક્કલિંગા જાતિનું વર્ચસ્ દૂર થવાની ભીતિથી તે હનુમંતૈયાની વિરુદ્ધ થઈ ગયા અને તેમને મૈસૂરનું મુખ્ય પ્રધાનપદ છોડવું પડ્યું. પણ મધ્યસ્થ પ્રધાનમંડળમાં સ્થાન મળતાં તેમણે રાષ્ટ્રીય રાજકારણમાં પ્રવેશ કર્યો.

કેરળ, તમિલનાડુ, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને તેલંગણાની સીમા સાથે જોડાયેલા એક માત્ર ભાજપ શાસિત દક્ષિણી રાજ્ય કર્ણાટકમાં ૧૦મી મેએ વિધાનસભાની ચૂંટણી યોજાશે. આ ચૂંટણી કોંગ્રેસની અગ્નિપરીક્ષા અને ભાજપ માટે ફરી સત્તામાં આવવા માટેનો પડકાર છે. ૩૮ વર્ષોના ઇતિહાસમાં કર્ણાટકમાં સત્તાધારી પક્ષની સત્તામાં બીજી વાર વાપસી નથી થઈ, એ ભાજપ માટે પડકાર છે.

કર્ણાટકમાં ૧૬ ટકા મુસ્લિમો છે. રાજ્ય પ્રધાનમંડળે મુસલમાનોને ઓબીસી ક્વોટામાં મળતું ૪ ટકા અનામત રદ કર્યું છે. મુસ્લિમોએ હવે આર્થિક રીતે નબળા વર્ગના ૧૦ ટકા અનામતમાં પોતાનો હક લેવાનો રહેશે. બે મુખ્ય જાતિઓ લિંગાયત અને વોક્કાલિંગામાં આ અનામતની બે – બે ટકા વહેંચણી કરી છે. આ નિર્ણયને કારણે યેદિયુરપ્પા સામે નારાજગી છે, પરંતુ યેદિયુરપ્પાને પ્રભાવી લિંગાયત સમુદાયનું સમર્થન છે.



## ફ્રાઈડે ફોટો સ્ટોરી

-જયદીપ એ. દવે.

## નિલમબાગ ચોકમાં રોજ સર્જાતું " love " નહીં પણ " Dove" triagngle...!!!


સામાજિક જીવનમાં " **love triangle"** શબ્દ એટલે કે પ્રણય ત્રિકોણ શબ્દ ચારિત્ર્યની કક્ષાને નિમ્ન સ્તરે લઈ જનારો દર્શાવતો હોવાથી અળખામણો હોય પણ નીલમ બાગ ચોક માં આવેલ એક પોલ ( થાંભલો )ના ત્રણ એન્ગલ પર કબૂતર એટલે કે **Dove** ના સમૂહને છટાથી બેસેલા જોઈ મગજમાં સ્ફુરી આવેલો " **Dove triangle "** શબ્દ આ દ્રશ્ય જેટલો જ મનગમતો લાગે છે.

# ચૂંટણી પ્રચારની વસ્તુઓ વેચવામાં ગળાકાપ હરીફાઈ

## ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર

આગામી લોકસભા ચૂંટણીનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છે તેમ તેમ ઈલેક્શનના માર્કેટમાં ગરમાવો આવી ગયો છે ત્યારે હવે દેશની ઈ-કોમર્સ વેબસાઈટમાં પણ ઈલેક્શનનો સામાન વધુ વ્યાપક રીતે મળવા લાગ્યો છે. ત્યાં સુધી કે ચાઈનીઝ ઈ-કોમર્સ વેબસાઈટો પણ ભારતીય પાર્ટીઓના સિંબોલ સાથેના બલ્કમાં ઓર્ડર લેવા તૈયાર છે.

અત્યાર સુધી ઈલેક્શનને પ્રજા ઉત્સવ તરીકે ગણાતા ક્યાંય ઈલેક્શન સંબંધિત વસ્તુઓ કોઈ દુકાનમાં સીધી વેચાતી કે ખરીદાતી ન હતી. પરંતુ ઇલેક્શનના બિલ્લા, માસ્ક, ભાજપ-કોંગ્રેસની ટોપીઓ, ભાજપ-કોંગ્રેસની શાલ, રુમાલ, બિલ્લાઓ, સ્ટીકર, નરેન્દ્ર મોદી અને રાહુલ ગાંધીના માસ્ક કિંમત અને સ્કીમ સાથે વિવિધ



કંપનીઓ ઈલેક્શનના બજારને ધ્યાનમાં લઈને વેચાઈ રહ્યા છે. આ ઉપરાંત હેવી ઈલેક્શન મટિરિયલ જેમ કે હીરાજડિત પક્ષના સિમ્બોલ પણ ઓનલાઈન વેબસાઈટો વીઆઈપીઓને ધ્યાનમાં રાખીને વેચી રહી છે.

એક કાર્યકર જણાવે છે કે ૮૦ના દાયકામાં જ્યારે ચૂંટણીઓ યોજાતી ત્યારે બિલ્લા, તોરણ, ટોપીઓનો ટ્રેન્ડ હતો. એ સમયે ટી.વી અને ઈન્ટરનેટ ન હતા એટલે ઈલેક્શનમાં કાગળનો ખૂબ ઉપયોગ થતો હતો. એક સ્થિતિ એવી પણ હતી કે ઈલેક્શન પતે ત્યારે ચાર રસ્તે, ગલીયોમાં અને ચોકમાં કાગળોના ઢગલા થતા. જો કે

### કરંટ ટોપિક

ચેનલોના આવ્યા પછી ધીમે ધીમે ભીંતો પરનો પ્રચાર કપડા સુધી સીમિત થઈ ગયો.

આજે સિન્થેટિક કાપડમાં પ્રિન્ટેડ પ્રતિકોનું ચલણ સૌથી વધુ ઉપયોગમાં લેવાય છે. ખભાનો ખેસ કાપડમાંથી બનાવવામાં આવે છે એ ઉપરાંત ટોપીઓ અને ઝંડાઓ કાપડમાંથી બનાવવામાં આવે છે. આ વખતે રેલીઓને ધ્યાનમાં રાખીને ઘણી કંપનીઓએ બાઈક અને સ્કૂટરમાં ઝંડા ટેકવી શકાય એવા સ્ટેન્ડ પણ બનાવ્યા છે.

વિવિધ વિસ્તારના કાર્યકરો એમ પણ જણાવે છે કે દરેક પાર્ટી કાર્યાલય પર ઈલેક્શનની જાહેરાતો વિના મૂલ્યે પ્રચારકોને મળતી હોય છે. બધું બલ્કમાં પણ જતું હોય છે. છતાં વ્યક્તિગત કે પોતાના ગ્રૂપમાં પ્રચાર કરવા માંગતા કાર્યકરો માટે આ ઈ-કોમર્સનો વિકલ્પ પણ છે.

ચાલીસ વર્ષ પહેલાં ઈલેક્શનમાં શર્ટ પરના વિવિધ પ્રકારના સેફટી પીનથી ભરાવી શકાય એવા બિલ્લાઓનું ચલણ હતું. તેની સામે હવે પાર્ટીઓના વિવિધ બિલ્લાઓ તો મળે જ છે સાથે સાથે પાર્ટી કાર્યાલયોમાંથી ખેસ પણ મળી રહ્યા છે. ઘણાં કાર્યકરો સ્વતંત્ર રીતે કેમ્પેઈન પ્રોગ્રામ કરતા હોય ત્યારે ઓનલાઈન ઓર્ડર પણ આપે છે જેથી દૂરના સેન્ટર સુધી જવું ના પડે.

# ખતરનાક પ્રદુષણને દરિયામાં ડમ્પિંગ કરવાની યોજના

## વિશ્વભરમાં કાર્બન ઉત્સર્જન ખતરનાક ઝડપે વધી રહ્યું છે ત્યારે આ કાર્બનને કેપ્ચર કરીને તેને સ્ટોરેજ કરીને દરિયામાં દફનાવી દેવાની એક યોજના તૈયાર કરવામાં આવી રહી છે જેને કારણે વિશ્વભરમાં કાર્બનનું ઉત્સર્જન ઘટે અને પર્યાવરણને લગતા જે કંઈ પ્રશ્નો હોય તેનું નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે



આબોહવા પરિવર્તનનો સામનો કરવા માટે કાર્બન સિક્વેસ્ટ્રેશન એક અસરકારક રીત બની શકે છે. પરંતુ કાર્બન સિક્વેસ્ટ્રેશન શું છે અને તે કેવી રીતે કામ કરે છે? તે હેલ્પ સેવ નેચર નામની સંસ્થા દુનિયામાં સારામાં સારું કામ કરી રહી છે આ સંસ્થા ની યોજના મુજબ કાર્બનના કણોને ચોક્કસ ટેકનોલોજીથી એકત્રક કરીને તેનું સ્ટોરેજ કરવામાં આવે અને તેને ડમ્પીંગ કરવામાં આવે તેવી યોજના તૈયાર કરવામાં આવી રહી છે

હેલ્પસેવનેચર આવા પ્રશ્નોના જવાબ આપે છે, સાથે તમને કાર્બન સિક્વેસ્ટ્રેશનના વિવિધ ગુણદોષ પણ આપે છે.

જંગલો વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડને શોષી લે છે અને તેને કાર્બન પૂલ તરીકે ઓળખાતા વિવિધ જળાશયોમાં સંગ્રહિત કરે છે, જેમાં વૃક્ષો (જીવંત અને મૃત બંને), રુટ સિસ્ટમ્સ, ઝાડીઓ, જંગલની જમીન અને જમીનનો સમાવેશ થાય છે. જીવંત વૃક્ષોમાં કાર્બનની ઘનતા સૌથી વધુ હોય છે, ત્યારબાદ જમીન અને જંગલનું માળખું હોય છે. લણણી કરેલ લાકડાના ઉત્પાદનો અને લેન્ડફિલ્સ પણ કાર્બનનો સંગ્રહ કરે છે. જ્યારે કાર્બન પૂલ વિઘટિત થાય છે અથવા બળે છે, ત્યારે તે કાર્બનને વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ તરીકે મુક્ત કરે છે.

આક્રમક જંતુઓ અને રોગો, દુષ્કાળ, જંગલની આગ અને શહેરી વિકાસ - આ બધું બદલાતી આબોહવા સાથે જોડાયેલું છે - વૂડલેન્ડની માત્રા અને કાર્બન જપ્તી અને સંગ્રહના દરને અસર કરી શકે છે. કાર્બન ચક્રમાં જંગલો અને તેમની ભૂમિકા બદલાતી હવામાન પરિસ્થિતિઓને કારણે પ્રભાવિત થાય છે. વરસાદ અને તાપમાનમાં થતા ફેરફારોથી વન આરોગ્ય અને ઉત્પાદકતા પર હાનિકારક અથવા ફાયદાકારક અસરો થઈ શકે છે જેની આગાહી કરવી ખૂબ જ જટિલ છે. સંજોગો પર આધાર રાખીને, આબોહવા પરિવર્તન જંગલોમાં કાર્બન જપ્તી ઘટાડશે અથવા વધારશે, જેના પરિણામે વિશ્વના જંગલો લાંબા ગાળે આબોહવા પરિવર્તન ઘટાડવામાં કેટલી હદે યોગદાન આપી શકે છે તે અંગે અનિશ્ચિતતા ઊભી થશે. વન વ્યવસ્થાપન પ્રવૃત્તિઓમાં અમુક પ્રક્રિયાઓને સક્રિય કરીને અને પ્રતિકૂળ પરિબળોની અસરોને ઓછી કરીને કાર્બન જપ્તી પર અસર કરવાની ક્ષમતા હોય છે.

### આસપાસ ચોપાસ

સુરેશ ભટ્ટ

રાજ્યો વિવિધ અભિગમો દ્વારા કાર્બન જપ્તી અને સંગ્રહ અને ટકાઉ વન વ્યવસ્થાપન પદ્ધતિઓને સમર્થન આપે છે. તંદુરસ્ત જંગલો જાળવવાથી પર્યાવરણ, નવીનીકરણીય ઉર્જા ઉત્પાદન અને નફાકારક લાકડા ઉદ્યોગને ફાયદો થાય છે.

આ કારણોસર, હૅંઝ (ફોરેસ્ટ કન્ઝર્વેશન કાઉન્સિલ) જેવી અગ્રણી સંસ્થાઓના વન સંરક્ષણ પ્રમાણપત્ર કાર્યક્રમો કાર્બન ઉત્સર્જન અને આબોહવા પરિવર્તનના મુદ્દાઓમાં મહત્વપૂર્ણ છે.

દરિયો ધરતી પરથી સૌથી વધુ ઝેર શોષતું ઉપકરણ કોલંબિયા યુનિવર્સિટીના સંશોધક કાર્બન કેપ્ચરિંગ અને સ્ટોરેજ માટે કામ કરી રહ્યા છે. સી ચેન્જ નામના આ પ્રોજેક્ટના ડાયરેક્ટર ગૌરવ સંત અનુસાર દરિયો ધરતી પસ્થી સૌથી વધુ કાર્બન ઉત્સર્જનને શોષતું ઉપકરણ છે. તે વાતાવરણમાં રિલીઝ થતા 30% સુધી ઝૅરને શોષી લે છે. ગૌરવ સંત અને તેમના સાથે ૧ ટન કાર્બન ડાયોક્સાઇડને હટાવવાનો ખર્ચ ઘટાડીને ૧૦૦ ડોલર (૮૨૨૩ રૂપિયા) પ્રતિ ટન સુધી લાવવામાં વ્યસ્ત છે. સંશોધકો આ ટેક્નોલોજીને કમર્શિયલાઈઝ કરીને કાર્બન ક્રેડિટ અને હાઇડ્રોજન વેચીને પૈસા કમાશે. તેના માટે તેઓએ ઈકવેટિક ઇન્ક નામનું એક સ્ટાર્ટઅપ પણ શરૂ કર્યું છે. આ સ્ટાર્ટઅપમાં સારું એવું રોકાણ પણ થઇ રહ્યું છે.સમગ્ર વિશ્વમાં ઇન્ડસ્ટ્રીઝ મોટા પાયે પ્રદૂષણ ફેલાવે છે. તેમાં કાર્બનનો સૌથી વધુ હિસ્સો છે. વિશ્વભરના દેશ ૨૦૫૦ સુધીમાં કાર્બન ઉત્સર્જન ઘટાડાવાના મહત્વકાંક્ષી લક્ષ્ય પર કામ કરી રહ્યા છે. આ દિશામાં વિશ્વની અનેક કંપનીઓ પ્રયોગ કરી રહી છે. કાર્બન પ્રદૂષણ ઘટાડવાનો એક સૌથી અસરકારક ઉપાય કાર્બન કેપ્ચર એન્ડ સ્ટોરેજ (સીસીએસ) છે. તે હેઠળ ઝૅરનું વાતાવરણમાં ઉત્સર્જનને બદલે ખાસ રીતે કેપ્ચર કરવામાં આવે છે અને જમીનની નીચે સ્ટોર કરવામાં આવે છે.

ઇટાલીની એક એનર્જી કંપની એની પ્રદૂષણ ફેલાવનારી ઈન્ડસ્ટ્રીઝમાંથી કાર્બન ડાયોક્સાઈડને લઈને જૂના પ્રાકૃતિક ગેસ ભંડારમાં સ્ટોર કરવા માટે પાઇપલાઇનનું એક નેટવર્ક બનાવવાનીયોજના પર કામ કરી રહી છે. એનીનો દાવો છે કે આ કાર્બન કેપ્ચર અને સ્ટોરેજ પ્રક્રિયાથી મોટા પાયે પ્રદૂષણ ઘટાડવામાં, બચત કરવામાં તેમજ નવી નોકરીનું સર્જન કરવામાં મદદ મળશે. આ કંપની પહેલાથી જ ક્રૂડ અને ગેસના વેચાણના ક્ષેત્રમાં કામ કરી રહી છે પરંતુ ક્લાઈમેટ ચેન્જની ચિંતાઓને કારણે તેને પોતાનું ભવિષ્ય અનિશ્ચિત નજરેપડી રહ્યું છે. એનીના અધિકારીઓના અનુમાન અનુસાર તેઓ કંપનીના અત્યારના ઇન્ફ્રાસ્ટ્રક્ચર જેમ કે ક્રૂડ ઓઇલના કુવા અને પાઈપલાઈનનો ઉપયોગ કાર્બન કેપ્ચરિંગ તેમજ સ્ટોરેજ માટે કરી શકે છે.

કંપની કેસલબોરસેટીમાં ગેસ પ્રોસેસિંગ પ્લાન્ટમાંથી નીકળતા અંદાજે અડધા કાર્બન ડાયોક્સાઇડને કેપ્ચરકરવા માટે અંદાજે ૧૦૦ મિલિયન યુરો (અંદાજે ૯૦૩ કરોડ રૂપિયા) ખર્ચ કરી રહી છે. કામ અનેક હદ સુધી પૂર્ણ થઇ ચૂક્યું છે અને ટૂંક સમયમાં જ કાર્બન ડાયોક્સાઇડને એક નવા કુવાના માધ્યમથી અંદાજે ૧૨ માઇલ દૂર અને દરિયાની સપાટીથી ૧૦,૦૦૦ ફૂટ નીચે એક ગેસ સેગમેન્ટમાં મોકલવાનું શરૂ કરવામાં આવશે. જો પહેલો તબક્કો સફળ થઈ જશે તો એક મોટી યોજના શરૂ કરવામાં આવશે જેનો પ્રારંભિક ખર્ચ ૧.૫ અબજ યૂરો (અંદાજે ૧૩,૫૦૦ કરોડ રૂપિયા) થશે. તેમાં ઇટલી અને ફ્રાન્સના કારખાનાને જોડવામાં આવશે અને ૧.૬ કરોડ ટન સુધી કાર્બન ડાયોક્સાઇડને ખેંચીને સમુદ્રની હેઠળ દફનાવવામાં આવશે. ગ્રાહકોનું દબાણ અને કાર્બન પર લાગતો ટેક્સ વ્યવસાયોને કાર્બન કેપ્ચર પ્રોજેક્ટ્સ પર ગંભીરતાપૂર્વક વિચારવા માટે પ્રેરિત કરી રહ્યું છે.

### ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો સમગ્ર વિશ્વમાં સંભળાઈ રહ્યો છે

# સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર Hollywood માં પીએમ મોદીનો પ્રચાર

**કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો**

નવીદિલ્હી,

ભારતમાં લોકસભા ચૂંટણીનો રંગ જામી રહ્યો છે. સમગ્ર વિશ્વની નજર ભારતની ચૂંટણી ઉપર છે. વડા પ્રધાન મોદી અને ભાજપ 'અબકી બાર ૪૦૦ પાર'નો નારો આપી રહ્યા છે. ભારત સહિત વિદેશોમાં પણ આ ગુંજ સંભળાઈ રહી છે. ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપી દ્વારા અમેરિકાના વિવિધ શહેરોમાં ભાજપની તરફેણમાં કાર્યક્રમો યોજાયા હતા. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર્સ ખાતે પણ ભાજપ કાર્યકરો અને સમર્થકોએ ભવ્ય કાર્યક્રમ આયોજિત કર્યો હતો. ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની ગરમ હવા વિદેશમાં પણ પહોંચી છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ એનડીએ ગઠબંધન રામમંદિરની પ્રાણપ્રતિષ્ઠા, જમ્મુ કાશ્મીરની કલમ ૩૭૦ હઠાવવી, ટ્રિપલ તલાક , જેવા મુદ્દાઓને આગળ કરી રહ્યું છે. તો બીજી તરફ 'ઈન્ડિયા' ગઠબંધન બેરોજગારી, મોંઘવારી, બંધારણીય સંસ્થાઓ નબળી પડવી, જાતિગત જનગણના જેવા મુદ્દાઓ ઉઠાવી રહ્યું છે. અમેરિકામાં વસતા ભારતીય અમેરિકનોએ ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની આગેવાનીમાં અમેરિકાના ૧૬ થી વધુ શહેરોમાં ભાજપના સમર્થનમાં રેલી અને સભા યોજી અને નરેદ્ર મોદીની તરફેણમાં ભાજપને મત આપવા આહવાન કર્યું હતું. કેલિફોર્નિયાના લોસએન્જલસ ના હોલિવુડ કોનાર્ક થીએટર ખાતે ઓવરસીઝ ફ્રેન્ડ્સ ઓફ બીજેપીની વેસ્ટ ઝોન દ્વારા ભવ્ય કાર્યક્રમ આયોજિત કરાયો હતો.

# સિઝનમાં બેંગલુરુ પાંચમી મેચ હાર્યું

## મુંબઈએ ૧૫.૩ ઓવરમાં ૧૯૭ રનનો ટાર્ગેટ ચેઝ કરી લીધો




મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૧૭મી સિઝનમાં મુંબઈ ઈન્ડિયન્સે સતત ૩ પરાજય બાદ બીજી મેચ જીતી હતી. ટીમે RCB સામે ૧૯૭ રનનો મોટો ટાર્ગેટ માત્ર ૧૫.૩ ઓવરમાં ચેઝ કરી લીધો હતો. સૂર્યકુમાર યાદવે ૧૭ અને ઈશાન કિશને ૨૩ બોલમાં ફિફ્ટી ફટકારી હતી જ્યારે જસપ્રીત બુમરાહે ૫ વિકેટ ઝડપી હતી.

આ સિઝનમાં RCBની આ પાંચમી હાર છે, ટીમ સતત ચોથી મેચ હારી હતી. વાનખેડે સ્ટેડિયમમાં ટૉસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા RCBએ ૮ વિકેટના નુકસાન પર ૧૯૬ રન બનાવ્યા હતા. દિનેશ કાર્તિક, ફાફ ડુ પ્લેસિસ અને રજત પાટીદારે અડધી સદી ફટકારી હતી. મુંબઈએ ૧૯૭ રનનો ટાર્ગેટ માત્ર ૩ વિકેટ ગુમાવીને ચેઝ કર્યો હતો.

# ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે દુનિયાને અલવિદા કહ્યું

નવીદિલ્હી,

ક્રિકેટ ચાહકો માટે ખુબ જ દુ:ખદ સમાચાર આવ્યા છે. આજે એટલે કે ૧૦મી એપ્રિલે પૂર્વ દિગ્ગજ ખેલાડીએ દુનિયાને અલવિદા કહી દીધું છે. જેના કારણે સમગ્ર ક્રિકેટ જગતમાં શોકની લહેર છે. ચાહકો માની શકતા નથી કે ભૂતપૂર્વ દિગ્ગજે દુનિયાને અલવિદા કહ્યું છે. તમને જણાવી દઈએ કે આ ખેલાડીનો ટેસ્ટ ક્રિકેટમાં ઘણો દબદબો હતો. આ પૂર્વ ક્રિકેટરે પોતાની ટીમ માટે ઘણી મેચો પોતાના દમ પર જીતી છે, પરંતુ આજે આ ખેલાડી દુનિયા છોડી ગયો છે.

ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ લેગ સ્પિનર જેક અલાબાસ્ટરે ૯૩ વર્ષની વયે દુનિયાને અલવિદા કહી દીધું છે. અલાબાસ્ટરે ૧૯૫૫ થી ૧૯૭૨ વચ્ચે ક્રિકેટ મેચ રમી હતી. આ સમયગાળા દરમિયાન તેમણે ૨૧ ટેસ્ટ મેચ રમી, જેમાં તેણે ૪૯ વિકેટ લીધી. આ સમયગાળા દરમિયાન ન્યુઝીલેન્ડની ટીમે ૪ ટેસ્ટ મેચ જીતી હતી, જેક અલાબાસ્ટર પણ આ વિજેતા ટીમનો ભાગ હતો. તમને જણાવી દઈએ કે તેણે વર્ષ ૧૯૫૫માં પાકિસ્તાન વિરૂદ્ધ ડેબ્યૂ મેચ રમી હતી. જેકે વર્ષ ૧૯૫૫-૫૬માં ભારતની મુલાકાત લીધી હતી. આ સિવાય તેણે ૧૯૫૮માં ઈંગ્લેન્ડ અને ૧૯૬૧થી ૧૯૬૨ દરમિયાન દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ પણ કર્યો હતો.

તમને જણાવી દઈએ કે જ્યારે જેક અલાબાસ્ટર ટેસ્ટ સીરીઝ રમવા માટે દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયા હતા.

# પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું

ઈસ્લામાબાદ,

પાકિસ્તાને એકવાર ફરીથી સંયુક્ત રાષ્ટ્રના હેપ્પીનેસ રિપોર્ટમાં મોટા અંતરથી ભારતને પછાળ છોડી દીધું છે. પાકિસ્તાનને જ્યાં આ હેપ્પીનેસ રિપોર્ટમાં ૧૦૮મું સ્થાન મળ્યું છે તો ભારત આ યાદીમાં ૧૨૬મા સ્થાન પર છે. આ રેક્નિંગને બુધવારે જાહેર કરવામાં આવી છે. ફિનલેન્ડને સતત સાતમાં વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ જાહેર કરવામાં આવ્યો છે. ફિનલેન્ડ બાદ ડેનમાર્ક, આઈસલેન્ડ અને સ્વીડન છે. ત્યારબાદ ઈઝરાયલ, નેધરલેન્ડ, નોર્વે, લગ્જમબર્ગ, સ્વિત્ઝર્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા આવે છે. આ લિસ્ટમાં અફઘાનિસ્તાનને સૌથી ખરાબ રેટિંગ ૧૪૩ આપવામાં આવ્યું છે, જે તાલિબાન રાજ આવ્યા બાદ માનવીય સંકટથી સંઘર્ષ કરી રહ્યું છે.

આ રિપોર્ટ એક દાયકા કરતા વધુ સમયથી પ્રકાશિત થઈ રહ્યો છે. પરંતુ તેમાં પ્રથમવાર થઈ રહ્યું છે કે અમેરિકા અને જર્મની ૨૦ સૌથી વધુ ખુશ દેશોના લિસ્ટમાં નથી. આ સર્વેક્ષણમાં અમેરિકાને જ્યાં ૨૩મું તો જર્મનીને ૨૪મું સ્થાન મળ્યું છે. તો કોસ્ટારિકા અને કુવૈતની ટોપ ૨૦માં એન્ટ્રી થઈ છે અને તેને ક્રમશઃ ૧૨મું અને ૧૩મું સ્થાન મળ્યું છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે સૌથી ખુશ દેશોના લિસ્ટમાં સૌથી ઉપરના દેશોમાં વિશ્વના સૌથી મોટા દેશ સામેલ નથી.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ટોપ-૧૦ દેશના લિસ્ટમાં નેધરલેન્ડ અને ઓસ્ટ્રેલિયા એવા દેશ છે જેની વસ્તુ દોઢ કરોડ છે. ટોપ ૨૦ દેશોના લિસ્ટમાં કેનેડા અને બ્રિટન એવા દેશ છે જેની વસ્તી ૩ કરોડથી વધુ છે. સૌથી વધુ ઘટાડો અઘાનિસ્તાન, લેબનાન અને જોર્ડનના રેક્નિંગમાં થયો છે. તો તો પૂર્વી યુરોપના દેશો સર્બિયા, બુલ્ગારિયા અને લાટવિયાના રેક્નિંગમાં સૌથી વધુ વધારો થયો છે. હેપ્પીનેસ રેક્નિંગ લોકોના જીવન સંતુષ્ટિ, પ્રતિ વ્યક્તિ જીડીપી, સામાજિક સમર્થન, તંદુરસ્ત જીવનની અપેક્ષા, સ્વતંત્રતા અને ભ્રષ્ટાચારના આધાર પર નક્કી કરવામાં આવે છે.

# ચંદ્રયાન-૩ની ટીમને અમેરિકાનો અવકાશ ક્ષેત્રનો મોટો એવોર્ડ મળ્યો

વોશિંગ્ટન,

ભારતના અવકાશ વૈજ્ઞાનિકોનો ડંકો આખી દુનિયામાં વાગી રહ્યો છે. સ્પેસ શ્રેત્રમાં ભારના વૈજ્ઞાનિકોએ શાનદાર કામ કર્યું છે. અને આનું ઉત્તમ ઉદાહરણ ચંદ્રયાન-૩ની ચંદ્રમાના દક્ષિણ ધ્રુવ પર સોફ્ટ લેન્ડિંગ છે.

ભારતના આ કાર્યની પ્રશંસા સમગ્ર દુનિયામાં થઈ રહી છે. આ પ્રકરણમાં હવે ભારતની ચંદ્રયાન-૩ મિશન ટીમને અવકાશ સંશોધન માટે પ્રતિષ્ઠિત વર્ષ-૨૦૨૪ જોન એલ જેક સ્વિગર્ટ જુનિયર પુરસ્કાર મળ્યું છે.કોલોરાડોમાં વાર્ષિક સ્પેસ સિમ્પોસિયમના



ઉદ્દઘાટન સમારોહ દરમિયાન હ્યુસ્ટનમાં ભારતના કોન્સલ જનરલ ડીસી મંજુનાથને ભારતીય અવકાશ સંશોધન સંસ્થા વતી એવોર્ડ મળ્યો હતો. તે યુએસ સ્થિત સ્પેસ ફાઉન્ડેશનનો ટોચનો એવોર્ડ છે.

ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ઉતરનાર સૌપ્રથમ તરીકે ઈસરોનું મિશન ચંદ્રયાન ૩ માનવતાની અવકાશ સંશોધન આકાંક્ષાઓને સમજણ અને સહયોગ માટે નવા ક્ષેત્રો સુધી વિસ્તરે છે, સ્પેસ ફાઉન્ડેશને એક અખબારી યાદીમાં જણાવ્યું હતું. સ્પેસ ફાઉન્ડેશનના સીઈઓ હીથર પ્રિંગલે જાન્યુઆરીમાં એવોર્ડની જાહેરાત કરવામાં આવી ત્યારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અવકાશમાં ભારતનું નેતૃત્વ વિશ્વ માટે એક પ્રેરણા છે." સંશોધનનું સ્તર ફરીથી વધારવામાં આવ્યું છે.

# 'પુષ્પા' ફેમ અલ્લુ અર્જુને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં બે દાયકા પૂરા કર્યા



મુંબઇ,

'પુષ્પા' ફિલ્મ સાઉથના સુપર સ્ટાર અલ્લુ અર્જુનનો ગઈકાલે જન્મ દિવસ હતો. આ દિવસે તેની આગામી ફિલ્મ 'પુષ્પા-૨'ને ટિઝર પણ રીલીઝ થયું હતું. આ સાથે અલ્લુ અર્જુન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ૨૧ વર્ષ પુરા કર્યા છે. ફિલ્મી બેક ગ્રાઉન્ડમાંથી આવવા છતાં પરંપરાગત પથથી દૂર રહીને છેલ્લા બે દાયકામાં અનન્ય ભૂમિકાઓ ભજવીને સફળતા મેળવી છે.

અલ્લુની ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક ડાન્સ કિંગ તરીકે યાત્રા શરુ થઇ હતી. આજે તે એક આઈકોન સ્ટાર બન્યો છે. 'પુષ્પા'માં તેની શ્રેષ્ઠ અદાકારી માટે બેસ્ટ એક્ટરનો નેશનલ એવોર્ડ અપાવ્યો છે. તેની લોકપ્રિયતાને ધ્યાને લઈને દુબઈમાં મેડમ તુષાદના વેક્સ મ્યુઝિયમમાં તેનું વેક્સનું પૂતળું રાખવામાં આવ્યું છે.

તેની 'પુષ્પા-૨-ધ રૂલ'ની ફેન્સ આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. આ ફિલ્મના રીલીઝ થયેલા ટીઝરમાં 'જથારા' સિક્વન્સમાં તે જોવા મળે છે જે એક સાઉથની પરંપરા છે.

# 'હરે રામા, હરે ક્રિષ્ના...', ભક્તિમાં મગ્ન થયા પંડ્યા બ્રધર્સ, ભજન ગાતા નજરે પડ્યા



મુંબઇ,

સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેમાં જોઈ શકાય છે કે પંડ્યા બ્રદર્સ સાથે મળીને ભજન ગાતા જોવા મળી રહ્યા છે. વીડિયો જોયા બાદ એવું લાગી રહ્યું છે કે બંને ભાઈ ભક્તિના રંગમાં રંગાયા છે. બંનેએ શાનદાર કુર્તા પહેર્યા છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થયો છે. હાર્દિક પંડ્યા ભજન પર ઝૂમતા નજરે પડી રહ્યા છે. બંને ભાઈ હાથ મિલાવીને 'હરે રામા હરે ક્રિષ્ના' ભજન ગાઈ રહ્યા છે.

જોવામાં આવે તો જ્યારે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન બન્યા છે, ત્યારથી તેની મુશ્કેલીઓ ઓછી નથી થઈ રહી. સ્ટેડિયમ અને સોશિયલ મીડિયા પર ફેન્સ તેમને ટ્રોલ કરતા નજરે આવી રહ્યા છે. તેવામાં આ વીડિયો વાયરલ થયો છે. આ પહેલા પણ હાર્દિક પંડ્યાનો એક વીડિયો વાયરલ થયો હતો.

# હાવડા બ્રિજ પર કાર્તિક આર્યને 'ભૂલ ભૂલૈયા ૩'નું શૂટિંગ કર્યું

મુંબઇ,

બોલિવુડની અપકમિંગ ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩ને લઈ ચાહકો ખુબ જ ઉત્સાહિત છે, બોલિવુડ સ્ટાર કાર્તિક આર્યનની અપકમિંગ ફિલ્મ સાથે જોડાયેલી કેટલીક અપટેડ સામે આવી છે. ફિલ્મનું શુટિંગ છેલ્લા ૧ મહિનાથી શરુ થઈ ચુક્યું છે.

ભૂલ ભૂલૈયા ૩ કાર્તિક આર્યનની બિગ બજેટની અપકમિંગ ફિલ્મ છે. ફિલ્મમાં વિદ્યા બાલન અને તૃપ્તિ ડિમરી જોવા મળશે. બંન્નેએ શૂટિંગ પણ શરુ કરી દીધું છે. બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન તેની ફિલ્મ 'ભૂલ ભૂલૈયા ૩'ના શૂટિંગ દરમિયાન કોલકાતાના હાવડા બ્રિજ પર જોવા મળી રહ્યો છે.રિપોર્ટ્સનું માનીએ તો એનિમલ ફેમ તૃપ્તિ ડિમરી અને વિદ્યા બાલન ફિલ્મ ભૂલ ભૂલૈયા ૩માં મહત્વની ભૂમિકામાં જોવા મળશે. વાયરલ થઈ રહેલા ફોટોમાં કાર્તિક આર્યન રુહ બાબાના લુકમાં જોવા મળી રહ્યો છે. કાર્તિક આર્યન બાઈક પર બેસેલો જોવા મળી રહ્યો છે. કાર્તિકના ચાહકો પણ આ ફોટો જોઈ ખુશ થયા છે.ભૂલ ભૂલૈયા ૩માં કાર્તિક આર્યન રુહ બાબાના રોલમાં જોવા મળશે. તો વિદ્યા બાલન મંજુલિકા બની ફરી એક વાર ચાહકોને ડરાવશે. તૃપ્તિ ડિમરી કાર્તિકની ગર્લફ્રેન્ડના રોલમાં જોવા મળી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, આ ફિલ્મ દિવાળીમાં રિલીઝ થશે.

આ પહેલા ભૂલ ભૂલૈયાના ૨ પાર્ટ બોક્સ ઓફિસ પર હિટ રહ્યા છે. જેમાં પહેલા પાર્ટમાં અક્ષય કુમાર લીડ રોલમાં હશે, તો બીજા અને ત્રીજા પાર્ટમાં કાર્તિક આર્યન મહત્વના રોલમાં જોવા મળી શકે છે. હવે જોવાનું રહેશે કે, ભૂલભૂલૈયા ૩ બોક્સ ઓફિસ્ પર કેટલી કમાણી કરે છે.



### ચૂંટણીમાં કૌટુંબિક લડાઈ

# ભાઈ-બહેન,ભાભી અને નણંદથી લઈને પુત્રવધૂ અને સસરા વચ્ચે જંગ



નવીદિલ્હી,

દેશમાં હાલ ચૂંટણીનો માહોલ છે. દેશભરમાં ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં લોકસભાની ચૂંટણી યોજાવાની છે. પ્રથમ અને બીજા તબક્કા માટે નોમિનેશન પ્રક્રિયા સમાપ્ત થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો માટે ૧૯ એપ્રિલે મતદાન થશે. બીજા તબક્કામાં લોકો ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યોની ૮૯ બેઠકો માટે મતદાન કરશે. બે તબક્કાની નોમિનેશન પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ ૧૯૧ બેઠકો માટે સ્પર્ધાનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. અનેક બેઠકો પરના ચહેરાઓએ રાજકીય લડાઈ રસપ્રદ બનાવી છે. ઘણી જગ્યાએ પરિવારના સભ્યો સામસામે હોય છે.

નણંદ અને ભાભી વચ્ચેની રાજકીય સ્પર્ધા રસપ્રદ બની છે. અહીં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી અજિત પવાર કેમ્પ)એ સુનેત્રા પવારને લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે પોતાના ઉમેદવાર બનાવ્યા છે. સુનેત્રા મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના પત્ની છે. સુનેત્રા સામે તેની ભાભી સુપ્રિયા સુલે ચૂંટણી લડી રહી છે. સુપ્રિયા શરદ પવારની પુત્રી છે. બારામતી લોકસભા મતવિસ્તારના વર્તમાન સાંસદ ગઈડ (શરદ ચંદ્ર પવાર)ના સુપ્રિયા સુલે છે. ૨૦૧૯માં સુપ્રિયાએ બીજેપીના કંચન રાહુલ કૂલને હરાવ્યા હતા.

બિષ્ણુપુરથી ભાજપના વર્તમાન સાંસદ સૌમિત્ર ખાન ફરી ચૂંટણી મેદાનમાં છે. તૃણમૂલ કોંગ્રેસે તેમની પૂર્વ પત્ની સુજાતા મંડલને ટિકિટ આપીને સ્પર્ધાને રસપ્રદ બનાવી છે. ગત લોકસભા ચૂંટણીમાં સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના ઉમેદવાર શ્યામલ સંત્રાને હરાવ્યા હતા.

હરિયાણાની હિસાર બેઠક પર ચૌટાલા પરિવાર વચ્ચે મુકાબલો થવાની આશા છે. ભાજપે અહીં ઓ.પી ચૌટાલાના પુત્ર રણજીત ચૌટાલાને મેદાનમાં ઉતાર્યા છે. રંજીત હરિયાણા સરકારમાં સ્વતંત્ર ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી રહી ચૂક્યા છે. ભાજપમાં જોડાયા બાદ તેમને હિસાર બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે.

સુનૈના આઈએનએલડીની મહિલા પાંખની મુખ્ય મહાસચિવ છે. રણજીત ચૌટાલા સુનૈના ચૌટાલાના કાકા અને સસરા છે. જેજેપી એટલે કે જનનાયક જનતા પાર્ટી પણ ઓમ પ્રકાશ ચૌટાલાની બીજી વહુ નૈના ચૌટાલાને હિસાર સીટ પરથી ઉતારવાની તૈયારી કરી રહી છે. પૂર્વ નાયબ મુખ્યમંત્રી દુષ્યંત ચૌટાલાની માતા નૈના બધરા ચૌટાલા સીટથી ધારાસભ્ય છે.

આંધ્રપ્રદેશની કડપા લોકસભા સીટ પર પરિવારના સભ્યો વચ્ચે ટક્કર થશે. કોંગ્રેસે વાયએસ શર્મિલાને તેમના પરિવારના ગઢ કડપા બેઠક પરથી ઉમેદવાર તરીકે ઉતાર્યા છે. શર્મિલા આંધ્ર પ્રદેશ કોંગ્રેસ એકમના પ્રમુખ છે. તે કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી વાયએસ રાજશેખર રેડ્ડીની પુત્રી અને વાયએસઆર કોંગ્રેસ પાર્ટીના વડા જગન મોહન રેડ્ડીની બહેન છે. શર્મિલા આ ચૂંટણીમાં તેના પિતરાઈ ભાઈ વાઈએસ અવિનાશ રેડ્ડી સામે ચૂંટણી લડશે. રૂજીઇ કોંગ્રેસે અવિનાશ રેડ્ડીને મેદાનમાં ઉતાર્યા છે.અવિનાશ રેડ્ડીએ ૨૦૧૯થી આ સીટ જીતી હતી. વાયએસઆરમાંથી ચૂંટણી લડી રહેલા અવિનાશે ટીડીપીના આદિ નારાયણ રેડ્ડીને હરાવ્યા હતા

# રાજકોટ પૂર્વ વિધાનસભા વિસ્તારમાં મતદાર જાગૃતિ માટે ઘરે ઘરે જઈ પત્રિકા વિતરણ કરાયું

## ઓછા મતદાનવાળા વિસ્તારોમાં ખાસ જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ



રાજકોટ, લોકસભાની ચૂંટણીમાં રાજકોટ લોકસભા મત વિસ્તારમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે, રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ સાથે ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું, તેવા લો વોટર ટર્નઆઉટ વાળા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

જે અંતર્ગત, ૬૮-રાજકોટ પૂર્વ વિધાનસભા મત વિસ્તારમાં ઓછા મતદાનવાળા વિસ્તારોમાં ગતરોજ જિલ્લા પુરવઠા અધિકારી તથા રાજકોટ પૂર્વ મામલતદારના માર્ગદર્શનમાં મતદાર જાગૃતિ અભિયાન યોજાયું હતું. જેમાં ભાગ નં ૬૨, શક્તિ પાર્ક, સેટેલાઈટ પાર્ક, ધારા એવન્યુના વિસ્તારોમાં ઝોનલ ઓફીસરશ્રી તથા બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા ઘરે ઘરે જઈને આમંત્રણ પત્રિકાનું વિતરણ કરીને મતદારોને જાગૃત કરવામાં આવ્યા હતા.

જ્યારે ભાગ નં ૬૪માં પટેલ પાર્ક, દેવલોક પાર્ક, બાલાજી પાર્ક, શ્રીરામ પાર્ક, શિવશક્તિ પાર્ક તથા ભાગ-૭૧માં કિંજલ પાર્ક, વૃંદાવન પાર્ક શેરી ૧ અને ૨, નાથદ્વારા પાર્ક, ભગવતી પાર્ક વિસ્તારમાં ઝોનલ ઓફીસરશ્રી રવિભાઈ ખીમાણી તથા ભાગ ૬૪ના બુથ લેવલ ઓફિસર સુશ્રી મયુરીબેન અને ભાગ નં.૭૧ના બી.એલ.ઓ. સુશ્રી મનીષાબેન કટારીયા દ્વારા ઘરે ઘરે જઈને મતદાન જાગૃતિ પત્રિકા વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ભાગ નં ૨૫૩માં હુડકો ક્વાર્ટર અને તેની આજુ બાજુના વિસ્તારોમાં તથા ભાગ નં ૨૨૧ તથા ૨૨૨માં જંગલેશ્વર વિસ્તાર પાછળ તથા દેવપરા વિસ્તારની આજુ બાજુના વિસ્તારોમાં ઝોનલ ઓફીસરશ્રી તથા બુથ લેવલ ઓફિસરશ્રી દ્વારા ઘરે ઘરે જઈને "મતદાર જાગૃતિ" પત્રિકા વિતરણ કરવામાં આવી હતી. આ સાથે બધા નાગરિકોને ચૂંટણીમાં અચૂક મતદાન કરવા તથા કરાવવા માટે અપીલ કરવામાં આવી હતી.

# રાજકોટના ન્યારા આશ્રમ ખાતે પૂ. સદગુરૂદેવની પુણ્યતિથી ઉત્સવ ઉજવાશે

રાજકોટ, તા. ૨૧/૦૪/૨૦૨૪ ને રવિવારના રોજ ન્યારા આશ્રમ ખાતે પૂ. શ્રી સદ્‌ગુરૂ સ્વામી રણછોડદાસજી બાપુની પુણ્યતીથી ધામેધુમે ઉજવાશે. પૂ.ગુરૂદેવની પૂણ્યતીથી નિમિતે મંગળા આરતી સવારે ૬/૩૦ કલાકે, પાદુકા પુજન સવારે ૯/૦૦ કલાકે, ઉત્સવ આરતી બપોરે ૧૧/૩૦ કલાકે, મહાપ્રસાદ બપોર ૧૨ થી ૨/૩૦ વાગ્યા સુધી, રામધુન સવારના ૧૧ થી ૨ વાગ્યા સુધી, પાદુકા સ્પર્શ દર્શનનો લાભ સવારથી સાંજ સુધી રહેશે, સંધ્યા આરતી સાંજે ૭/૦૦ કલાકે કરાશે. સવારના પહોરમાં ગાયોને ઘાસચારો અપાશે તથા કુતરાને લાડુ દેવામાં આવશે. ન્યારા ગામના બાળકોને બટુક ભોજન કરવામાં આવશે.

# રાજકોટની દિલ્હી વર્લ્ડ પબ્લિક સ્કૂલમાં શેડો ધ સાયન્ટિસ્ટ કાર્યક્રમ યોજાયો




રાજકોટ, 'દિલ્હી વર્લ્ડ પબ્લિક સ્કૂલ રાજકોટ', વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભારતના યુવાનો માટે પ્રાયોગિક શિક્ષણ કાર્યક્રમો હેઠળ ખગોળશાસ્ત્ર અને એસ્ટ્રોફિઝિક્સ વિભાગ, યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયા ઓબ્ઝર્વેટરીઝ, સાંતાક્રુઝ દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત 'શેડો ધ સાયન્ટિસ્ટ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. રાજકોટના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે ઐતિહાસિક ક્ષણ, ખરેખર રાજકોટ સમગ્ર વિશ્વમાં શાળાઓમાં ૧૪૩ સહભાગીઓમાંનું એક હતું. પ્રોગ્રામ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને વૈજ્ઞાનિકો અને સંશોધકોને પડછાયો કરવાની અનન્ય તક આપે છે, વૈજ્ઞાનિક સંશોધન પદ્ધતિઓ, સમસ્યાનું નિરાકરણ પ્રક્રિયાઓ અને ખગોળશાસ્ત્રીય સાધનોના ટેકનિકલ પાસાઓ સાથે પ્રથમ હાથે એક્સપોઝર મેળવે છે

કોવિડ-૧૯ રોગચાળા દ્વારા ઊભા કરાયેલા પડકારો હોવા છતાં, પ્રોગ્રામ વર્ચ્યુઅલ પ્લેટફોર્મ પર એકીકૃત રીતે સંક્રમિત થયો, જેનાથી સહભાગીઓને કેક ઓબ્ઝર્વેટરી, સુબારૂ અને લિક ઓબ્ઝર્વેટરી/શેન જેવા પ્રખ્યાત ટેલિસ્કોપ પર રાત્રિના અવલોકન કરવામાં જોડાયા.

# રાજકોટમાં બ્રહ્મસેનાની ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવ ઉજવવા અંતર્ગત મીટિંગ મળી



રાજકોટ, અક્ષય તૃતીયાના રોજ આવનાર ભગવાન શ્રી પરશુરામના જન્મોત્સવ સમગ્ર રાજ્યમાં ભવ્યતા સાથે સામાજિક ધાર્મિક વિધિ સાથે સૌના સથવારે ઉજવણી કરવામાં આવે તે માટે બ્રહ્મ સેના દ્વારા તાજેતરમાં બે મીટીંગનું આયોજન કરવામાં આવેલ. જેમાં ચર્ચા કરાય કે ભગવાન શ્રી પરશુરામ જન્મોત્સવ ઉજવણી કરવામાં આવશે. સમુહ પુજા મહા આરતી તથા ધર્મ યાત્રાનું આયોજન કરવામાં આવશે.

# રવિવારે રાજકોટમાં ચિલ્ડ્રન - સિનિયર સિટિઝન પાર્કનું લોકાર્પણ

રાજકોટ, ૧૯૭૨માં સ્થપાયેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી કો.ઓ.હા.સો.લી. એ સુવર્ણ જયંતિ વર્ષની ભવ્ય રીતે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારે મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી નિર્મિત મનુભાઈ વોરા ચિલ્ડ્રન-સિનિયર સિટિઝન પાર્કનો લોકાર્પણ સમારોહ કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાના અધ્યક્ષ સ્થાને તા.૧૪ને રવિવારના રોજ સાંજે ૬:૩૦ કલાકે સોસાયટીની શેરી નં-૩ માં આવેલ રૂદ્રમુખી હનુમાન મંદિર પરિસરમાં યોજાશે.આ પ્રસંગે સોસાયટીના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે પ્રકાશિત સ્મૃતિ ગ્રંથનું વિમોચન કરવામાં આવશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાન પદે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી ઉપસ્થિત રહેશે. સોસાયટીના સ્થાપક પ્રમુખ આર.ડી આરદેશણા ખાસ ઉપસ્થિત રહેશે.

સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન અજયભાઈ જોશી, મેનેજિંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરા તથા વાઈસ ચેરમેન કૌશિક મહેતા ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમનું સંચાલન ઈ.એન.ટી. સર્જન ડો. સેજલબેન ભટ્ટ અને જીતેશકુમાર એમ. પંડિત કરશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડીયા, ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, શૈલેષ પટેલ, કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, ડી.પી. ત્રિવેદી, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટ જિલ્લાના ઈ-શ્રમ કાર્ડ ધારકોએ રાશન કાર્ડ સાથે લિંક કરવા સૂચના

રાજકોટ,રાજકોટ જિલ્લાના ઈ-શ્રમ કાર્ડધરાવતા શ્રમિકો પૈકી જે શ્રમિકો રાશનકાર્ડ ધરાવે છે, તેઓને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબોમાં લાભાર્થી તરીકે સમાવેશ કરવામાં આવે છે. આ માટે રાજકોટ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા હોય તેમણે સંબંધિત ઝોનલ કચેરીનો તથા ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતા હોય તેમણે સંબંધિત તાલુકા મામલતદાર કચેરીનો સંપર્ક કરવાનો રહેશે. ઈ-શ્રમ કાર્ડ ધારકોને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩માં અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવેશ કરવા માટે ઈ-શ્રમ કાર્ડ સાથે રાશનકાર્ડ નંબર લીંક કરવા જરૂરી છે. જેથી જે ઈ-શ્રમ કાર્ડ ધારકે ઈ-શ્રમ કાર્ડ કઢાવતી વખતે રાશનકાર્ડ નંબર આપેલ નથી. તેઓએ તાત્કાલિક પોતાના રહેણાંકના વિસ્તાર મુજબ સંબંધિત ઝોનલ કચેરી કે તાલુકા મામલતદાર કચેરીનો રાશનકાર્ડ તથા ઈ શ્રમ કાર્ડ સાથે સંપર્ક કરવાનો રહેશે. ઈ-શ્રમ કાર્ડ ધરાવતા તમામ કામદારો/શ્રમિકો પૈકી જે કાર્ડધારકો પાસે બારકોડેડ રાશનકાર્ડ ન હોય તેઓને ફોર્મ નંબર-૨ સાથે જરૂરી આધાર પુરાવા રજૂ કરવાથી નવા રાશન કાર્ડ આપવામાં આવશે આ બાબતે વધુ માહિતી જિલ્લા પુરવઠા કચેરી કલેક્ટર કચેરી બીજો માળ શ્રોફ રોડ રાજકોટ ખાતે રૂબરૂ અથવા ટેલીફોન નંબર ૦૨૮૧-૨૪૭૬૮૯૧ પર સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની રાજેશ્રીબેન વંગવાણીની યાદીમાં જણાવાયું છે.

# જુનાગઢ નોબલ યુનિવર્સિટીમાં નોકરી મેળવવા ઈચ્છુકો માટે મેગા જોબ ફેર

જુનાગઢ,કાલે તા.૧૩ શનિવારે જુનાગઢ ની ભેસાણ રોડ સ્થિત નોબલ યુનિવર્સિટી દ્વારા એક મેગા જોબ ફેર નું આયોજન કરવા માં આવેલ છે. આ જોબ ફેર માં ૫૦ થી વધુ કંપનીઓ ભાગ લેશે અને પસંદગી પામેલ વિદ્યાર્થીઓ ને તત્કાછલ જોબ ઓફર આપવામાં આવશે. ગુજરાત ની નામાંકિત કંપનીઓ જેવી કે બેકિંગ સેક્ટાર, આઈ. ટી, ફાર્માસ્યુ ટિકલ, મેન્યુફેક્ચરિંગ, એન્જિનિયરિંગ, જેવા સેક્ટર ની કંપનીઓ આ જોબ ફેર માં ભાગ લેશે. આ દરેક કંપનીઓ ના મેનેજર/ નોબલ યુનિવર્સિટી ખાતે કેમ્પેસપ્લે સમેન્ટ?નું આયોજન કરશે. આ જોબ ફેર માં વિદ્યાર્થીઓને ઓન ધ સ્પોટ જોબ ઓફર આપવામાં આવશે, જે વિદ્યાર્થી પોતાની ડ્રીમ જોબ મેળવવા ઈચ્છ તા હોય, તેઓએ આ જોબ ફેર માં ચોક્કસ ભાગ લેવો જોઈએ. અહી કોઈ પણ કોલેજ ના, કોઈ પણ કોર્ષ ના છેલ્લા વર્ષ ના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ કોઈ પણ વિદ્યાશાખા માં ગ્રેજ્યુ એટ/પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલ ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ જોબ માં ફ્રી રજીસ્ટ્રે શન કરાવવા માટે નોબલ યુનિવર્સિટી ની વેબસાઈટ પર લોગ ઈન કરવા માટે જણાવવા માં આવે છે.આ સંદર્ભે નોબલ યુનિવર્સિટી ના પ્રમુખ નીલેશ ધૂલેશિયા, ઉપપ્રમુખ ગિરીશ કોટેચા, મેનેજિંગ ટ્રસ્ટીગ વી. પી. ત્રિવેદી, સંસ્થા ના કો મેનેજિંગ ટ્રસ્ટી કે. ડી. પંડયા, સંસ્થા ના કુલપતિ ડો. એચ. એન. ખેર દ્વારા સફળ સંચાલન માટે શુભેચ્છા પાઠવેલ છે. જે સંસ્થા ના રજિસ્ટ્રાર અને ડીન ડો. જય તલાટી ની યાદીમાં જણાવ્યુ છે.

# રાજકોટ ગ્રામ્ય, વિસ્તારમાં વધુ કુલ ૬૭૧૫ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરાઈ

રાજકોટ, રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ સંદર્ભે આદર્શ આચારસંહિતા અમલી છે. જે અન્વયે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષી તથા અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન. કે. મુછારના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ સ્થળો પરથી અનધિકૃત પ્રચારાત્મક બેનરો, પોસ્ટરો, દિવાલ પરના લખાણ વગેરે દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.

જેના અંતર્ગત તા. ૧૦ એપ્રિલ સુધીમાં ૭૧ - રાજકોટ ગ્રામ્ય વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૨૮ અને ખાનગી મિલ્કતો પરથી ૨૮૩ મળી કુલ ૧૮૧૧ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. ૭૨ - જસદણ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૧૫૯૪ અને ખાનગી મિલ્કતો પરથી ૬૪૮ મળી કુલ ૨૨૪૨ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે. ૭૩ - ગોંડલ વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૩૮૦ અને ખાનગી મિલ્કતો પરથી ૧૨૪ મળીને કુલ ૫૦૪ પ્રચારાત્મક સામગ્રી દૂર કરવામાં આવી છે. ૭૪ - જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૭૯૭ અને ખાનગી મિલ્કતો પરથી ૬૦૦ મળીને કુલ ૧૩૯૭ પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. તેમજ ૭૫ - ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં જાહેર મિલ્કતો પરથી ૨૯૭ અને ખાનગી મિલ્કતો પરથી ૪૬૪ મળી કુલ ૭૬૧ રાજકીય જાહેરાતો હટાવવામાં આવી છે. આમ, રાજકોટ ગ્રામ્ય, જસદણ, ગોંડલ, જેતપુર અને ધોરાજી વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૬૭૧૫ અનધિકૃત પ્રચારાત્મક જાહેરાતો હટાવવામાં આવી છે.

# રવિવારે રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા વિનામુલ્યે હાડકાની તપાસ - નિદાન કેમ્પ

રાજકોટ, રોટરી ક્લોબ ઓફ રાજકોટ મીડટાઉન ૨૯ વર્ષથી વિવિધ સેવા-સમાજ કલ્યાકણના કાર્યોમાં કાર્યરત છે. ક્લબ દ્વારા એરપોર્ટ રોડ પર આવેલી ગીત ગુર્જરી સોસાયટી-૬, પેટ્રીયા સ્યુટસ હોટેલની સામેના રોડ ખાતે ગુજરાતની સર્વ પ્રથમ - એક અતિ આધુનિક ડાયાબિટીસ ને સમર્પિત રોટરી 'લલિતાલય' હોસ્પિરટલનું નિર્માણ કરવામાં આવ્યુંથ છે. આગામી રવિવાર, તા.૧૪ના રોજ રોટરી ક્લિબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા જાહેર જનતા માટે વિના મૂલ્યેફ હાડકાની તપાસ અને સચોટ નિદાન માટેના રવિવાર, તા.૧૪- સમય : સવારે ૯:૦૦ થી ૧૦:૩૦, સ્થનળ: રોટરી લલિતાલય હોસ્પિટલ, ૬- ગીત ગુર્જરી સોસાઈટી, પેટ્રીયા સ્યુટસ હોટેલની સામેનો રોડ, એરપોર્ટ રોડ, રાજકોટ કેમ્પળનું આયોજન કરવામાં આવેલ છે.

આ કેમ્પ માં હાડકાં તથા સાંધાના રોગ અને તકલીફ, ગરદન અને કમ્મરના દુઃખાવા, સંધિવા, ગઠિયો વા , અન્ય પ્રકારના વા, સ્નાવયુ - માંસપેશીના દુઃખાવા અને રોગ, ફેક્ચર અને અન્ય હાડકાં, સાંધા, સ્નયુની ઈજાઓ, ગોઠણ, ઘૂંટી , ખભાના તાણીયા, મિજાગરા ગાદીની ઈજાઓ, બાળકોને થતાં હાડકાંના રોગ, રસી - પાક-બગાડ, જન્મ, જાત ખોડખાંપણ, સાંધા બદલવાના (જોઈન્ટખ રિપલેસમેન્ટ) ઓપરેશન વિષેની તપાસ અને માહિતી, ફિઝિયોથેરાપી (કસરત) અંગે માહિતી અને માર્ગદર્શન વિના મૂલે આપવામાં આવશે. શહેરના નામાંકિત ઓર્થોપેડીક સર્જન ડો. કેતન ઠક્કર, ડો. નિશીથ સંઘવી, ડો. ભાવેશ સચદે, ડો. રોહન પારવાણી (બાળકોના ઓર્થોપેડીક સર્જન), વગેરે આ કેમ્પામાં પોતાની સેવા આપશે. જરૂરિયાતમંદ દર્દીઓને રાહત દરે એક્ષ-રે કાઢી આપવામાં આવશે.

# વેરાવળમાં સિંધી સમાજ દ્વારા ઝુલેલાલ ભગવાનની ૧૦૭૫મી જન્મ જયંતીની ઉજવણી : શોભાયાત્રા



મિતેશ પરમાર, વેરાવળ, વેરાવળ સોમનાથમાં સીધી સમાજ દ્વારા ઝુલેલાલ ભગવાન જન્મ. જયંતી ની ભવ્ય ઉજવણી કરવામાં આવેલ હતી આખો દિવસ ધાર્મિક કાર્યક્રમો યોજાયેલ હતા જેમાં ઝુલેલાલ મંદિરોમાં મહાઆરતી, શોભાયાત્રા, મહાપ્રસાદ, ધન ભજન કીર્તન ભંડારામાં હજારો ભાવિકો ઉમટી પડેલ હતા.

વેરાવળ શહેરમાં સીંધી સમાજના ઝુલેલાલ જન્મ્ જયંતી નીમીતે વ્હે લી સવારે દરીયાદેવનું પુજન કરી ઉજવણીની શરૂઆત કરવામાં આવેલ હતી ત્યા?રબાદ બપોરે સમુહ ભોજન પ્રસાદ ત્યારબાદ શોભાયાત્રા,ડીજે તેમજ આકર્ષક ફલોટ સાથે નિકળેલ હતી તે રાજમાર્ગો ઉપર ફરેલ હતી આગેવાનોએ ફુલહાર કરેલ હતા આ ડીજેના તાલ સાથે નિકળેલ હજારો યુવાનો દાંડીયા રાસથી ઝુમી ઉઠયા હતા ઠેર ઠેર ઠંડા પીણા આઈક્રિમ સરબત ના સ્ટોલો ઉભા કરાયેલ હતા અને બંદર રોડ ઉપર આવેલ ઝુલેલાલ મંદિર પુર્ણ થયેલ હતી ત્યાં દરીયાદેવ નું પુજન,પલ્લવ,આરતી સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમ નું આયોજન કરાયેલ હતું.

સોમનાથ પ્રભાસપાટણમાં ઝુલેલાલ ભગવાન જન્મ જયંતી ધામધુમથી ઉજવાયેલ હતી જેમાં ૧૦ કલાકે કીર્તન ભજન ૧ કલાકે સમુહ ભોજન અને ૪ કલાકે ભવ્યે શોભાયાત્રા નિકળેલ હતી શોભાયાત્રા ચોગનચોક, બંસરીવાવ, દરજીવાડા તાલુકા શાળા પાટચકલા, લાંબી શેરી થઈ ને સોમનાથ મહાદેવના પંટાગણમાં ડીસ્કો ડાંડીયાની રમઝટ બોલાવવામાં આવેલ હતી બંન્ને વિસ્તારમાં પોલીસે બંદોબસ્ત જાણવેલ હતો.

# ગીર સોમનાથ જીલ્લામાં વોટર્સ હેલ્પલાઈનના માધ્યમથી ચુંટણીલક્ષી વિવિધ ૨૪ ફરિયાદોનો ત્વરીત નિકાલ




વેરાવળ, જિલ્લામાં પારદર્શી વાતાવરણમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવા માટે જિલ્લા ચૂંટણી અધિકારી દિગ્વિજયસિંહ જાડેજાના નેતૃત્વમાં વિવિધ ચૂંટણીલક્ષી કામગીરીઓ ચાલી રહી છે. જેમાં આદર્શ આચારસંહિતાને લગતી ફરિયાદોના નિવારણ માટે તંત્ર સુદ્રઢ કામગીરી કરી રહ્યું છે. જિલ્લામાં ૧૬મી માર્ચથી લઈ અત્યાર સુધીમાં આચારસંહિતાના ભંગને લગતી ૨૪ ફરિયાદો આવી છે. જેનો ચૂંટણી તંત્ર દ્વારા સમયસર નિકાલ કરવામાં આવ્યો છે.

ગીર સોમનાથ જિલ્લામાં એમ.સી.સી. ફરિયાદ નિવારણ ટોલ ફ્રી નંબર પર ૦૪ ફરિયાદો મળી હતી. જેનો સત્વરે નિકાલ કરી દેવાયો હતો. જ્યારે સી-વિજિલ પર સૌથી વધુ ૨૦ ફરિયાદો મળી હતી. આમ, વિવિધ પ્લેટફોર્મ પર અત્યાર સુધીમાં કુલ ૨૪ ફરિયાદો મળી હતી. આ તમામ ફરિયાદોનો સત્વરે નિકાલ કરવામાં આવ્યો હતો.

# જૂનાગઢ એસ.પી. તાલુકા મથકના બુથની મુલાકાત લીધી



જુનાગઢ, જુનાગઢ લોકસભાની ચૂંટણીને લઈને જૂનાગઢ જિલ્લામાં તંત્ર પોલીસ તંત્રએ વિવિધ પગલાં હાથ ધર્યા છે. દરમિયાન ગઈકાલે એસ.પી. હર્ષદ મહેતાએ ડી.વાય.એસ.પી. હિતેશ ધાંધલીયા, તાલુકા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. ડી કે સરવૈયા સહિત પોલીસ અધિકારીઓને સાથે રાખી તાલુકા પોલીસ સ્ટેપશન વિસ્તારના વડાલ, માખીયાળા, ઝાલણસર, મજેવડી, વીરપુર, ગલીયાવાડ, સરગવાડા સહિતના ગામોની મુલાકાત લીધી હતી. અને પોલીસ અધિકારીઓને કાયદો અને વ્ય વસ્થાખની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જરૂરી સૂચનાઓ આપી હતી.

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર, આરોગ્ય કર્મીઓ અચૂક મતદાન કરવા થયા સંકલ્પબદ્ધ




જૂનાગઢ જૂનાગઢ સિવિલ હોસ્પિટલના ડોક્ટર અને આરોગ્ય કર્મીઓ અચૂક મતદાન કરવા થયા સંકલ્પબદ્ધ થયા છે. આ સાથે મતદાન જાગૃતિ અર્થેના સિગ્નેચર કેમ્પેઈનમાં પણ થયા સહભાગી બન્યા હતાં.

તા.૭મી મેએ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વિધાનસભા પેટા ચૂંટણી માટે મતદાન થનાર છે ત્યારે આ લોકશાહીના મહાપર્વમાં દરેક મતદાર મતાધિકારના ઉપયોગ થકી સહભાગી બને તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં મતદાન જાગૃતિ માટે ઝુંબેશ ચાલી રહી છે. તેના ભાગરૂપે જૂનાગઢ સિવિલ હોસ્પિટલના હોસ્પિટલના ડોક્ટર અને આરોગ્ય કર્મીઓએ નિર્ભયતાપૂર્વક, અને ધર્મ, વંશ, જ્ઞાતિ, જાતિ, ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનોથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. સવિશેષ મહિલા આરોગ્ય કર્મીઓ મતદાન કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ મતદાન જાગૃતિ માટેની પ્રતિજ્ઞામાં ડો. પાલા લાખણોત્રા સહિતના તબીબો જોડાયા હતા.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમન

## બોક્સ દીઠ રૂ. ૬૦૦થી ૧૮૦૦નો ભાવ બોલાયો

યજ્ઞેશ ભટ્ટ, જુનાગઢ,

કેસર કેરીના સ્વાદના રસીયાઓએ હવે તેમની પ્રિય કેરી માટે બહુ રાહ નહીં જોવી પડે. ફળોની રાણી ગણાતી મીઠી મધુર કેસર કેરીનું ધમાકેદાર આગમન થઈ ગયું છે. જોકે લોકોએ હાલ કેસરનો સ્વાદ લેવો થોડો મોંઘો પડી શકે છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં અંતે કેસર કેરીની આવકનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૮૦૦થી ૧૦૦૦ બોક્સની આવક થઈ હતી. હરાજીમાં પ્રતિ બોક્સનો ભાવ ૬૦૦થી ૧૮૦૦ રૂપિયા બોલાયો હતા. યાર્ડના વેપારીઓના મતે બજારમાં જેમ જેમ કેરીની આવકમાં વધારો થશે એમ એમ ભાવમાં પણ ઘટાડો જોવા મળશે.જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન ગીરની કેસર કેરીની ૨ હજારથી ૫ હજાર બોક્સની આવક થતી હોય છે, પરંતુ આ વર્ષે વાતાવરણમાં આવેલા પલટાના કારણે કેરીની આવક મોડી અને ઓછી થઈ છે. આ વર્ષે ૮૦૦થી ૧૦૦૦ બોક્સની જ આવકથી પ્રારંભ થયો છે.

ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમયગાળામાં બોક્સનો ભાવ ૨૫૦થી ૫૦૦ રૂપિયા હતો, એના બદલે આ વર્ષે ૬૦૦થી ૧૮૦૦ રૂપિયાનો ભાવ બોલાયો છે. જોકે આવનારા દિવસોમાં આવક વધતાં જ ભાવમાં ઘટાડો જોવા મળશે. એટલે લોકોએ સસ્તી કેરી ખાવા માટે હજી થોડા દિવસ વધુ રાહ જોવી પડી શકે છે.આજે જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૬૦૦થી ૧૦૦૦ કેરીના બોક્સની આવક થઈ છે અને આ કેરીના એક બોક્સનો ભાવ બોલાયો છે, જે એક કિલો કેરીના ભાવ ૧૮૦



રૂપિયા નોંધાયા છે. લાલબાગ, હાફુસ ,રત્નાગિરિ કેસર જેવી ઘણા પ્રકારની અલગ અલગ કેરીઓ પણ અહીં આવે છે.મોસમમાં ફેરફારના કારણે આ વર્ષે કેરીની આવકમાં ઘટાડો નોંધાયો છે. આવક પણ ઓછી છે અને કેરીના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. આવનારા સમયમાં કેરીની આવકમાં પણ વધારો થશે અને ભાવ પણ નીચા જશે.

# જોજો હોં.. ૭મી મેના બીજા કોઈ પ્લાન કરતા નહીં, પહેલાં મતદાન કરવા જજો.. : શિવાની અને જયની મતદારોને અપીલ

### નવતર અભિગમ : યુવાનોને આકર્ષવા મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાતાં સોશીયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ

રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪માં મહત્તમ મતદારોને મતદાનમાં સહભાગી બનાવવા ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી પી. ભારતીના નેતૃત્વમાં રાજ્યનું ચૂંટણી તંત્ર દ્વારા અનેક નવતર અભિગમ અપનાવવામાં આવી રહ્યાં છે.

જેના અંતર્ગત રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોષીના માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના સૂચન મુજબ કલેકટર કચેરી ખાતે ગત તા. ૧૦ના રોજ સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સની મીટીંગ યોજાઈ હતી.



જેમાં બહોળા પ્રમાણમાં ફોલોઅર્સ ધરાવતા ૩૫ યુવાનોને મતદાન જાગૃતિ માટે અવનવી પોસ્ટ, રીલ, સ્ટોરી બનાવવા સૂચનો આપવામાં આવ્યાં હતાં.

આ નિર્ણયના અમલીકરણરૂપે ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, યુ-ટ્યુબ સહિતના માધ્યમો પર લાખોના ફેન ફોલોઅર્સ ધરાવતાં રાજકોટના શ્રી શિવાની શુક્લ અને શ્રી જય શુક્લ યુગલે ફની વીડિયો બનાવીને લોકોને મતદાન કરવા જવાની અપીલ કરી હતી. વીડિયોમાં "જો જો હોં.. ૭મી મેના બીજા કોઈ પ્લાન કરતાં નહીં, પહેલાં મતદાન કરવા જાજો.." જેવી સરળ ભાષામાં લોકોને મત આપવા જવાની પ્રેરણા પૂરી પાડી છે. આ વીડિયો ઈન્સ્ટાગ્રામમાં ચીફ ઈલેક્ટોરલ ઓફિસર (ચીફ ઈલેક્ટોરલ ઓફિસર, ગુજરાત) સહિતના હેન્ડલસ્ ઉપર વિવિધ હેઝટેગ સાથે અપલોડ કરવામાં આવ્યો છે. જેથી, સોશીયલ મીડિયા થકી અચૂક મતદાનનો સંદેશો વધમાં વધુ લોકો સુધી પહોંચાડી શકાય.

# પરશોતમભાઈ રૂપાલાએ " ચાય સાથે વિકાસ કાર્યો ની ચર્ચા "



રાજકોટ ખાતે ભારતીય જનતા પાર્ટીના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ સાથે " ચાય પે ચર્ચા " કરીને, વિકાસ કાર્યોના અનુસંધાને બેઠક યોજીને આગળના ચૂંટણીલક્ષી આયોજનોની ચર્ચા કરી.

# જય સરદાર યુવા ગ્રુપની સામાજિક-સેવાકીય પ્રવૃતિઓ અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે : પરશોતમભાઈ રૂપાલા

### રાધાનગર સ્થિત જય સરદાર યુવા ગ્રુપ સંસ્થાની સૌજન્ય મુલાકાત લેતા રૂપાલાજી






રાજકોટ

શહેરના નાના મવા રોડ ખાતે આવેલ રાધાનગરમાં આવેલ સેવાકીય સંસ્થા જય સરદાર યુવા ગ્રુપ ટ્રસ્ટની રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાએ સૌજન્ય મુલાકાત લીધી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે જય સરદાર યુવા ગ્રુપ ધ્વારા વિવિધ સેવાકીય, સામાજિક પ્રવૃતિઓ જેવી કે આરોગ્ય અને તબીબી સેવાઅ માટે એમ્બ્યુલન્સ સેવા, ૮૦ ફુટ રોડ સ્થિત મુકિત ધામનું સંચાલન અને સમાજના નબળા તથા જરૂરીયાતમંદ બાળકોને ટયુશન ફી માં સહાયભૂત થવામાં આવે છે. આ તકે પરશોતભાઈ રૂપાલાએ જય સરદાર યુવા ગ્રુપ ટ્રસ્ટની સામાજિક અને સેવાકીય પ્રવૃતિઓ અન્ય લોકો માટે પ્રેરણાસ્ત્રોત સમાન છે. તેમણે સંસ્થાની અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓની સરાહના કરીને હોદેદારોને અભિનંદન પાઠવેલ હતા. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ અશ્વિન પાંભર, ઉપપ્રમુખ વિપુલભાઈ પાંભર, સંગઠન મંત્રી રમેશભાઈ વેકરીયા, મંત્રી અતુલભાઈ પોકર વિગેરે ઉપસ્થિત રહયા હતા.

# કોઠી કમ્પાઉન્ડમાં બિરાજતા કોટેશ્વર મહાદેવ મંદિરના દર્શનાર્થે પૂજા-અર્ચના કરતા પરશોતમભાઈ રૂપાલા

### સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા સહીતના આગેવાનો ઉપસ્થિત રહયા

રાજકોટ

શહેરના વોર્ડ—૩ માં જંકશન પ્લોટ વિસ્તારમાં પશ્ચિમ રેલ્વેના કોઠી કમ્પાઉન્ડમાં બિરાજતા શ્રી કોટેશ્વર મહાદેવ મંદિરના દર્શનાર્થે જઈને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર શ્રી પરશોતમભાઈ રૂપાલાએ પુજા—અર્ચના કરીને ભગવાનશ્રી ભોળાનાથ મહાદેવના આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે સાંસદ



મોહનભાઈ કુંડારીયા, રાજયસભાના સાંસદ રામભાઈ મોકરીયા, વોર્ડના પ્રભારી પુર્વેશ ભટ્ટ, વોર્ડપ્રમુખ હેમભાઈ પરમાર, અગ્રણીઓ મુરલીભાઈ દવે, સંજયભાઈ દવે, અશોકભાઈ દવે, દીપકભાઈ, ચંદ્રમૌલીભાઈ દવે, પ્રફુલાબેન સહિતના ઉપસ્થિત રહયા હતા. આ વોર્ડના કાર્યક્રમ દરમ્યાન પરશોતમભાઈ રૂપાલા સહિતના આગેવાનોએ એ વોર્ડપ્રમુખ હેમુભાઈ પરમારના જનસેવા કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# રાજકોટ કલેકટર કચેરીમાં બે જગ્યાએ ઉમેદવારી ફોર્મ ભરી શકાશે

### કલેકટર અને પૂરવઠા અધિકારી સમક્ષ ફોર્મ સ્વીકારાશે

રાજકોટ

લોકસભાની ચૂંટણીમાં રાજકોટ બેઠક માટે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થઈ જશે. જિલ્લા કલેકટર કચેરીમાં ૨ જગ્યાએ ફોર્મ ભરી શકાશે. જેમાં જિલ્લા કલેકટર અને જિલ્લા પુરવઠા અધિકારી આ ફોર્મ સ્વીકારવાના છે. હાલ ફોર્મ ભરવાની પ્રક્રિયા માટે ચૂંટણી તંત્ર દ્વારા વધારાનો સ્ટાફ પણ તૈનાત રાખવામાં આવ્યો છે.રાજકોટ જિલ્લામાં આવતીકાલે એટલે કે ૧૨/૦૪/૨૪ના રોજ ચૂંટણી પંચનું જાહેરનામું બહાર પાડવામાં આવશે. ત્યારથી ઉમેદવારી ફોર્મ ભરવાનું શરૂ થનાર છે. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તા.૧૯/૦૪/૨૪ના રહેશે. ઉમેદવારી પત્રોની ચકાસણી તા.૨૦/૦૪/૨૪ના રોજ હાથ ધરવામાં આવશે. જયારે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તા.૨૨/૦૪/૨૪ છે. તેમજ મતદાનની તા.૦૭/૦૫/૨૪ અને મતદાનની મત ગણતરી તા.૦૪/૦૬/૨૪ના રોજ કરવામાં આવશે. સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી કરવાની છેલ્લી તારીખ તા.૦૬/૦૬/૨૪ રહેશે.ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરી જિલ્લામાં ગ્રામ પંચાયતથી લઈ બીજી અનેક સરકારી કચેરીઓ સહિતના ૩૦૦૦ જેટલા સ્થળોએ આ જાહેરનામું લગાવવામાં આવશે. ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ થતી હોય, કલેકટર કચેરીમાં કાલથી એસીપી કક્ષાનો બંદોબસ્ત પણ મૂકી દેવામાં આવશે.વધુમાં ફોર્મ ભરવાની પ્રક્રિયા નવી કલેકટર કચેરી ખાતે કલેકટરની



ચેમ્બરમાં અને જિલ્લા પુરવઠા અધિકારીની ચેમ્બરમાં કરવામાં આવશે.અગાઉ ચૂંટણી સ્ટાફનું પ્રથમ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું હતું. તેમાં કેટલા અને કયા સ્ટાફને ચૂંટણી ફરજ બજાવવાની છે તે નક્કી થયું હતું. હવે આગામી ૨૫મી આસપાસ ચૂંટણી સ્ટાફનું બીજું રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવશે. આ અરસામાં જ તેઓનું પોસ્ટલ બેલેટ વડે મતદાન પણ કરાવવામાં આવશે.

# રાજકોટ શહેર પોલીસની ‘શી ટીમ’ના મહિલા કર્મચારીઓને નવો ડ્રેસ મળ્યો

### હવે ગુલાબી ટી-શર્ટ અને કાળા પેન્ટમાં બજાવશે ફરજ : મહિલા સુરક્ષા જાગૃતિ રેલી યોજાઇ



રાજકોટ,

રાજકોટ શહેર પોલીસની અલગ અલગ ઝોનની ‘શી’ ટીમો દ્વારા શહેરમાં સતત મહિલા જાગૃતિની કામગીરી થાય છે.

આ ઉપરાંત શાળા કોલેજો અને પછાત વિસ્તારોમાં બાળકો, બાળાઓને ગૂડ ટચ બેડ ટચ, સાયબર ક્રાઇમ, ટ્રાફિક અવેરનેસ સહિતની બાબતોથી સતત જાગૃત કરવામાં આવે છે. સોસાયટીઓ, જાહેર સ્થ ળોએ પણ મહિલાઓ, યુવતિઓને શી ટીમની કામગીરીથી વાકેફ કરી જરૂર પડયે આ ટીમની મદદ લઈ શકાય છે તેની વિગતો અપાય છે. શહેર પોલીસની અલગ અલગ ઝોનની શી ટીમોના મહિલા પોલીસ કર્મચારીઓને અલગ ઓળખ આપવામાં આવી છે. તેમને નવો ડ્રેસકોડ અપાયો છે. ગુલાબી ટી-શર્ટ અને કાળા પેન્ટઓના ડ્રેસકોડ સાથે હવેથી આ મહિલા પોલીસ કર્મચારીઓ ફરજ બજાવશે. દરમિયાન ગઈકાલે નવા ડ્રેસ સાથે શી ટીમના મહિલા પોલીસ કર્મચારીઓ દ્વારા પોલીસ હેડક્વાર્ટર ખાતેથી મહિલા સુરક્ષા જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ લીલી ઝંડી આપી હતી. આ પ્રસગે જેસીપી વિધી ચૌધરી, ડીસીપી પૂજા યાદવ, એસીપી આર. એસ. બારીયા, મહિલા પોલીસ સ્ટેશનના પીઆઇ ઈલાબેન એન. સાવલીયા સહિતના ઉપસ્થિએત રહ્યા હતાં.

પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા ખાસ અલગ જ યુનિફોર્મ તૈયાર કરાવવામાં આવ્યોસ છે. શી ટીમની એક અલગ ઓળખ બની રહે તે હેતુથી આ ડ્રેસકોડ તૈયાર કરવામાં આવ્યો છે. હવેથી આ યુનિફોર્મમાં જ સજ્જ થઇ શી ટીમના મહિલા પોલીસ કર્મચારીઓ પોતાની ફરજ બજાવશે.

# રાજકોટ મનપામાં એ.આઈ.બેઝ મોનીટરીંગ એપ અંગે વર્કશોપ યોજાયો



રાજકોટ,

રાજકોટ મનપા દ્વારા સ્વચ્છતા સર્વેક્ષણ અંતર્ગત એઆઇ બેઝ મોનીટરીંગ એપ અંગે વર્કશોપ યોજવામાં આવતા આ વર્કશોપને પ્લાસ્ટિક મુકત રાખી ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી હતી.

સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪ અંતર્ગત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ બેઝ મોનિટરિંગ એપ બાબતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનને મનપા દ્વારા ઝીરો વેસ્ટ ઈવેન્ટ બનાવવામાં આવી હતી.

આ ઈવેન્ટમાં કોઇ પણ પ્રકારની પાણીની પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો. પાણી કાચના ગ્લાસમાં આપવામાં આવ્યા હતા. આ વર્કશોપમાં સુકા અને ભીના કચરા માટે અલગ અલગ ડસ્ટબીન રાખી ઈવેન્ટમાં કોઈપણ પ્રકારના પ્લાસ્ટીકનો ઉપયોગ કરવામાં આવેલ ન હતો.

આ ઝીરો વેસ્ટ ઈવેન્ટમાં કમિશનર આનંદ પટેલ, ત્રણેય ઝોનના ડે. કમિશનર, ત્રણેય ઝોનલ સીટી એન્જિ., ડે.ઈજનેરો, ટેકનિકલ સ્ટાફ તથા કમિશનરના ટેકનીકલ પી.એ. ઉપરાંત સ્માર્ટ સિટીના એક્ઝિક્યુટિવ એન્જિનિયર હાજર રહ્યા હતા.

# રિલાયન્સે ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધીને સિંહોની સુરક્ષા સુનિશ્ચિત કરી

### પરિમલ નથવાણીના નેતૃત્વમાં આર.આઈ.એલ. ગુજરાતના વન વિભાગ સાથે મળીને પ્રાણીઓના રક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત છે

રાજકોટ

ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (આર.આઈ.એલ.) એ ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૫૩૪ ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવાનું કાર્ય પૂર્ણ કર્યું છે. આ પહેલનો હેતુ વન વિસ્તારમાં વન્યજીવો, ખાસ કરીને ગુજરાત અને ભારતના ગર્વ સમાન એશિયાટીક સિંહોની સુરક્ષામાં વધારો કરીને તેમને મૃત્યુ તથા ઈજાથી બચાવવાનો છે.

આર.આઈ.એલ.એ ગીરના રક્ષિત વિસ્તારમાં ખૂલ્લા કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધવા માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે જૂન ૨૦૨૧માં સમજૂતિ કરાર (એમ.ઓ.યુ.) કર્યો હતો.

વન્યજીવ પ્રેમી અને આર.આઈ.એલ.ના કોર્પોરેટ અફેર્સના ડાયરેક્ટર શ્રી પરિમલ નથવાણીના નેતૃત્વ હેઠળ રિલાયન્સે ગીર પૂર્વ વિભાગના સાવરકુંડલા તથા તુલસીશ્યામમાં ૬૩૮ કૂવા અને ગીર પશ્ચિમ વિભાગના માળિયા, તાલાળા અને કોડિનારમાં ૮૯૬ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી છે.

વન્યજીવ પ્રેમી અને ગીરના



સિંહો પ્રત્યે વિશેષ લગાવ ધરાવતા શ્રી પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, “અમે ગીરમાં વન્યજીવો, ખાસ કરીને એશિયાટીક સિંહના રક્ષણ માટે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને કામ કરીએ છીએ કારણ કે વન્યજીવોના સંવર્ધન માટે અમે પ્રતિબધ્ધ છીએ. અમારી આ પહેલ એશિયાટીક સિંહો અને અન્ય વન્યજીવોને ગીરના રક્ષિત વિસ્તારમાં તેમજ આસપાસના વિસ્તારમાં ખૂલ્લા કૂવામાં પડીને જીવ ગુમાવવા કે ઈજા પામવાથી બચાવવામાં ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે.”

ગીરમાં કૂવાની સંખ્યામાં ઘણો વધારો થયો છે. પરંતુ દુ:ખદ રીતે, આ કૂવાની ફરતે સંરક્ષણ દિવાલ નહીં હોવાને કારણે એશિયાટીક સિંહો મારણનો પીછો કરતી વેળાએ કૂવામાં પડી જતાં ગંભીર ઈજા પામે અથવા મૃત્યુ પામે છે.

ભૂતકાળમાં પણ, શ્રી પરિમલ નથવાણીના નેતૃત્વમાં રિલાયન્સે ગુજરાત સરકારના વન વિભાગ સાથે મળીને આ પ્રકારની પહેલ કરી હતી અને ગીર રક્ષિત વિસ્તારમાં ૧,૨૯૪ કૂવા ફરતે સંરક્ષણ દિવાલ બાંધી હતી. શ્રી પરિમલ નથવાણી રાજયસભાના સાંસદ પણ છે અને તેમણે સંસદ અને સંસદની બહાર એશિયાટીક સિંહોના રક્ષણ અને સંવર્ધન સાથે સંબંધિત મુદ્દા ઘણી વખત ઉઠાવ્યા છે.

# રાજકોટના જાણીતા મહિલા પત્રકાર માસુમાબેન જૈનુદ્દીન ભારમલનું અવસાન

### લાંબા સમયથી કેન્સરથી પીડાતા હતા : દાઉદી વ્હોરા સમાજમાં શોક છવાયો

રાજકોટ,

રાજકોટના જાણીતા મહિલા પત્રકાર માસુમાબેન જૈનુદ્દીન ભારમલ (જે.બી. અલંગ) રહે ગાંધી સોસાયટી બ્લોક.૪૪ તે અબ્બાસભાઈ તૈય્યબલી જરીવાલા (મુંબઈવાલા)ના પત્ની તથા ઝહાબિયા જરીવાલાની માતા તથા ઝૈનાબેન અહેમદઅલી ભારમલ (કલકત્તાવાલા)ના પુત્રી, કુતુબુદ્દીનભાઈ ભારમલ સકીનાબેન ભારમલ તાહેરાબેન કપાસી નું બહેન નું અવસાન થયું છે.

માસુમા ભારમલ એ રાજકોટના બ્યૂરો ચિફ તરીકે એશિયન ન્યૂઝ ઈન્ટરનેશનલમાં તરીકે કામ કર્યું હતું. આ ઉપરાંત તેઓ ઈન્ડિયન એક્સપ્રેસ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા ફર્સ્ટ પોસ્ટ સહિતની ઓર્ગેનાઈઝેશનમાં કામ કર્યું હતું. ઈન્ટરનેશનલ એરલાઈન્સ મેગેઝીનમાં પણ તેમણે રિપોર્ટીંગ



કર્યું છે.

સોલાર પ્લેન ના પાયલોટ નું ઈન્ટરવ્યૂ પણ તેમણે જર્મની જઈને કર્યું હતું તેઓએ એક રિપોર્ટર તરીકે રાજકોટ મુંબઈ તેમજ જર્મની અને ફ્રાન્સમાં જઈને નીડર બની લોકોનો અવાજ બન્યા છે. તેમની અનેક સ્ટોરીઓ દેશમાં વિદેશમાં હેડલાઈન્સ બની હતી.

# ગોંડલના પાટખીલોરીમાં પ્રેમઘેલા સાળી-બનેવીએ ઝાડ પર સજોડે લટકી આત્મહત્યા કરી

## આ જન્મારે એક નહી થઈ શકીએ એમ સમજીને અંતિમ પગલું ભરી લીધું

ગોંડલઃ ગોંડલ તાલુકાનાં પાટખીલોરી ગામ ની સીમ માં આવેલી વાડીમાં મધ્યપ્રદેશ નાં પ્રેમી પંખીડાએ ઝાડ ની ડાળીમાં લટકી આત્મહત્યા કરી હતી.બન્ને પ્રેમી યુગલ સબંધ માં સાળી બનેવી થતા હોવાનું ખૂલ્યું છે.જેમાં સાળી સગીર વયની હતી.રાત્રે બનેલી ઘટનામાં સવારે વાડી માલિક ને જાણ થતા સુલતાનપુર પોલીસ ને જાણ કરી હતી.દોડી આવેલી પોલીસે બન્નેનાં મૃતદેહ ને ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા.બનાવ ની પ્રાપ્ત વિગત મુજબ મધ્ય પ્રદેશ નાં બરહનપુર જીલ્લાનાં ડુંડગામ રહેતા ચંપીલાલ સુરસંગ બરડે ઉ.૧૯ ને તેની સગીર વય ની સાળી સાથે પ્રેમ સંબંધ બંધાતા પ્રેમ ને સમાજ કે પરીવાર સ્વીકારશે નહી તેવી લાગણી સાથે ગત ૧૫ માર્ચ ની આસપાસ બન્ને ઘરે થી નાસી છુટયા હતા.અહીતહીં રખડી પંદર દિવસ પહેલા ગોંડલ નાં પાટખિલોરી ગામે ચંદુભાઈ રવજીભાઈ ગોળ ની વાડીએ ખેતમજુરી કરવા રહ્યા હતા. આ દરમિયાન આ જન્મ માં એક થઈ જીવવું શક્ય નહી લાગતા પ્રેમમાં ઓતપ્રોત પ્રેમી પંખીડાએ ગત રાત્રે વાડીમાં લીમડાનાં ઝાડની ડાળીએ સજોડે લટકી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.સવારે વાડી માલિક વાડીએ આવતા અને ઝાડ ની ડાળીએ બન્નેની લાશ લટકતી જોઈ હબકી ગયા હતા.બાદ માં સુલતાનપુર પોલીસ માં જાણ કરતા પીએસઆઇ.આર.જે.જાડેજા તથા જમાદાર હિતેશભાઈ ગરેજા ઘટનાસ્થળે દોડી જઇ બન્નેનાં મૃતદેહ નીચે ઉતારી ગોંડલ સિવિલ હોસ્પિટલ ખસેડયા હતા.પોલીસ સુત્રો અનુસાર ચંપીલાલ અને પોતાની સગી બહેન વચ્ચેનાં પ્રેમની જાણ ચંપીલાલ ની પત્નીને થતા અને પ્રેમી પંખીડા નાસી છુટતા પત્નિ ઘર છોડી માવતર ચાલી ગઈ હતી.


# રૂપાલાનો ભવ્ય પ્રચારઃરાજકોટમાં ઢોલ-નગારાં સાથે પાટીદારના ગઢમાં સ્વાગત

રાજકોટઃરાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે વિવાદાસ્પદ નિવેદન કરવામાં આવ્યું ત્યારથી તેઓ વિરોધનો સામનો કરી રહ્યા છે. જોકે આજથી તેમણે ડોર ટુ ડોર પ્રચાર શરૂ કર્યો હતો. શહેરના કુવાડવા રોડ ઉપર આવેલી સોસાયટીઓ અને દુકાનોમાં પહોંચી તેમણે ભાજપને જિતાડવા માટે પ્રચાર શરૂ કર્યો છે, જેને લોકોનો ખૂબ જ સારો પ્રતિભાવ મળ્યો હતો. ઠેર-ઠેર રૂપાલાને હાર પહેરાવવામાં આવ્યા હતા તો ગુલાબનાં ફૂલોથી તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાએ ૫૦૦ની નોટનું બંડલ દેખાડી નેતાઓ પર ફેરવી પાછું



ખિસ્સામાં મૂકી ૧૦૦ની નોટનું બંડલ ઢોલીને આપ્યું હતું.નાની બાળાઓએ મીંઢોળ બાંધી રૂપાલાનું સ્વાગત કર્યું હતું. આ તકે ઢોલ-નગારાં સાથે ફટાકડા ફોડવામાં આવ્યા હતા. આ સમયે રૂપાલા પણ લોકોને ભવ્ય અભિવાદન ઝીલી ખુશખુશાલ થઈ ગયા હતા.આજે રાજકોટમાં પાટીદારોનો ગઢ ગણાતા કુવાડવા રોડ ઉપર રૂપાલાએ ડોર ટુ ડોર ચૂંટણીપ્રચાર શરૂ કર્યો હતો. આ સમયે મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રૂપાલા હાલ રાજ્યસભાના સાંસદ રામ મોકરિયાની કારમાં પ્રચાર માટે જઈ રહ્યા છે. રામ મોકરિયા, રાજકોટ લોકસભા બેઠકના પૂર્વ સાંસદ મોહન કુંડારિયા, ઉદય કાનગડ, મેયર નયનાબેન પેઢડિયા તેમજ શહેર ભાજપના પ્રમુખ મુકેશ દોશી સહિતનાએ ભાજપનો પ્રચાર કર્યો હતો.આ તકે લાંબા સમયથી અલિપ્ત રહેલા ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ભરત બોઘરા પણ રૂપાલાના પ્રચારમાં જોડાયા હતા. આ તકે સિદસર ઉમિયાધામના પ્રમુખ અને કડવા પાટીદાર જયરામ પટેલ રૂપાલાને મળ્યા હતા. જોકે અહીં સૌથી આશ્ચર્યની વાત એ હતી કે સામાકાંઠે જયાં રૂપાલાએ પ્રચાર કર્યો ત્યાંના આગેવાન અને લેઉવા પાટીદાર સમાજના ભાજપના આગેવાન ગણાતા અરવિંદ રૈયાણી દેખાયા નહોતા.

# મેફેડ્રોન સાથે પકડાયેલા બંને શખ્સ પાંચ દિવસના રિમાન્ડ પર




રાજકોટઃશહેરના કુવાડવા રોડ જૂના જકાતનાકા પાસેથી બુધવારે ડ્રગના જથ્થા સાથે પકડાયેલા બંને શખ્સને પોલીસે રિમાન્ડ પર લીધા છે. બુધવારે બી ડિવિઝન પોલીસ અને એલસીબી ઝોન-૨ની ટીમે બાતમીના આધારે જામનગરના શાહરુખ બસીર જામ અને રાહુલ દીપક ગોસાઈને રૂ.૭૫ હજારની કિંમતના ૭.૫૦ ગ્રામ મેફેડ્રોન સાથે ઝડપી લીધા હતા. અગાઉ પ્રોહિબિશનના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા અને વાહન લે-વેચનો ધંધો કરતા રાહુલ સહિત બંને શખ્સની વિશેષ પૂછપરછ કરવા ગુરુવારે રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં અદાલતે બંને આરોપીના પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરી પોલીસ હવાલે કર્યા હતા.રિમાન્ડમાં રહેલા બંને શખ્સની પૂછપરછ શરૂ કરતા તેઓ પણ ડ્રગના બંધાણી હોવાનું જણાવ્યું હતું. થોડા દિવસ પહેલાં જ બંને મુંબઈથી મેફેડ્રોન લઈને રાજકોટ આવ્યા હતા અને રાજકોટથી જામનગર વેચવા જતા હતા. તે સમયે પોલીસ સકંજામાં સપડાઇ ગયાની કબૂલાત આપી છે. ડ્રગનો જથ્થો મુંબઈથી લઇ આવ્યાની કબૂલાતને પગલે પોલીસે મૂળ સુધી પહોંચવા અલગ અલગ ટીમો બનાવી મુંબઇ તેમજ જામનગર તરફ રવાના કરી છે. અગાઉ બંને કેટલી વખત ડ્રગ લઇ આવી વેચાણ કર્યું છે તે અંગે પણ પોલીસે પૂછપરછ હાથ ધરી છે.

### નજરકેદ અસ્મિતાબાનો સનસનીખેજ આક્ષેપ

# પદ્મિનીબાએ કહ્યું હતું કે, રૂપાલાએ માફી માગી લીધી છે, આંદોલનની જરૂર નથી!


## નવો જ વિવાદ શરૂ થાય તેવી સંભાવના

રાજકોટઃપરસોત્તમ રૂપાલાના વિવાદાસ્પદ નિવેદન બાદ લાઇમ લાઇટમાં આવેલા રાજકોટના પદ્મિનીબા વાળા સામે જામનગરમાં રહેતા રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના મહિલા મોરચાના પ્રદેશમંત્રી અસ્મિતાબા પરમારે સનસનીખેજ આક્ષેપ કરતાં કહ્યું હતું કે, પદ્મિનીબાએ પોતાને ૨૪ માર્ચે બપોરે ૪ વાગ્યે વોઇસ મેસેજથી એવું જણાવ્યું હતું કે, પરસોત્તમ રૂપાલાએ માફી માગી લીધી છે. ત્યારે હવે આંદોલન કરવાની કોઇ જરૂર રહેતી નથી. ત્યારબાદ તેઓએ



આ વોઇસ મેસેજ તાત્કાલિક ડિલીટ પણ કરી નાખ્યો હતો. ક્ષત્રિયોનું આંદોલન ચરમસીમા પર છે ત્યારે છેલ્લા સાત દિવસથી પોલીસની નજરકેદમાં રહેલા અસ્મિતાબા પરમારે કરેલા આ આક્ષેપથી નવો જ વિવાદ શરૂ થાય તેવી સંભાવના જાણકારો વ્યક્ત કરી રહ્યા છે.

# આવાસ કૌભાંડના સૂત્રધાર કવા ગોલતરને સભામાં સ્થાન!



રાજકોટઃઆવાસ કૌભાંડના સૂત્રધાર કવા ગોલતરને પેડક રોડ પર દુર્ગા હોટેલ પાસે ગુરુવારે રાત્રે યોજાયેલી એક સભામાં ભાજપે સ્થાન આપ્યું હતું અને સ્ટેજ પરથી કવા ગોલતરના નામનો ઉલ્લેખ કરીને તેમને સન્માન પણ આપવામાં આવ્યું હતું. આમ ભાજપે ગુજરાતી કહેવત દેખાડવાના અને ચાવવાના જુદા હોવાને સાર્થક કરી બતાવ્યું છે. રાજકોટ શહેર ભાજપે મહિલા કોર્પોરેટર વજીબેન ગોલતર અને દેવુબેન જાદવને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા અને તેમના બન્નેના પતિને પણ પાણીચું પકડાવી દેવામાં આવ્યું હતું. આ સમયે શહેર ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ એવું કહ્યું હતું કે, આ લોકોને હવે કોઇ સભામાં કે પક્ષના કાર્યક્રમમાં સ્થાન નહીં મળે.જોકે શહેર ભાજપ પ્રમુખનું આ નિવેદન માત્ર ગણતરીના દિવસો પૂરતું જ સીમિત રહ્યું હતું. ગુરુવારે પેડક રોડ પર મોદી સભા રાખવામાં આવી હતી. તેમાં ધારાસભ્ય ઉદય કાનગડ, મહામંત્રી અશ્વિન મોલિયા તેમજ કિશોર રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત હતા.આ સમયે આવાસ કૌભાંડના સૂત્રધાર કવા ગોલતરને પણ સભામાં સ્થાન આપવામાં આવ્યું હતું અને સ્ટેજ પર કાર્યક્રમનું સંચાલન કરી રહેલા વ્યક્તિએ આ સભામાં કવાભાઇ ગોલતરની હાજરીની પણ નોંધ લીધી હતી. કવા ગોલતર ભાજપની સભામાં હાજર હતા તે અંગે જાણ થતા કોઈએ આ ક્ષણનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું અને પક્ષના ટોચના નેતાને પણ આ રેકોર્ડિંગ મોકલાવવામાં આવ્યું હતું. અહીંયા પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે, જેને કૌભાંડ સંદર્ભે સસ્પેન્ડ કરવામાં આવ્યા તે લોકો ભાજપની સભામાં સ્થાન મેળવે અને તેને આવકારાય તે કેટલા અંશે વાજબી ગણાય?

# ૩૦ વર્ષીય યુવાનનો આર્થિક ભીંસથી કંટાળી આપઘાત

રાજકોટઃમૂળ સાયલા તાલુકાના કેરાળા ગામના વતની અને હાલ સદરબજારમાં ઠક્કરબાપા હરિજનવાસ શેરી નં-૫માં રહેતા વિનોદ કાનાભાઈ બારૈયા (ઉ.૩૦) નામના યુવાને ગત મોડી રાત્રે પોતાના સસરાના ઘરે ઓરડીમાં લોખંડના એંગલ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. સવારે તેની પુત્રી ઓરડીમાં ઉઠાડવા માટે ગઈ ત્યારે પિતાનો લટકતો મૃતદેહ જોઈ હતપ્રભ બની ગઈ હતી. આ અંગે પરિવારને જાણ થતાં તેઓ દોડી આવ્યા હતાં. આ બનાવની જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પી.એમ.અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક વિનોદ બે ભાઈમાં નાનો અને તેને સંતાનમાં પાંચ દીકરી હોવાનું જાણવા મળ્યું છે. મૃતકને દારૂ પીવાની કુટેવ હતી અને કામધંધો નહીં મળતાં છેલ્લા ૧૫ દિવસથી પરિવાર સાથે સસરાના ઘરે આવી ગયો હતો પરંતુ, અહિં પણ કામ ધંધો મળતો નહીં હોવાથી આર્થિક ભીંસમાં આવી જઈ આ પગલું ભરી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી પાંચ પુત્રીએ પિતાની છત્રછાયા ગુમાવી દેતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

**ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કર્યો**

રાજકોટના કોઠારીયા મેઈન રોડ પર આવેલ રાજલક્ષ્મી સોસાયટીમાં રહેતાં રાજ મહેશ લુણાગરિયા (ઉ.વ.૨૦) ગઈકાલે રાતના ૧૧.૩૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે રૂમમાં પંખાના હુકમાં ચુંદડી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગે પરિવારને જાણ થતાં દોડી આવી ૧૦૮ ને જાણ કરતાં દોડી આવેલ ૧૦૮ ના સ્ટાફે યુવકને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવ અંગે જાણ થતાં ભક્તિનગર પોલીસ મથકનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડી બનાવનું કારણ જાણવા તજવીજ હાથ ધરી હતી. વધુમાં મૃતક યુવક પરિવારનો એકનો એક પુત્ર હોવાનું સામે આવ્યું હતું. પરિવારે યુવાન પુત્ર ગુમાવતાં કલ્પાંત સાથે અરેરાટી છવાઈ હતી.

# સર્વેશ્વર ચોકમાં વોકળા પર બોક્સ કલવર્ટનું કામ અટક્યું,કામગીરી માટે દોઢેક વર્ષનો સમય લાગશે

રાજકોટઃ

રાજકોટનાં સર્વેશ્વર ચોકમાં કરવામાં આવનાર વોકળા પર બોક્સ કલવર્ટનાં કામને આચારસંહિતાનું ગ્રહણ લાગ્યું છે. મનપા દ્વારા ટેન્ડર પ્રક્રિયા ન થતા હવે ચૂંટણી બાદ જુલાઈ-ઓગસ્ટમાં વર્કઓર્ડર અપાશે. તો અંદાજે દોઢેક વર્ષ કામ ચાલે તેવી શક્યતા છે. જેને લઈને વધુ બે વર્ષ સુધી આ ચોકને લાગુ શિવમ કોમ્પલેક્ષ ખાતેની દુકાનો-ઓફિસો બંધ રાખવાની ફરજ પડી છે. હાલ દુકાનધારકોએ પોતાના વેપાર-ધંધા અન્ય સ્થળે ખસેડી લીધા હોવાના બેનર લગાવી દીધા છે.મળતી માહિતી અનુસાર રાજકોટ યાજ્ઞિક રોડ ઉપર સર્વેશ્વર ચોકમાં સપ્ટેમ્બર માસમાં વોકળા દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એક મહિલાએ જીવ ગુમાવ્યો હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતા મનપાએ સર્વેશ્વર ચોકમાં આવેલા શિવમ બિલ્ડીંગને પણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અંતર્ગત સીલ કરી હયાત વોકળાના સ્થાને નવું બોક્સ કલવર્ટ બનાવવાની જાહેરાત કરી હતી. તેવી જ રીતે શિવમ બિલ્ડીંગમાં પણ સ્ટ્રક્ચર રિપોર્ટ તૈયાર કરવા માટે રિપેરીંગનું કામ બિલ્ડર એસો.




દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. જોકે હાલ બોક્સ કલવર્ટની ટેન્ડર પ્રક્રિયા આચારસંહિતાના કારણે સ્થગિત થઈ છે.મહાનગરપાલિકાના બાંધકામ વિભાગમાંથી મળતી માહિતી અનુસાર સપ્ટેમ્બર માસમાં સર્વેશ્વર ચોકમાં વોકળા ઉપરનો સ્લેબ બેસી જતાં દુર્ઘટના સર્જાઈ હતી. જેના કારણે તંત્રએ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્ટેબિલીટી રિપોર્ટ તૈયાર કરવાની સૂચના આપી હતી. જે તૈયાર થતાં રિપોર્ટમાં વોકળા ઉપરનો તમામ સ્લેબ જર્જરીત હોવાનું જણાવ્યું હતું. તેમજ આ સ્લેબને લાગુ શિવમ કોમ્પલેક્ષનો સ્લેબ હોવાથી આ કોમ્પલેક્ષ ભયજનક સ્થિતિમાં હોય તેને સ્ટ્રક્ચર રિપોર્ટ માંગવામાં આવ્યો હતો. આથી જેમાં શિવમ કોમ્પલેક્ષના ઓફિસધારકોએ પ્રાઈવેટ એજન્સી મારફતે સ્ટ્રક્ચર રિપોર્ટ તૈયાર કરી રિપેરીંગનું કામ શરૂ કરવામાં આવ્યું છે.તેની સામે શિવમ કોમ્પલેક્ષની આગળથી પસાર થતાં અને દુર્ઘટના ગ્રસ્ત થયેલા સ્લેબનું સમારકામ થઇ શકે તેમ ન હોય તેથી તમામ દુકાનો-ઓફિસો સીલ કરવામાં આવી હતી. જેને ૭ માસ જેટલો સમય થયો છે અને અનેક ધંધાર્થીઓની રોજગારી છીનવાઈ ગઈ છે. મનપાએ થોડા સમય પહેલા જૂના વોકળાના સ્થાને નવું બોક્સ કલવર્ટ બનાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરી હતી. જેમાં બે એજન્સીએ ટેન્ડર ભર્યું છે. હવે નેગોસીએશન સહિતની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, પરંતુ આચારસંહિતાના કારણે કામ ચાલુ કરવા અને ખર્ચ મંજુર કરવાની દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટીમાં રજૂ થઈ શકી નથી.હવે ચૂંટણી પૂર્ણ થયા બાદ આગામી જૂન માસ બાદ જો સ્ટેન્ડિંગમાં દરખાસ્ત મંજુર થાય તો પણ વર્કઓર્ડર આપવામાં જુલાઈ-ઓગષ્ટ માસ આવી જાય તેમ છે. જેમાં મેહુલ કિચનવેરથી નાગરિક બેંક સુધીના વોકળા ઉપર બોક્સ કલવર્ટ બનાવવામાં આવશે. આ કામગીરી માટે પણ દોઢેક વર્ષ જેટલો સમય લાગી જાય તેમ હોય તેથી શિવમ કોમ્પલેક્ષની તમામ ઓફિસો અને દુકાનો ત્યાં સુધી ખોલી શકાય તેમ નથી. જેને પગલે મોટાભાગના વેપારીઓએ પોતાના વેપાર-ધંધા ટૂંક સમય માટે અન્ય સ્થળે ખસેડી લીધા હોવાના બેનરો લગાવી દીધા છે. આ કોમ્પલેક્ષ હાલ સુમસામ જોવા મળી રહ્યું છે.

# ૨૭ વર્ષીય યુવાન બેભાન થઈ ઢળી પડ્યોઃ હાર્ટએટેકથી મોત

## ત્રણ માસ પહેલાં મોટા ભાઈનું અવસાન થયાં બાદ પરિવારના આધારસ્તંભ નાના ભાઈનું પણ પ્રાણપંખેરૂ ઉડી જતાં અરેરાટી

રાજકોટઃ

શહેરમાં હાર્ટએટેકના બનાવો અવિરત રહ્યા હોય તેમ વધું એક યુવા ઝીંદગીના હદય ધબકારા ચુકી જતાં મોત નીપજ્યું હતું. ભગવતીપરામાં ૨૭ વર્ષીય મનોજ ઝરમરીયા ઘરે હતો ત્યારે બેભાન થઈ ઢળી પડ્યા બાદ તેમનું ટૂંકી સારવારમાં મોત નિપજતાં પરીવારમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. પ્રાપ્ત વિગત મુજબ, ભગવતીપરામાં સ્વામિનારાયણ ડેરી પાસે રહેતાં મનોજભાઈ ચકુભાઈ ઝરમરીયા (ઉ.વ.૨૭) આજે સવારે આઠ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતો ત્યારે અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. જેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.પરંતુ સારવાર કારગત ન નિવડતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે



બી.ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડયો હતો.વધુમાં મૃતકને સ્ટર્લિંગ હોસ્પિટલ પાસેમરચાનો વાળો છે અને બે દિવસ પહેલાં તેઓ દંપતી ઘરે આવતાં હતાં ત્યારે રેલનગર પાસે બાઈક આડે કૂતરું ઉતરતા તેઓને અકસ્માત નડ્યો હતો. બે ભાઈમાં નાનો હતો. તેમના મોટા ભાઈની ત્રણ માસ પહેલાં જ અવસાન થયું હતું. બાદમાં પરિવારના આધારસ્તંભ પુત્રાનું પણ મોત નિપજતાં આક્રંદ છવાયો હતો. મૃતકને સંતાનમાં એક પુત્ર-પુત્રી છે.

# એકલવાયા જીવનથી કંટાળી ગળાફાસો ખાધો

રાજકોટઃજ્યારે ગોંડલ રોડ પર કોઠારીયા સોલવન્ટમાં આવેલા હાઉસીંગ બોર્ડ કવાર્ટરમાં રહેતા સુનિલ ઉમેશભાઈ સોલંકી (ઉ.૩૨) નામના યુવાને ગતરાત્રે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બનાવની જાણ થતાં આજી ડેમ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવાન બે ભાઈમાં મોટો અને તેને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. તેણે એક વર્ષ પહેલા છુટાછેડા લીધા હતાં. આ અંગે પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.આ ઉપરાંત શાપર બેરીંગના કારખાનામાં છૂટક મજૂરી કરીને પોતાનું જીવનનિર્વાહ ચલાવતા અરવિંદભાઈ નાનજીભાઈ જાદવ (ઉ.વ.૨૪, રહે. ગોકુળપરા, શાપર-વેરાવળ) એકલવાયા જીવનથી કંટાળી પોતાના ઘરે બે દિવસ પહેલા ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. તેનો મૃતદેહ બે દિવસ સુધી ગળાફાંસો ખાધેલી હાલતમાં જ લટકતો રહ્યો હતો. પાડોશીઓને દુર્ગંધ આવતા બનાવની જાણ થઈ હતી.


# ડેટીંગ એપ થકી બ્લેઈમેઈલ કરતી ટોળકીએ રત્નકલાકારને શિકાર બનાવ્યો

## મિત્રતા કેળવી વિડીયો વાયરલ કરવા ધમકી આપી રૂા. ૭૫,૦૦૦ માંગીને રૂા.૨૦,૦૦૦ પડાવ્યા

સુરેન્દ્રનગરઃ

સોશ્યિલ મિડીયા પ્લેટફોર્મની અલગ-અલગ ડેટિંગ એપ થકી લોકોની સાથે મિત્રતા કેળવ્યા બાદ હું પણ ગે છું એમ કહી સજાતીય સુખ માણવા અમરોલી વિસ્તારમાં બોલાવી નગ્ન કે અર્ધનગ્ન ફોટો અને વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી રૂપિયા ખંખેરતી સાટીયા ગેંગ વિરૂધ્ધ વધુ એક રત્નકલાકારે ફરિયાદ નોંધાવી છે.

અમરોલી પોલીસે બાતમીના આધારે અંકિત ભરત ત્યાગી (ઉ.વ. ૨૨ રહે. હરગોવન રબારીના મકાનમાં, દેવદીપ સોસાયટી, અમરોલી અને મૂળ. બંસીધર પાર્ક સોસાયટી, ટી.બી હોસ્પિટલની પાછળ, સુરેન્દ્રનગર અને કુફોડા, તા. મનીયા, ઢોલપુર, રાજસ્થાન) અને પશુપાલક સુરેશ




ઉર્ફે સૂર્યો મોતીભાઇ સાટીયા (ઉ.વ. ૨૬ રહે. દેવદીપ સોસાયટી, અમરોલી અને મૂળ. ખોપાળા, તા. ગઢડા, બોટાદ) અને મકાન દલાલ મનોજ મગન ચૌહાણ (ઉ.વ. ૫૨ રહે. સન એવન્યુ એપાર્ટમેન્ટ, અમરોલી અને મૂળ. રામ સોસાયટી, તા. વઢવાણ, સુરેન્દ્રનગર) તથા બાળ કિશોરને ઝડપી પાડયા હતા. જયારે સુરેશના ભાઇ વિજય મોતીભાઇ સાટીયા (ઉ.વ. ૨૩) ને વોન્ટેડ જાહેર કર્યો હતો.ઉપરોકત ટોળકી દ્વારા સોશ્યિલ મિડીયા પ્લેટફોર્મની બ્લુય લાઇવ એન્ડ ડેટિંગ અને ગ્રીન્ડર ઓનલાઇન ડેટિંગ સહિતની અલગ-અલગ ડેટિંગ એપ થકી પુરૂષ સાથે મિત્રતા કેળવી સજાતીય સુખ માણવાના બહાને અમરોલી મેઇન રોડ સ્થિત સહયોગ મેડિકલ નજીક આર્શીવાદ એપાર્ટમેન્ટના ફલેટમાં બોલાવી નગ્ન અને અર્ધનગ્ન ફોટો અથવા વિડીયો ઉતારી વાયરલ કરવાની ધમકી આપી ગાયના ઘાસચારાના નામે પૈસા ખંખેરતા હતા. આ ટોળકી વિરૂધ્ધ અગાઉ બે ફરિયાદ નોંધાય છે. જયારે આજ રોજ મોટા વરાછાના સુદામા ચોક વિસ્તારમાં રહેતા રત્નકલાકારે એપ થકી મિત્રતા કેળવી વિડીયો વાયરલ કરવાની ધમકી આપી રૂ. ૭૫,૦૦૦ની માંગણી કરી રૂ. ૨૦,૦૦૦ પડાવ્યાની ફરિયાદ નોંધાવી છે.

# આર્થીક ભીંસથી કંટાળી કોન્ટ્રાકટરે ઝેરના પારખા કર્યા

રાજકોટઃત્રિકોણ બાગ નજીક આવેલ ગેલેકસી હોટલ પાસે આર્થીક ભીંસથી કંટાળી બાંધકામ કોન્ટ્રાકટરે ઝેરી દવાપી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં ખસેડાયા હતાં.પ્રાપ્ત વિગત મુજબ, મોરબી રોડ પર ઉત્સવ સોસાયટીમાં રહેતાં વસંતભાઈ ભીખાભાઈ કડીયા (ઉ.વ.૪૨) આજે સવારે નવેક વાગ્યાની આસપાસ બેડી ગામ પાસે આવેલ ગેલેકસી હોટલ નજીક ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં સારવારમાં સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતો.બનાવ અંગે સીવીલ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરાઈ હતી.વધુમાં મળેલ વિગત મુજબ આપઘાતનો પ્રયાસ કરનાર વસંતભાઈ કંટ્રકશનનો વ્યવસાય કરે છે. અને તેમને એક મકાનનું કંટ્રકશનનું કામ આઠ લાખ રૂપિયા રાખેલ હોય.જે બાદ મકાન માલીકે આ કામ ગમતું નથી તેવું કહી રૂપિયા આપવા નથી તેમ કહ્યું હતું. બાદમાં કામ પર રહેલ મજુરોએ મંજુરીની ઉધાણી શરૂ કરતાં તેઓએ પગલું ભર્યાનું પ્રાથમિક તારણ બહાર આવ્યું હતું.બનાવ અંગે પોલીસે વધુ તપાસ યથાવત રાખી છે.

# ઈસરો સૂર્યમંડળનો કોર્સ શરૂ કરશે, વૈજ્ઞાનિકો લેક્ચર લેશે

રાજકોટઃભારત સરકારના ઈસરો દ્વારા અવકાશ વિજ્ઞાનમાં રુચિ ધરાવતા લોકો માટે સૂર્યમંડળ વિશે માહિતી આપતા 'એક્સપ્લોરેશન ઓફ સોલાર સિસ્ટમ' નામના ઓનલાઈન કોર્સની શરૂઆત થશે. આ માટે ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર કચેરીને મુખ્ય નોડલ સંસ્થા અને આ કચેરી હેઠળ કાર્યરત રિજિયોનલ સાયન્સ સેન્ટર રાજકોટને પેટા નોડલ સેન્ટર તરીકે નીમવામાં આવી છે.આ ઓનલાઈન કોર્સમાં ભાગ લેવા માટે નિયત લિંક https://elearning.iirs.gov.in/edusatregistration/studen ઉપર તા.૧૯ એપ્રિલ સુધીમાં રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. આ કાર્યક્રમ તા.૨૪ એપ્રિલથી ૧૦ મે સુધી યોજાશે. જેનો સમય બપોરે ૩થી સાંજે ૫.૩૦ કલાકનો રહેશે. આ કોર્સમાં ઈસરોના વિવિધ વૈજ્ઞાનિકો અને તજજ્ઞો દ્વારા અંતરીક્ષ અને સૂર્યમંડળ વિશે આશરે ૨૦ જેટલા ઓનલાઈન લેક્ચર દ્વારા માહિતી અપાશે.આ કોર્સમાં ભાગ લેવા ત્રણ કેટેગરી નિયત કરી છે. જેમાં પ્રથમ કેટેગરીમાં વિજ્ઞાન અને ટેક્નોલોજી આધારિત કોર્સ (ફિઝિક્સ, કેમિસ્ટ્રી, કમ્પ્યૂટર સાયન્સ, મિકેનિકલ, ઓટોમેશન, ઈલેક્ટ્રોનિક્સ એપ્લાઈડ મિકેનિક્સ, રેડિયો ફિઝિક્સ અને અન્ય સંબંધિત વિષયો વગેરે) માં માસ્ટર ડિગ્રીમાં અભ્યાસ કરતા તેમજ આ વિષયોના ગ્રેજ્યુએશનમાં છેલ્લા વર્ષના વિદ્યાર્થીઓ પોતાનું રજિસ્ટ્રેશન કરાવી શકે છે.બીજી કેટેગરીમાં અન્ય વિદ્યાર્થીઓ કે વ્યક્તિ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકે છે જે માટે તેઓને પાર્ટિસિપેશન સર્ટિફિકેટ મળશે. કેટેગરી એક અને બે માટે ઓનલાઈન ઈ-ક્લાસમાં જોડાવાનું રહેશે જેમાં ૭૦% હાજરી ફરજિયાત છે. સાયન્સ સેન્ટર-રાજકોટ ખાતે પણ આ કોર્સના ઓનલાઈન સેશનની વ્યવસ્થા કરવામાં આવશે જે નિઃશુલ્ક રહેશે.

# ચેક રિટર્ન કેસઃડિલક્સ ટ્રેડિંગના માલિકને એક વર્ષની સજા

રાજકોટઃરાજકોટના દુર્ગા ઇન્ડસ્ટ્રીઝને રાઉન્ડ બાર અને ફોર્જિંગ પાર્ટસની ખરીદી પેટે ડિલક્સ ટ્રેડિંગના માલિકે આપેલો રૂ.૭.૮૫ લાખનો ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે આરોપીને ૧ વર્ષ કેદની સજા અને ચેકની રકમ વળતર પેટે ૬૦ દિવસમાં ચૂકવી આપવા હુકમ કર્યો છે.આ કેસની વિગત એવી છે કે, લોધિકા તાલુકાના પારડી ગામે સિદ્ધેશ્વર રેસિડેન્સીમાં રહેતા દુર્ગા ઇન્ડસ્ટ્રીઝના ભાગીદાર સત્યેન્દ્ર રામનાથ યાદવ અને તેના પત્ની દુર્ગાદેવી પાસેથી નજીક જ રહેતા ડિલક્સ ટ્રેડિંગના પ્રોપરાઇટર સંતોષ પ્રજાપતિએ રાઉન્ડ બાર અને ફોર્જિંગ પાર્ટસની ખરીદી કરી તે પેટે તા.૩૧-૩-૨૦૧૮નો રૂ.૭.૮૫ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક બેંક ખાતામાં અપૂરતી બેલેન્સના કારણે પરત ફરતા દંપતીએ આરોપીને લીગલ નોટિસ પાઠવ્યા બાદ અદાલતમાં ચેક રિટર્નની ફરિયાદ કરી હતી. જે કેસ ચાલી જતા લોધિકા જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ આર.કે. જાનીએ સંતોષ પ્રજાપતિને ૧ વર્ષની રજા અને ચેકની રકમ વળતર પેટે ૬૦ દિવસમાં ચૂકવી આપવા હુકમ કર્યો હતો.